ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 09 Date : 16-01-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૩) |
| પ્રવીણ પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૩ : સોક્રેટિસ અને એક ભારતીય મુસ્લિમ વચ્ચે કાલ્પનિક સંવાદ |
| રોહિત શુક્લ | ૦૮ | શિક્ષણ : પરિકલ્પન અને પરિણામ |
| રજની દવે | ૧૨ | ગ્લૉબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો - ૨૩ (કોપ-૨૯) |
| રામચંદ્ર ગુહા | ૧૪ | મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ - ૪ |
| યશવન્ત મહેતા | ૧૬ | માંગને સે જો મૌત મિલ જાએ... |
| મનસુખ સલ્લા | ૧૮ | જીવન દેવતાને ચરણે અર્ઘ્ય |
| કિશોર મિસ્ત્રી, વર્ષા શાહ | ૨૨ | ‘કોશિશ મિલાપ’નાં ૧૪ વર્ષ |
| રમેશ ઓઝા | ૨૩ | હંગર ઇન્ડેક્સ : ભૂખમરામાં ભારત ક્યાં? |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ત્રણ પેઢી |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.9 1925 Date : 16-01-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
ભૂમિપુત્ર
माता भूमिः पुत्रो अहं पृथिव्याः

# મનને જાણીએ (૩)

❍ વિનોબા ❍

## મનનું સ્વરૂપ અને ચિત્તશોધન

આપણા મનમાં જે જે કલ્પના તરંગો ઊછળતા રહે છે, તે ક્યાંક ને ક્યાંક વિશ્વરૂપમાં અસ્તિત્વમાં હોય જ છે. બસ આપણે એને જોયા નથી, જાણ્યા પણ નથી. તમારી પાસે એવું તો કયું માનસિક સ્વાતંત્ર્ય છે કે જે આખા વિશ્વમાં ક્યાંય નથી - અને જે તમને સૂઝી આવશે ? જો તે મૂળમાં વિશ્વમાં હશે જ નહીં તો કોઈના પણ દિમાગમાં આવો વિચાર કેવી રીતે આવી શકે ? આનો તો અર્થ એટલો થાય કે અમુક તમુક પ્રકારની કલ્પના મને સૂઝવા લાગી છે તો તે ક્યાંક ને ક્યાંક આ વિશ્વરૂપમાં પડેલી છે.

### મન વેગવાન

મનનો વેગ તો પ્રસિદ્ધ જ છે. આ મનનું ઉડ્ડયન પણ કેટલું બધું વિશાળ અને વ્યાપક છે - ત્રણેય કાળ, દસ દિશાઓ, અંતર્બાહ્ય સૃષ્ટિ, અસૃષ્ટિ અને પ્રતિસૃષ્ટિ ! મનની ગતિને કોઈ સીમા જ નથી. વિજ્ઞાને સિદ્ધ કરી આપ્યું કે પ્રકાશની ગતિ સૌથી વધુ તેજ છે. પ્રકાશ એક સેકન્ડમાં લગભગ ત્રણ લાખ કિલોમીટર જાય છે. પરંતુ મનની ગતિ તો એટલી બધી અદ્‌ભુત છે કે તેની સાથે પ્રકાશની ગતિની કોઈ સરખામણી જ ન થઈ શકે. મનની ગતિ પ્રચંડ છે. 'मनोजवम्' શબ્દ છે. જવ અર્થાત્ ગતિ, વેગ, પ્રેરણા. આ દુનિયામાં મનનો રથ સૌથી વધુ વેગીલો છે. એની ગતિ એટલી બધી તેજ છે કે તેની કોઈ સીમા જ નથી.

આ આસમાનના તારાઓ આપણી પૃથ્વીથી કરોડો માઈલની દૂરી પર છે. ચંદ્રમા પણ લાખો માઈલ દૂર છે. પરંતુ આપણું મન તો ક્ષણમાત્રમાં ત્યાં પહોંચી જાય છે. હવે આનાથી વધારે વેગવાન રથ ક્યો હોઈ શકે ? ઉપનિષદ આત્મતત્ત્વને તો મનથી પણ વધારે ગતિશીલ બતાવે છે - मनसो जवीयः । આમ મનથી પણ વધારે ગતિવાન કોઈ ચીજ છે તો તે આત્મા છે. પ્રકાશની ગતિ કરતાં મનની ગતિ વધુ તેજ છે. અને મનથી પણ વધુ ગતિ ઈશ્વરની છે, આત્માની છે. જે કોઈને પણ એનો સાક્ષાત્કાર થાય છે, એની શક્તિ મર્યાદિત રહેતી નથી.

ભગવાન બુદ્ધનું એક વચન છે :

अभित्वरेत कल्याणे पापात् चित्तं निवारयेत्
तंद्रितं कुर्वतः पुण्यं पापे हि रमते मनः ।

આનો ભાવાર્થ એ છે કે આપણે કોઈ પણ પ્રકારના કલ્યાણ કાર્યમાં ત્વરા કરવી જોઈએ, આપણા મનને પાપમાંથી દૂર કરવું જોઈએ. પુણ્ય કાર્ય કરવામાં આળસ કરવાથી જાણે-અજાણ્યે મન પાપમાં રમમાણ થવા લાગે છે.

સમજવાની વાત એ છે કે મન બહુ વેગવાન છે. એ હિસાબે આ શરીરની ગતિ અત્યંત મંદ છે. ચિત્ત જેટલું દોડી શકે એટલું શરીર ન દોડે. એમાં પણ જો એની અંદર આળસે પ્રવેશ કર્યો તો એ બંને વચ્ચેનું અંતર વધતું રહેશે અને મનને મનાવી નહીં શકાય. અને પછી તો મન બીજી બાજુ ભાગવા લાગશે.

સાધક સંકલ્પ કરી લે કે મનમાં એક પણ અસત્-વિચાર આવે જ નહીં. તો આના માટે સાધક પાસે શરીર અને ઇંદ્રિયો દ્વારા સત્કર્મયોગનું આચરણ કરાવી લેવાનો બાહ્ય કાર્યક્રમ નિશ્ચિત થઈ જાય. પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ બાહ્ય કાર્યક્રમમાં પણ એટલી બધી ગતિ રહેવી જોઈએ કે એના લીધે મનને બીજું કંઈ પણ વિચારવાનો સમય જ ન મળી શકે. એટલા માટે જ તો આ કર્મયોગને અતંદ્રિત રહીને કરતા રહેવો જોઈએ. શિથિલતા, મંદતા, સુસ્તી, ધીરે ધીરે કામ કરવું, આળસ, પ્રમાદ - આ બધા તમોગુણનાં જ રૂપ છે. આ કર્મયોગમાં જો શાંતિને બદલે કોઈ તમોગુણનું મિશ્રણ થયું, તો બહાર ભલે આ શરીર સત્કર્મમાં રચેલું-પચેલું જણાય, પણ મન તો અસત્-વિચારો તરફ જ ઝૂકવા લાગશે.

### અંતર્મન

માણસ ભલે બાહ્ય મનમાં ગમે તેટલી વિદ્યાઓ ગ્રહણ કરે, પણ તે પોતે વિદ્યાના કેન્દ્રસ્થાને નહીં આવી શકે. એક બાજુએ જ રહી જશે. પરંતુ અંતર્મનમાં તે આખા વિશ્વનો સાક્ષીત્વ ભાવ અનુભવશે - જ્યાં અનેકવિધ નાદ હોય છે, અંતઃશબ્દ હોય છે, વિનોદ-લીલાઓ હોય છે, કૌતૂક અને આનંદ પણ હોય છે. માણસને જ્ઞાનાવસ્થામાં ભરપૂર જ્ઞાન મળે છે અને એમાં એ માણસ આખી સૃષ્ટિના મધ્યબિંદુમાં પહોંચે છે. એને આ આખા વિશ્વની અનુભૂતિ એના અંતર્મનમાં થાય છે, બહિર્મનમાં થતી નથી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ત્યારે માણસ પોતાની જાતને વિશ્વના કેન્દ્રમાં પામે છે. આ અનુભૂતિ એ ફક્ત ઇંદ્રિયોના આધારે, તર્ક દ્વારા - જેવી રીતે આજે સૃષ્ટિનું જ્ઞાન થતું હોય છે - તેવી રીતે નહીં પણ અંતર્મનમાં થાય છે. જે કોઈ પોતાને મધ્યબિંદુ સ્થાને જુએ છે, એને મંગળદર્શન જ થશે.

### મન રજોગુણાત્મક

આ માણસ મનથી બન્યો છે. જ્યારે પણ આપણે મનની દૃષ્ટિથી આ વિચારીએ છીએ તો તેમાં સત્ત્વગુણ સર્વશ્રેષ્ઠ, રજોગુણ એનાથી ઓછો મહત્ત્વનો અને તમોગુણ તો એનાથી પણ ઓછું મહત્ત્વ ધરાવે છે. આપણું આ શરીર એ તો તમોગુણનું પૂતળું છે. ઇંદ્રિયો અને મન રજોગુણપ્રધાન છે - જેમાં સંકલ્પ-વિકલ્પ ઊઠ્યા કરે છે. બુદ્ધિ સત્ત્વગુણયુક્ત છે, કેમ કે તે જ્ઞાનસંપન્ન છે અને આપણે આ ત્રણેય ગુણોથી પર છીએ, ભિન્ન છીએ.

બુદ્ધિમાં સત્ત્વ છે, મન અને ઇંદ્રિયોમાં રજ છે, અને શરીરમાં તમ છે પરંતુ આત્મા તો ગુણાતીત છે. ત્યારે જિજ્ઞાસા થાય કે આવી વ્યવસ્થા હોવા છતાં પણ સત્ત્વપ્રધાન બુદ્ધિ ક્યાં કામ કરતી હશે ? કેમ કે એ તો ઇંદ્રિયોને આધીન થઈને, મનના નિયંત્રણમાં રહીને બેકાર બનેલી છે.

### મન અચેતન

આ મન, આ દેહ, આ ઇંદ્રિય, આ પ્રાણ વાસ્તવમાં જડ છે. આ સમજવું અઘરું છે. મન જડ હોવા છતાં કોઈના સાંનિધ્યમાં તે અજડાત્મ (અર્થાત્ ચેતન) રૂપ ભાસિત થાય છે. શંકરાચાર્ય પણ કહે છે કે મન અચેતન હોવા છતાં આત્માના સાંનિધ્યમાં તે ચેતન ભાસે છે.

### બે ચિત્ત, ઊંચું-નીચું

માણસમાં બે ચિત્ત કામ કર્યા કરે છે - એક નીચું અને એક ઊંચું. આ બંને હમેશાં સાથે ચાલે છે. જે માણસ વિવેકી છે તે હમેશાં પોતાના નીચલા ચિત્તને ઉપરના ચિત્તના નિયંત્રણમાં રાખે છે, તે સ્વૈર વૃત્તિને સ્વતંત્રતા માનતું નથી. પરિણામે મોકો ન મળવાને લીધે નીચલું મન ધીમે ધીમે કુંઠિત થવા લાગે છે. અને પછી ઊંચું ચિત્ત જ રહે છે. આ ઊંચા ચિત્તનો સમુચિત ઉપયોગ કરવા માટે, એમાં વિશેષ શક્તિ ભરવા માટે પણ એનાથી ઉપર ઊઠવું પડે છે. આ તે પછીની અવસ્થા છે.

શંકરાચાર્ય કહે છે, मनसा मन आलोक्य - અર્થાત્ મનથી મનનું નિરીક્ષણ કરીએ. અહીં પહેલું મન છે હાયર માઈન્ડ, (ઉપરનું મન) અને બીજું મન લોઅર માઇન્ડ (નીચેનું મન) છે અને જ્યારે આવું થાય છે, ત્યારે આત્મા પ્રકાશિત થાય છે.

નીચેવાળું મન - દેહાસક્ત.
ઉપરવાળું મન - આત્મપ્રવણ

### સુપ્ત મન

એવું નથી કે સુપ્ત મનમાં દોષ હોતા નથી. પરંતુ એ હોય તો પણ એને દૂર કરવાના ઉપાયો મારા અનુભવથી કહું તો, ઉપેક્ષા જ માન્યો છે. યોગસૂત્ર કહે છે કે પાપને ઉપેક્ષાથી દૂર કરો. હું આ બધાં પાપોને લાગુ કરતો નથી. હું આ બીજાનાં પાપોને અને પોતાનાં ખુદનાં સુપ્ત મનના અથવા અજ્ઞાત (અપરિચિત) પાપોને લાગુ કરું છું.

### મનની અવસ્થાઓ

હું જાગૃતિમાં મનની ત્રણ અવસ્થાઓને અનુભવું છું. ૧ ભાવિકતા, ૨. નૈતિકતા, ૩. શૂન્યતા.

## ચિત્તશોધન

આપણે દરરોજ થોડોક સમય ધ્યાન માટે આપવો જોઈએ. ધ્યાનની શરૂઆતમાં આપણે આપણા ચિત્તસંચારને જોવાનો છે. જેમ કે ચિત્ત ક્યાં-ક્યાં જાય છે, તે બરાબર જોઈને પછી તેની પાછળ પાછળ જવાનું છે. અને પછી ધ્યાન કરી લીધા બાદ તે બધું લખી લેવાનું છે. આવી રીતે દસ બાર દિવસ સુધી આપણે ચિત્ત-સંચાર સાક્ષીત્વનો અભ્યાસ કરીએ, ચિત્ત ક્યાં જાય છે અને શા માટે જાય છે - તે સમજીશું તો ખ્યાલ સ્પષ્ટ થશે કે જેવી રીતે બળદ પોતાના નિશ્ચિત રસ્તાઓ પરથી જ પસાર થતા હોય છે, એવી રીતે ચિત્તના પણ આવા જ પાંચ-પચીસ રસ્તાઓ હોય છે. અને મોટાભાગે આપણું ચિત્ત ત્યાં જ ભટકતું રહેતું હોય છે. અથવા તો કેટલાક રસ્તાઓનું 'કૉંબીનેશન' (મિશ્રણ) કરી દે છે. આપણે આ ચિત્તનો દરરોજ પીછો કરીશું અને તેના પર સંપૂર્ણતાથી વિચારીશું, તો બિચારું ચિત્ત થાકી જશે. એ ચિત્તને પણ ધ્યાનમાં આવી જશે કે આ માણસ તો પોતાને ચિત્તથી અલગ સમજી રહ્યો છે, એટલે પછી તે આડા અવળે જવાનું છોડી દેશે. એ ચિત્ત જોશે કે આ માણસ તો મારો ફોટો પાડી રહ્યો છે, તો તે હાર માની લેશે.

થોડા દિવસો પછી ચિત્તને કહેવામાં આવે કે તું આજ સુધી બહુ ભટક્યું, હવે થોડી વાર રોકાઈ જા. આને નિરોધ-પ્રક્રિયા કહે છે, જે સાક્ષીત્વના અનુભવ પછી સધાતી હોય છે. ચિત્ત ક્યાં-ક્યાં જાય છે, તેનો નકશો, ભૂગોળ ખબર પડી ગયા પછી તેના પર નિરોધ સાધી શકાય. અને પછી ચિત્તને બીજે ક્યાંય પણ ભટકવા ન દેવામાં આવે અને મૂળ વિષય પર તેને સ્થિર કરવામાં આવે. જેમ કે કોઈ એક વિષય પર, કોઈ પ્રિય

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૩) |
| પ્રવીણ પટેલ | ૪ | સૉક્રેટિસ ઉવાચ-૩ |
| રોહિત શુક્લ | ૮ | શિક્ષણઃ પરિકલ્પન અને પરિણામ |
| રજની દવે | ૧૨ | ગ્લોબલ વૉર્મિંગ -૨૩ |
| રામચંદ્ર ગુહા | ૧૪ | મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ-૪ |
| યશવન્ત મહેતા | ૧૬ | માંગને સે જો મૌત મિલ જાએ.... |
| મનસુખ સલ્લા | ૧૮ | જીવન દેવતાને ચરણે અર્ઘ્ય |
| કિશોર મિસ્ત્રી, વર્ષા શાહ | ૨૨ | 'કોશિશ મિલાપ'નાં ૧૪ વર્ષ |
| રમેશ ઓઝા | ૨૩ | હંગર ઇન્ડેક્સ : ભૂખમરામાં ભારત ક્યાં ? |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ત્રણ પેઢી |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મંત્ર પર અથવા કોઈ પણ સગુણ રૂપ પર – કે જેમાં ચિત્તની શ્રદ્ધા છે, ત્યાં ચિત્તને સ્થિર કરવામાં આવે. આ બધું કરવા માટે આપણને થોડાક દિવસો સુધી આવા પ્રકારનાં આલંબનોની જરૂર પડે છે. ત્યાર બાદ તો અનુભવ આવશે કે વગર આલંબને પણ ચિત્ત તો પોતાના સ્થાન પર જ છે, શાંત છે. આમ, ચિત્ત-સંચાર-સાક્ષિત્વ, પછી ચિત્ત-સંચાર-નિરોધનો પ્રયત્ન અને એના માટે લેવાયેલ સગુણ આલંબન અને છેલ્લે આલંબન વગર શાંતિ અને સ્થિરતા. -આ પ્રક્રિયા રહેશે.

આપણે નિત્ય આત્મપરીક્ષણ કર્યા કરીએ અને પછી આપણા ચિત્તમાં જે કાંઈ અયોગ્ય વાતો હશે, એને દૂર કરતા રહીએ. જે યોગ્ય છે એને જ પ્રકટ કરતા રહેવું જોઈએ. આવી રીતે દરરોજ પરીક્ષણ થતું રહેવું જોઈએ. આપણે જેવી રીતે આપણા બાહ્ય વ્યવહારોનો હિસાબ-કિતાબ રાખીએ છીએ, એવી રીતે ભીતરી મનનો પણ હિસાબ કરવો જોઈએ. ક્યા દરવાજા ખોલવા અને કયા બંધ કરવા – તે આપણા હાથમાં છે કે નહીં, તે જોતા રહેવું – આ કોઈ અઘરું કામ નથી. જેને ઘણો બધો અહંકાર છે, બહુ મોટી મોટી આકાંક્ષાઓ છે, તેમની વાત જુદી છે. પરંતુ જે માણસને કેવળ કામ કરીને તેનાથી અલગ થઈ જવું છે, એના માટે આ એકદમ સરળ છે.

ક્યારેક એકાંતમાં ધ્યાન માટે બેસીએ છીએ, તો મન આડું-અવળું દોડે છે, ધ્યાન સધાતું નથી. પણ તો યે આનો લાભ મળે જ છે કે આપણને આપણું મન ક્યાં-ક્યાં ગયું તેનો ખ્યાલ આવે છે. જ્યારે કોઈ કાર્યમાં મશગૂલ રહીએ છીએ, તો ત્યાં પણ ચિત્ત આડું-અવળું ભટકતું નથી, તો ચિત્તની રુચિનો ખ્યાલ આવે છે. મનને પારખવાનો એક મોકો ધ્યાનમાં આવે છે. આપણે અનુભવીએ છીએ કે સવારે જ્યારે પ્રાર્થનામાં બેઠાં હતાં, ત્યારે મન પ્રાર્થનામાં નહોતું. બરાબર એ જ સમયે એક પક્ષી જોરથી બોલેલું, એ સાંભળીને યાદ આવ્યું કે આજથી બાર વર્ષ પહેલાં દિલ્હીમાં આવો જ અવાજ સાંભળેલો અને પછી તો દિલ્હીમાં જે માણસના ઘરે ગયેલાં, એમની યાદ આવી.

વાતચીતમાં જ એમણે કહેલું કે એમનો એક દીકરો રેલવેની મુસાફરીમાં મરી ગયેલો, એના પરથી મુસાફરી યાદ આવી, ક્યાં-ક્યાં ગયાં હતાં – મુંબઈ – નાગપુર વગેરે. આમ મન જ્યારે અહીંથી ત્યાં અને ત્યાંથી બીજી જગ્યાએ દોડતું રહે છે તો એને માટે પણ એને અનુબંધ (કનેક્શન)ની જરૂર પડે છે. આવી રીતે તમારે દસથી વીસ વખત મનના આ ચિત્રપટને લખી રાખવું અને ત્યાર બાદ જાણે બીજા કોઈનું ચરિત્ર વાંચતા હોઈએ, એમ આપણે આપણું લખેલું વાંચવું. ધ્યાનમાં રાખવું કે તમે જે વાંચો છો તે તમારું નથી, પણ તમારા મનની દોડધામ છે. આ મન વારંવાર ક્યાં જાય છે, તેની બારીકીથી નોંધ લઈએ છીએ ત્યારે મનની આસક્તિનું સ્થાન જાણી-સમજી શકાય છે. માટે જ આપણો હવેનો પ્રયત્ન એ થવો જોઈએ કે એ આસક્તિ તરફ મનને જવાનો મોકો ન મળે તે જોતા રહેવું જોઈએ.

બીજું સમજવાનું છે કે ધ્યાન કરતી વખતે ચિત્ત એટલા માટે એકાગ્ર થતું નથી, કે એને સૂચના (નોટિસ) મળે છે કે 'ચૂપ બેસ'. જેવી 'ચૂપ બેસ'ની સૂચના મળી કે તરત જ ચિત્ત દોડવા લાગે છે, પછી તે ભલે ને પંઢરપુર જાય કે પાયખાનામાં જાય. જો પંઢરપુર જશે તો તે સારી જગ્યાએ ગયું ગણાશે અને પાયખાના તરફ ગયું તો તે ગંદી જગ્યા ગણાશે. પરંતુ આ બંને જગ્યાઓમાં, છેવટે ધ્યાનમાં તો વિઘ્ન આવ્યું જ, ચિત્ત ઉપર આપણો અંકુશ રહ્યો નહીં. ચિત્ત ઉપર અંકુશ સધાયો કે નહીં, તે જોવું હોય તો સાધક માટે ધ્યાન જ એક કસોટી છે, તે સિવાય બીજી કોઈ કસોટી નથી.

આપણે આપણી પોતાની ચિત્તશુદ્ધિ કરવી છે તો અત્યંત જરૂરી છે કે વચ્ચે વચ્ચે આપણે આપણું પોતાનું ચિત્ત ફંફોસવું જોઈએ. પોતાનું શોધન જાતે જ કરવું જોઈએ. અને એ કરવા માટે લીધેલા કર્મમાંથી થોડોક સમય તેમાંથી અલિપ્ત થઈને આંતરિક ચિંતન કરતા રહેવું જોઈએ, આત્મામાં સ્થિર થતા અને આપણા લીધેલા કર્મની તરફ તટસ્થતાથી જોતા રહેવું જોઈએ. આ તે કર્મની શુદ્ધિ-પુષ્ટિ અને વૃદ્ધિ માટે જરૂરી છે. હમેશાં પોતાના મનની ચકાસણી કરવી એ ઉન્નતિ માટે મદદરૂપ નીવડતી હોય છે. આપણે બીજાના ચોકીદાર નથી બનવાનું, આપણું કામ તો સ્વચિત્ત-શોધનનું છે. બીજાના ચિત્તને તપાસવાનું નથી.

પાતંજલ યોગનો ઉદ્દેશ્ય ચિત્તશોધન દ્વારા આત્મપ્રાપ્તિ કરવાનો છે. આત્મપ્રાપ્તિ સ્વતંત્રરૂપે પણ થઈ શકે છે અને ચિત્તશોધન દ્વારા પણ થઈ શકે છે. ચિત્તશોધન દ્વારા તે સરળ બને છે. શુદ્ધ ચિત્તમાં આત્માનું પ્રતિબિંબ સારું દેખાય છે. (ક્રમશઃ)

## વાંચન થાળ

- **યોગયુક્તા પ્રકાશન –** ઇ-૧૦૨ ચંદ્રનગર કોલોની, સુવર્ણ લક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયારોડ,વડોદરા -૧૯. મો. ૯૪૨૭૫૪૦૧૯૫

○ શ્રી અરવિન્દ રચિત ગ્રંથ 'The LifeDivine' નો સમૂહ અભ્યાસ-ગ્રંથ ૧ : પ્રકરણ ૮ થી ૧૪ મૂળ અંગ્રેજી. લે. શ્રદ્ધાવાન, ગુજરાતી અનુવાદ : કિરીટ ઠક્કર, પૃષ્ઠ ૪૪૮, મૂલ્ય : રૂ. ૩૦૦. શ્રી અરવિન્દનો ગ્રંથ 'The LifeDivine' સહેલાઈથી સમજી શકાય તેવો નથી. સાવિત્રી ભવન, ઑરોવિલ મુકામે શ્રદ્ધાવાનજીએ 'The LifeDivine' ના સમૂહ અભ્યાસ દરમ્યાન અંગ્રેજીમાં આપેલાં પ્રવચનોના આધારે તૈયાર થયેલા ગ્રંથના ગુજરાતી અનુવાદનું શ્રી કિરીટભાઈ ઠક્કરે આ પુસ્તક તૈયાર કર્યું છે. આ જ શ્રેણીમાં 'The LifeDivine' નાં




પ્રથમ સાત પ્રકરણો નવેમ્બર : ૨૦૨૧માં ગ્રંથરૂપે પ્રકાશિત થયાં હતાં. આ જ પ્રમાણે પ્રકરણ ૧૫ થી ૨૧નું વિવરણ કરતો ગ્રંથ પણ તૈયાર થશે. રસ ધરાવતા મિત્રો આ ગ્રંથોનો લાભ લઈ શકે છે.

"The Life Divine is not philosophy but fact. It contains what I have realised and seen...

- Sri Aurobindo



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોક્રેટિસ ઉવાચ-૩ : સોક્રેટિસ અને એક ભારતીય મુસ્લિમ વચ્ચે કાલ્પનિક સંવાદ

*(સોક્રેટિસની સંવાદ પદ્ધતિનાં સામાન્ય રીતે બે મુખ્ય લક્ષણો જોવા મળે છે. જેને પ્રાચીન ગ્રીક ભાષામાં ઈલેન્કસ (elenchus) અને એપોરીઆ (aporia) કહેવામાં આવે છે. ઈલેન્કસ એટલે ઊલટ તપાસ (cross examination). આવી ઊલટ તપાસ દ્વારા સોક્રેટિસ તેની સાથે સંવાદમાં જોડાયેલ વ્યક્તિને પ્રશ્નો પૂછી પૂછીને તેના વિચારોનું પરીક્ષણ કરે છે. આ પ્રક્રિયા દ્વારા સોક્રેટિસ સામા વાળાને તેના મુદ્દા સ્પષ્ટ કરવા, તેની માની લીધેલી ધારણાઓ પાછળના પુરાવા અને તર્કની આલોચનાત્મક સમીક્ષા કરવા, વૈકલ્પિક દષ્ટિકોણનું અન્વેષણ કરવા, અને તેની માની લીધેલી ધારણાઓનાં સંભવિત પરિણામો વિષે વિચાર કરવા પ્રેરે છે. તથા આ પ્રક્રિયા દ્વારા સોક્રેટિસ તેની સાથે સંવાદમાં જોડાયેલ વ્યક્તિમાં મૂંઝવણ એટલે કે એપોરિઆ પેદા કરે છે. જેથી તે વ્યક્તિ ચર્ચા હેઠળના મુદ્દા અંગે ઊંડું ચિંતન કરવા અને પોતાના અભિપ્રાયો અંગે પુનર્વિચાર કરવા બાધ્ય થાય છે.*

*આ સમગ્ર પ્રક્રિયામાં સોક્રેટિસ દાખલા-દલીલો દ્વારા અભિપ્રાય (doxa) અને સાચા જ્ઞાન (episteme) વચ્ચેનો તફાવત સમજાવવાનો પ્રયત્ન કરે છે. ઘણી વાર આપણે અભિપ્રાયને આધારે જ ચર્ચા કરતા હોઈએ છીએ. પણ જ્ઞાન અને અભિપ્રાય વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. સામાન્ય રીતે જે બાબતો વસ્તુલક્ષી (objective) હોય, તાર્કિક કે નક્કર હકીકતો ઉપર આધારિત હોય, તે વિષે આપણે જ્ઞાન મેળવી શકીએ છીએ. તેના વિષે ખાસ વિવાદ નથી થતો. પરંતુ, જે બાબતો આત્મલક્ષી (subjective) હોય, મૂલ્યો ઉપર આધારિત હોય, તેમના વિષે આપણે માત્ર અભિપ્રાય ધરાવીએ છીએ. આવા અભિપ્રાયોની સત્યાસત્યતા વિષે આપણને ચોક્કસ ખાતરી હોતી નથી. તેથી તે અંગે મતભેદ હોઈ શકે છે અને વિવાદ થઈ શકે છે. અભિપ્રાયો દરેક વ્યક્તિના અલગ અલગ હોઈ શકે છે અને એક જ વ્યક્તિના અભિપ્રાયો પણ સમયાંતરે બદલાતા હોય છે. જ્યારે જ્ઞાન સુસંગત રહે છે. જ્ઞાન ચોક્કસ અને અકાટ્ય હોય છે, જ્યારે અભિપ્રાયો ખોટા હોઈ શકે છે. વાદ-વિવાદ મંતવ્યોની વિવિધતામાંથી ઉદ્ભવે છે, જ્યારે જ્ઞાન નિર્વિવાદ હોય છે. જ્ઞાન પુરાવા, તથ્યો, અને તર્ક દ્વારા સમર્થિત માન્યતા હોય છે. તે સચોટ અને ચકાસી શકાય તેવી હોય છે. તેથી જ્ઞાનનો સ્વીકાર અનિવાર્ય હોય છે, જ્યારે અભિપ્રાયો અંગે કાયમ મતભેદ હોઈ શકે છે. સોક્રેટિસનો આગ્રહ જ્ઞાનપ્રાપ્તિ પર હોય છે.*

*ભારતની શાળા-કૉલેજોમાં વિદ્યાર્થીઓની યાદશક્તિ પર વધુ ભાર મુકાતો જોવામાં આવે છે. તેની સાથે સાથે, જો વિશ્વની કેટલીક સર્વોત્તમ વિદ્યા સંસ્થાઓમાં કરવામાં આવે છે તેમ, આપણી શિક્ષણ સંસ્થાઓમાં પણ આવી સોક્રેટિસની સંવાદ પદ્ધતિ દ્વારા શિક્ષણ અપાય તો આપણા વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક અને મૌલિક ચિંતન કરવાની ક્ષમતા વધુ ખીલી શકે તેમ છે. સોક્રેટિસની સંવાદ પદ્ધતિ પર આધારિત આ કાલ્પનિક સંવાદ શ્રેણીનો એક હેતુ જુદા જુદા મુદ્દાઓ પર તાર્કિક ચર્ચા કરવા ઉપરાંત આ પદ્ધતિના શૈક્ષણિક મૂલ્યનું નિદર્શન કરવાનો પણ છે.*

*અહીં આપેલ સ્વર્ગમાં થતા કાલ્પનિક સંવાદમાં સોક્રેટિસ એક ભારતીય મુસ્લિમ સાથે હિજાબ, બુરખા, અને મુસ્લિમોની સાંસ્કૃતિક ઓળખ વિષે ચર્ચા કરીને તેને ધર્મનાં મૂળ તત્ત્વ પર તથા ન્યાય અને સમાનતા પર ભાર મૂકવા સમજાવે છે.)*

પાર્શ્વ ભૂમિ : ફૂલોની સુગંધથી ભરેલા સ્વર્ગના એક શાંત બગીચામાં સોક્રેટિસ અને એક ભારતીય મુસ્લિમ એક વૃક્ષની છાયા હેઠળ વાતચીતમાં વ્યસ્ત છે.

સોક્રેટિસ : મિત્ર, તમે મૂંઝવણમાં લાગો છો. સ્વર્ગમાં પણ તમને શી મૂંઝવણ સતાવે છે?

ભારતીય મુસ્લિમ : તમારી વાત સાચી છે, સોક્રેટિસ. મને અહીં પણ શાંતિ નથી.

સોક્રેટિસ : કેમ?

ભારતીય મુસ્લિમ : સોક્રેટિસ, શું કહું? પૃથ્વીલોકની રીત ન્યારી છે. જીવનભર એક મુસ્લિમ તરીકેની મારી ધાર્મિક આસ્થા અને મારી સાંસ્કૃતિક ઓળખ મારા માટે ગૌરવની વાત હતી. પણ ભારતના બિન-મુસ્લિમોને તે ખૂંચતું હતું. હજુ પણ હું તેમનો અણગમો સમજી શક્યો નથી.

સોક્રેટિસ : એક મુસ્લિમ તરીકેની તમારી સાંસ્કૃતિક ઓળખની વાત કરો છો? શું છે એ ઓળખ?

ભારતીય મુસ્લિમ : અમારી વિશેષ ઓળખ એટલે અમારો અલગ પોશાક, અમારું ખાન-પાન, કડક ધાર્મિક રિવાજોનું પાલન,અને અમારા સમુદાયની પરંપરાઓની જાળવણી. અમારી પહેચાન જ અમારા અસ્તિત્વનું કેન્દ્ર બિંદુ છે. પરંતુ તેને લઈને પૃથ્વી પર ઘણા લોકો અમારા પર સંકુચિત અને રૂઢિચુસ્ત હોવાનો આરોપ મૂકતા હતા. તેમ છતાં મને અમારી આ આગવી પહેચાન છોડી દેવાનું કદી મુનાસિબ ન લાગ્યું.

સોક્રેટિસ : કેમ?

ભારતીય મુસ્લિમ : અમારી આગવી પહેચાન છોડી દેવી એટલે અમારા અસ્તિત્વને જ નકારવા જેવું મને લાગતું હતું. તેથી ક્યારેક બીજા ધર્મના કે જુદી સંસ્કૃતિ ધરાવતા લોકો સાથે ઘર્ષણ પણ થતું હતું.

સોક્રેટિસ : આ તો દુઃખદ કહેવાય. શું તમે મને જણાવી શકો છો કે તમારી કઈ પ્રથાઓ તમને સમાજના બીજા લોકોથી અલગ કરતી હતી?

ભારતીય મુસ્લિમ : દાખલા તરીકે, અમારી સ્ત્રીઓની હિજાબ અને બુરખા પહેરવા જેવી પ્રથાઓ. કે પુરુષો દ્વારા મોટી મોટી દાઢી રાખવાનો રિવાજ. ઘણા લોકો 'સામાજિક એકીકરણ'ની વાત કરીને અમને આવી પ્રથાઓ છોડી દેવાની સલાહ આપતા હતા. કેટલાક તો જાહેરમાં તેમનો અણગમો બતાવતા હતા. કેટલાક તો અમારી દીકરીઓને શાળામાં હિજાબ પહેરવાની છૂટ પણ નહોતા આપતા. પરંતુ, મને તેમનો આવો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અણગમો ક્યારેય સમજાયો નહીં. મને હમેશાં લાગતું હતું તે આવા લોકો અમારી પહેચાન ભૂંસી દેવા માગતા હતા. આજે જ્યારે સ્વર્ગમાં તમારી સાથે છું ત્યારે પણ મને થાય છે કે શું તેમનો આવો વહેવાર વાજબી હતો કે હું ખોટો હતો?

સોક્રેટિસ : તમે માનો છો કે તમારા સમાજમાં સ્ત્રીઓની હિજાબ અને બુરખા પહેરવા જેવી આ પ્રથાઓ તમારી આગવી ઓળખ જાળવવા માટે જરૂરી હતી?

ભારતીય મુસ્લિમ : હિજાબ અને બુરખા એ પૃથ્વી પર અમારી ઓળખનો એક ભાગ છે. તે ફક્ત કપડાં નથી, પરંતુ અમારી શ્રદ્ધા અને શીલ-મર્યાદાનું પ્રતીક છે.

સોક્રેટીસ : શીલ-મર્યાદા તો ખરેખર એક મોટો સદ્‌ગુણ કહેવાય. છતાં, શું આ પ્રથા ફક્ત ઇસ્લામના મુખ્ય ઉપદેશોની ઊપજ છે, કે પછી તે એક રિવાજ છે?

ભારતીય મુસ્લિમ : સોક્રેટિસ, તેનાં મૂળ કુરઆન (કુરાન) અને હદીસમાં છે.[1] અમારા ગ્રંથો અમને મર્યાદાપૂર્વક પોશાક પહેરવાનું જણાવે છે. અને ઘણા મુસલમાનો માને છે કે હિજાબ અને બુરખા પહેરવાની પ્રથા આ આદેશને અનુરૂપ છે.

સોક્રેટીસ : હું સમજી શકું છું. પણ મને કહો, શું ઇસ્લામમાં શીલ-મર્યાદા માટે ચોક્કસ વસ્ત્રોની જરૂર છે, કે મર્યાદા કપડાં સિવાય પણ બીજી રીતે વ્યક્ત કરી શકાય?

ભારતીય મુસ્લિમ : અમારા ધર્મમાં મર્યાદા, ખાસ કરીને સ્ત્રીઓની મર્યાદા, અનિવાર્ય છે, સોક્રેટિસ. કારણ કે, કુરઆનમાં, સ્ત્રીઓને આવી સૂચના આપવામાં આવી છે.[2]

સોક્રેટિસ : હા. સ્ત્રીઓને આવી સૂચના છે. પરંતુ શું તે સ્પષ્ટ-પણે આદેશ આપે છે કે સ્ત્રીએ હિજાબ અને બુરખો પહેરવો જ જોઈએ?

ભારતીય મુસ્લિમ : ના, તેમાં હિજાબ અથવા બુરખાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. પરંતુ, ઘણા વિદ્વાનો, ધાર્મિક ગુરુઓ, અને અમારી પરંપરાઓ માથું અને શરીર ઢાંકવા માટે સ્ત્રીઓ હિજાબ અથવા બુરખો પહેરે તેવો આગ્રહ રાખે છે.

સોક્રેટિસ : તો, શું એવું બની શકે છે કે કેટલાક વિદ્વાનો અને સમાજો જેને દૈવી આદેશ માને છે તે હકીકતમાં માત્ર એક રૂઢિ કે પરંપરા હોય? કેટલાક લોકોએ કુરઆનમાં કહેલી વાતોનું પોતાની રીતે અર્થઘટન કર્યું હોય એવું ન બને?

ભારતીય મુસ્લિમ : તે શક્ય છે, સોક્રેટિસ. પરંતુ, અમારા ધર્મમાં ધાર્મિક ગુરુઓ અને વિદ્વાનો દ્વારા કરવામાં આવેલાં અર્થઘટનને ખૂબ મહત્ત્વ અપાય છે. તેમણે પોતાનું જીવન અલ્લાહની મરજીને સમજવામાં વિતાવ્યું હોય છે.

સોક્રેટિસ : ખરેખર, વિદ્વાનોનો અભિપ્રાય મૂલ્યવાન હોય છે. છતાં, તમે તો જાણો છો કે બહુ બુદ્ધિશાળી વિદ્વાનો પણ અંતે તો માનવી જ હોય છે. અને તેઓ પણ ક્યારેક ભૂલ કરી શકે છે. શું આપણે તેમના અર્થઘટનની આલોચનાત્મક તપાસ ન કરવી જોઈએ, જેથી આપણે પ્રચલિત રિવાજો પાછળના દૈવી હુકમને બરાબર સમજી શકીએ.

ભારતીય મુસ્લિમ : પરંતુ વિદ્વાનો અને ધાર્મિક નેતાઓએ કરેલ ધાર્મિક અર્થઘટન પર પ્રશ્ન ઉઠાવવાથી ગૂંચવાણો ઊભી થઈ શકે છે. તેથી અમારા સમુદાયની આસ્થા ડગી જઈ શકે છે.

સોક્રેટિસ : પરંતુ, શું સત્યની શોધ જરૂરી નથી? જો કોઈ પ્રથા લોકોની સ્વતંત્રતાને બાધિત કરતી હોય કે તેમની ઉપર બિનજરૂરી બોજો લાદતી હોય તો શું આપણે પૂછવું જોઈએ નહીં કે તે ખરેખર દૈવી ઇચ્છા છે?

ભારતીય મુસ્લિમ : સોક્રેટિસ, અમારા સમાજમાં, હિજાબ અને બુરખા ગૌરવ અને ધર્મનિષ્ઠાનું પ્રમાણ છે. તે સ્ત્રીઓના શીલ અને મર્યાદાની રક્ષા કરે છે.

સોક્રેટિસ : શું તમે માનો છો કે ગૌરવ અને ધર્મનિષ્ઠા માત્ર બુરખા અને હિજાબ પર જ આધારિત છે? શું સ્ત્રી આવા આવરણ વગર પણ પોતાનું ગૌરવ અને મર્યાદા ન જાળવી શકે?

ભારતીય મુસ્લિમ : અલબત્ત તેમ કરી શકે છે. ગૌરવ અને મર્યાદા આખરે તો હૃદય અને ઇરાદાની બાબત છે.

સોક્રેટિસ : ચોક્કસ, મારા મિત્ર. જો મર્યાદા મન અને હૃદયની બાબત હોય, તો શું કોઈ સ્ત્રી હિજાબ કે બુરખો ન પહેરે તો ના ચાલે? જો કોઈ એક સ્ત્રી બુરખો પહેરતી હોય પણ બદચલન હોય. અને બીજી સ્ત્રીનું ચાલ ચલણ સારું હોય પણ બુરખો ન પહેરતી હોય તો તમે એ બે સ્ત્રીમાંથી કોને માન આપશો? કોને આદરથી જોશો?

ભારતીય મુસ્લિમ : જેનું ચારિત્ર્ય સારું હોય તેને જ આદર અપાયને? પરંતુ અમારી ઘણી સ્ત્રીઓ માટે આવી વેશભૂષા એક રક્ષાકવચ છે. તે તેમને બીજા લોકોની બૂરી નજરથી બચાવે છે.

સોક્રેટિસ : પોતાની રક્ષા કરવી એ તો દરેક સ્ત્રીનો અધિકાર છે. અને જો તે પોતાની મરજીથી એમ કરવાનું પસંદ કરતી હોય તો તે આદરને પાત્ર છે. પરંતુ, જો પહેરવેશની આવી પસંદગી સામાજિક દબાણ કે ડરથી થતી હોય તો તે ચિંતાજનક નથી શું?

ભારતીય મુસ્લિમ : હા, તો પછી તે અંગત પસંદગી નહીં, પણ એક મજબૂરી કહેવાય.

સોક્રેટીસ : અને શું મજબૂરી ન્યાયસંગત કહેવાય? ધર્મની ઉદાર ભાવના સાથે શું તે સુસંગત છે?

ભારતીય મુસ્લિમ : ના, એવું નથી. ઇસ્લામ શીખવે છે કે ધર્મમાં કોઈ મજબૂરી ન હોવી જોઈએ.[3]

સોક્રેટિસ : તો પછી કદાચ આપણે સાચી શ્રદ્ધા અને રીતરિવાજો લાદવામાં તફાવત કરવો જોઈએ. સાચી આસ્થા આત્માને પ્રસન્ન કરે તેવી હોવી જોઈએ, સંકુચિત કરે તેવી નહીં.

ભારતીય મુસ્લિમ : કદાચ કેટલીક પ્રથાઓ અને પરંપરાઓ વગર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિચારે ચાલતી આવે છે. તેમનું આંધળું અનુકરણ થતું હોય છે.

સોક્રેટિસ : શું આવા પહેરવેશ માટે સ્ત્રીઓને ફરજ પાડવામાં આવે તો તે ન્યાય અને સ્વતંત્રતાનાં મૂલ્યોનું ઉલ્લંઘન નથી? શું તે સ્ત્રીઓનું દમન નથી?

ભારતીય મુસ્લિમ : પણ સોક્રેટિસ, હિજાબ અને બુરખા મર્યાદાની નિશાની છે, દમનની નહીં. ઘણી સ્ત્રીઓ તે મજબૂરીથી નહીં, પણ પોતાની મરજીથી પહેરે છે.

સોક્રેટિસ : જો તે તેમની પસંદગી હોય તો તે ઉત્તમ કહેવાય. પરંતુ શું સામાજિક ટીકાના ડરથી તે તેમ કરતી હોય તો તે પસંદગી ખરેખર સ્વતંત્ર કહેવાય?

ભારતીય મુસ્લિમ : આ એક વાજબી પ્રશ્ન છે. કેટલાક સમુદાયોમાં, સામાજિક દબાણ હોય છે. અને ઈરાન જેવા મુસ્લિમ દેશોમાં તો જે સ્ત્રીઓ હિજાબ ન પહેરતી હોય તો તેમની સાથે કઠોર વ્યવહાર કરવામાં આવે છે.[૪] ભારતમાં પણ કેટલાક રૂઢિચુસ્ત મુસલમાનો તેમની દીકરીઓને સ્કૂલમાં ભણવા જવા દેતા નથી.

સોક્રેટિસ : શું વાત કરો છો? દીકરીઓને સ્કૂલમાં ભણવા જવા દેતા નથી? કેમ?

ભારતીય મુસ્લિમ : કારણ કે સ્કૂલનો યુનિફોર્મ પહેરવાનો હોય છે. હિજાબ પહેરવાની મનાઈ હોય છે.

સોક્રેટિસ : ભલા માણસ, સંતાનનું ભવિષ્ય મહત્ત્વનું છે કે જૂની પુરાણી પરંપરાઓ? આવી તો મૂર્ખામી થતી હશે?

ભારતીય મુસ્લિમ : તેમ છતાં, ઘણી સ્ત્રીઓ આવો પોશાક પહેરવાનું પસંદ કરવામાં પોતાનું સશક્તિકરણ માને છે.

સોક્રેટિસ : સ્ત્રીઓના સશક્તિકરણની ખરેખર કદર કરવી જોઈએ. પરંતુ પુરુષો કરતાં સ્ત્રીઓ પાસે જ શા માટે મર્યાદા અને શીલનો આગ્રહ રાખવામાં આવે છે ? શું આ લિંગ અસમાનતા નથી?

ભારતીય મુસ્લિમ : સૈદ્ધાંતિક રીતે, મર્યાદા પુરુષો અને સ્ત્રીઓ બંનેને લાગુ પડે છે. અમારો ધર્મ પુરુષોને પણ વિવેકયુક્ત પોશાક પહેરવાનો અને તેમની નજર નીચી રાખવાનો આદેશ આપે છે.[૫]

સોક્રેટિસ : તેમ છતાં, હિજાબ અને બુરખા પહેરીને પોતાની શીલ-મર્યાદા જાળવવાનો ભાર તો મુખ્યત્વે સ્ત્રીઓ પર છે. શું આ સ્ત્રી અને પુરુષ વચ્ચેનો ભેદભાવ ના કહેવાય? હિજાબ અને બુરખા પહેરવા જેવી પ્રથા એ નથી બતાવતી કે પુરુષોના વર્તનને મર્યાદામાં રાખવાની જવાબદારી પુરુષો કરતાં સ્ત્રીઓ પર વધુ છે?

ભારતીય મુસ્લિમ : તમારી વાત સાચી છે, સોક્રેટિસ. એક રીતે જોઈએ તો પુરુષોને મર્યાદામાં રાખવાનો ભાર જાણે કે સ્ત્રીઓ ઉપર જ છે. અને એક રીતે તે અન્યાયી લાગે છે.

સોક્રેટિસ : અને શું તેથી સ્ત્રીઓની વ્યક્તિગત સ્વતંત્રતાને પણ મર્યાદિત નથી કરતી? શું સ્ત્રી ડર કે સંકોચ વિના ફરવા, પહેરવા-ઓઢવા, અને પોતાને જેવા છે તેવા દેખાવા માટે સ્વતંત્ર ન હોવી જોઈએ?

ભારતીય મુસ્લિમ : સ્વતંત્રતા મહત્ત્વપૂર્ણ છે. પરંતુ હિજાબ અને બુરખા અમારી સ્ત્રીઓને રક્ષણ અને ગૌરવની ભાવના આપે છે.

સોક્રેટિસ : કોનાથી રક્ષણ? જો સમાજ ન્યાયી હોય અને પુરુષો સદ્‌ગુણી હોય, તો શું સ્ત્રીને કપડાં થકી પોતાને બચાવવાની જરૂર પડે?

ભારતીય મુસ્લિમ : ના, એક આદર્શ સમાજમાં, એવું ન કરવું પડે. જો માન-મર્યાદાની રક્ષા પોતાની પસંદગીને બદલે બોજ બની જાય, તો તે સદ્‌ગુણ ન કહેવાય. પરંતુ પૃથ્વી પરની વાસ્તવિક્તા અલગ છે. તમે એવા આદર્શની વાત કરો છો જે પરંપરા કરતાં ન્યાયી વ્યવહારને વધુ મહત્ત્વ આપે છે.

સોક્રેટિસ : અને શું પૃથ્વી પર ન્યાયી સમાજ બનાવવાની લોકોની ફરજ નથી? શું સમાજે સમાનતાને ઉત્તેજન આપીને આવી આદતોથી તેના સભ્યોને મુક્ત ન કરવા જોઈએ?

ભારતીય મુસ્લિમ : પણ, સોક્રેટિસ, આપણે એ ન ભૂલવું જોઈએ કે ધાર્મિક આસ્થા અને સામાજિક પ્રથા બંનેનો અતૂટ નાતો છે. પેઢીઓથી ચાલી આવતી અમારી પરંપરાઓ અમને એકબીજા સાથે જોડે છે. દરેક સમુદાય આવી પ્રથાઓથી બંધાયેલો છે. આ પ્રથાઓ અમારી એકતા અને પરસ્પર સહકારનો પાયો છે. તેમના વિના અમારી ઓળખ જ ભૂંસાઈ જાય.

સોક્રેટિસ : હું પરંપરાનું મહત્ત્વ સમજું છું. છતાં, શું અલગ ઓળખનો આગ્રહ રાખવાથી ક્યારેક ગેરસમજ, પૂર્વગ્રહ, અને અલગાવ પણ થતો નથી?

ભારતીય મુસ્લિમ : કદાચ, થાય. પરંતુ, અમારી પ્રથાઓ અમને અમારો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો જાળવી રાખવા માટે મદદરૂપ છે. અને જો અમે અમારી અલગ પહેચાન ન જાળવી રાખીએ તો સામાજિક રીતે અમારું આગવું અસ્તિત્વ જ ના રહે, સમાજમાં દબદબો ધરાવતા લોકોની સંસ્કૃતિ અમને ગળી જાય. અમારી સંસ્કૃતિ અમારી ઢાલ છે.

સોક્રેટિસ : શું તમારી સંસ્કૃતિ એક ઢાલ છે કે દીવાલ? ઢાલ આપણું રક્ષણ કરે છે, પણ દીવાલ અલગ પાડે છે. જ્યારે કોઈ સમુદાય સંપૂર્ણ અલગ રહેવાનો આગ્રહ રાખે છે, ત્યારે શું તે બીજા લોકોમાં પૂર્વગ્રહો પેદા નથી કરતો? સામાજિક અવરોધો ઊભા નથી કરતો?

ભારતીય મુસ્લિમ : કદાચ ઘણી વાર ગેરસમજ થાય છે. પરંતુ અમારી પહેચાન જાળવી રાખવી એ શું અમારો ગુનો છે? આપણી ઓળખને મજબૂત રીતે વળગી રહેવાથી આપણા ગૌરવનો આપણને અહેસાસ થાય છે.

સોક્રેટિસ : છતાં, શું ઓળખ અને ગૌરવ ફક્ત પહેરવેશ અને રહનસહન જેવાં બાહ્ય પ્રતીકો કે રિવાજો દ્વારા જ સાચવવામાં આવે છે? કે સદ્‌ગુણો અને શાણપણ દ્વારા? જો તમે ન્યાય, કરુણા, અને સત્ય જેવા સદ્‌ગુણોનું પાલન કરો, તો શું તે તમારી બાહ્ય પ્રથાઓ કરતાં વધુ મજબૂત ઓળખ બનાવી ન શકે?



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય મુસ્લિમ : પરંતુ બાહ્ય પ્રતીકોની પણ જરૂર હોય છે, સોક્રેટિસ. તે આપણને સદ્‌ગુણોની યાદ અપાવે છે. આપણાં કપડાં, આપણા રિવાજો આપણને પૂર્વજોની પરંપરા સાથે જોડે છે અને આપણી શ્રદ્ધાને મજબૂત બનાવે છે.

સોક્રેટિસ : વાત સાચી છે. પ્રતીકો અગત્યનાં હોય છે. છતાં, જો તેથી સંઘર્ષ અને ગેરસમજ પેદા થતી હોય, તો શું તે ઉપયોગી કહેવાય? જો કોઈ પ્રતીકો એકતાને બદલે વિભાજનને પ્રોત્સાહન આપે તો શું તે પ્રતીકો અર્થપૂર્ણ કહેવાય?

ભારતીય મુસ્લિમ : હું તમારો મુદ્દો સમજું છું, સોક્રેટિસ. ક્યારેક, અમારા રિવાજોનું ખોટું અર્થઘટન કરવામાં આવે છે, અને તે પૂર્વગ્રહ પેદા કરે છે.

સોક્રેટિસ : હા, અને આવા પૂર્વગ્રહ સામાજિક અને રાજકીય સંઘર્ષ પણ જન્માવી શકે છે. શું આ તણાવને ઓછો કરવા માટે કેટલીક પ્રથાઓને બદલાતા સમય-સંજોગો પ્રમાણે બદલવી શાણપણભર્યું ન ગણાય? બદલાવાનો અર્થ અનુકૂલનશીલતા છે, ભૂંસાઈ જવાનો નથી. આવું અનુકૂલન પરસ્પર સમજણ માટેનો પુલ બની શકે છે.

ભારતીય મુસ્લિમ : પરંતુ સોક્રેટિસ આવી પ્રથાઓ અમારા વિશ્વાસનું ચિહ્ન છે, અલ્લાહ પ્રત્યે અમારી શરણાગતિનું પ્રતીક છે. હિજાબ અને બુરખા સ્ત્રીઓ માટે શીલ અને મર્યાદાની નિશાની છે. તે તેમનું ગૌરવ જાળવી રાખવા માટે મદદરૂપ છે. તે તેમને ઉપભોગ માટેની ચીજ બનતા બચાવે છે. પુરુષો માટે દાઢી ભક્તિનું પ્રતીક છે, પયગંબરનું અનુકરણ કરવાનો એક માર્ગ છે. આ પ્રથાઓ અમને અમારી ધાર્મિક જવાબદારીઓની યાદ અપાવે છે અને અમારી આગવી સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખે છે.

સોક્રેટિસ : એટલે કે તમે માનો છો કે આ પ્રતીકો તમારી ધાર્મિક આસ્થાની સતત યાદ અપાવે છે?

ભારતીય મુસ્લિમ : ચોક્કસ.

સોક્રેટિસ : આવી યાદ અપાવતાં પ્રતીકોનું મૂલ્ય હું સમજી શકું છું. પણ સિદ્ધાંતો મહત્ત્વના કે રીતરીવાજો? સિદ્ધાંતો વિહોણી વ્યક્તિ સુકાન વગરના વહાણ જેવી છે. શું તમે માનો છો કે આ પ્રતીકો તમારી ધાર્મિક આસ્થાને ટકાવી રાખવાનો એકમાત્ર રસ્તો છે?

ભારતીય મુસ્લિમ : તે એકમાત્ર રસ્તો નથી. પરંતુ, તે અમારી આસ્થાનાં પ્રત્યક્ષ પ્રમાણ છે. ખાસ કરીને અમે જ્યાં લઘુમતીમાં છીએ, તેવા સમાજોમાં અમારી આવી પ્રથાઓ અમારી વિશિષ્ટ પહેચાન જાળવી રાખવામાં મદદ કરે છે.

સોક્રેટિસ : હું સમજું છું. તમને ડર છે કે આ પ્રથાઓ વિના, તમારો સમુદાય મોટા સમાજમાં ઓગળી જશે, જેમ પાણીનું ટીપું સમુદ્રમાં સમાઈ જાય તેમ.

ભારતીય મુસ્લિમ : હા, સોક્રેટિસ. જો આપણે આપણી બાહ્ય ઓળખ છોડી દઈએ, તો આંતરિક ઓળખ પણ ટૂંક સમયમાં ખોઈ દઈએ.

સોક્રેટિસ : તમારી ચિંતા વાજબી છે. તેમ છતાં, શું સાચી આસ્થા બાહ્ય પ્રતીકો કરતાં સદ્‌ગુણોમાં નથી? જો કોઈ વ્યક્તિની આસ્થા અડગ હોય, તો શું તે ફક્ત દાઢી મૂંડાવાથી કે હિજાબ અને બુરખો દૂર કરવાથી જ નાશ પામશે?

ભારતીય મુસ્લિમ : તમારી વાત સાચી છે. સાચી આસ્થા તો સદ્‌ગુણોના પાલનમાં છે. પરંતુ બધા મનુષ્યો પરિપૂર્ણ નથી હોતા. આપણને આપણા અસ્તિત્વનો અહેસાસ આપણા શરીરથી થાય છે. અને આપણે તે શરીર દ્વારા જ વ્યક્ત કરી શકીએ છીએ. અને તે આપણા આત્મા પર અસર કરે છે.

સોક્રેટિસ : તમારી શરીર અને આત્મા વચ્ચેના જોડાણની વાત સમજદારીભરી છે. પરંતુ, ચાલો આપણે આનો વિચાર કરીએ : જો આવી પ્રથાઓ તમને બીજાથી અલગ પાડે કે ગેરસમજ પેદા કરે , તો શું તે તમારી આસ્થાને પણ નુકસાન નહીં કરે? શું ધર્મનો હેતુ શાંતિ અને સદ્‌ભાવના દ્વારા માનવતાનું ઉત્થાન કરવાનો નથી? શું ધર્મ આપણને વધુ સમજદાર બનાવવા માટે નથી?

ભારતીય મુસ્લિમ : તે છે, સોક્રેટિસ. ઇસ્લામ કરુણા, ન્યાય અને શાંતિનો સંદેશ આપે છે.[૬] પરંતુ તેથી શું અમારે અમારી ઓળખ છોડી દેવાની?

સોક્રેટિસ : ભાઈ મારા, હું ઓળખ છોડવાની વાત નથી કરતો. પરંતુ અનુકૂલનની વાત કરું છું. તમે વહી જતી નદીનો વિચાર કરો : જ્યારે તે ખડકો સાથે ભટકાય છે ત્યારે તે તેનું વહેણ નથી બદલતી? શું તેથી તેના પાણીનું અસ્તિત્વ નાબૂદ થઈ જાય છે? શું તમારી ઓળખ પણ એ જ રીતે પ્રવાહી ન હોવી જોઈએ? યાદ રાખો, તમારી આજુબાજુના વ્યાપક સમાજ સાથે અનુકૂલન કરતી વખતે તમે તેનાં અસલી અને સારભૂત તત્ત્વો ગુમાવી દેતા નથી ?

ભારતીય મુસ્લિમ : પણ આ અનુકૂલન એટલે શું ?

સોક્રેટિસ : તે એક સામાજિક-સાંસ્કૃતિક સંતુલનની બાબત છે. શું હિજાબ અથવા દાઢી કરતાં સદ્‌ગુણો, સમજણ, અને સંવાદ તમારી પહેચાનનાં વધુ સારાં પ્રતીકો ન બની શકે ? શું જ્યારે તમે તમારી અને અન્ય લોકો વચ્ચેના અંતરને દૂર કરવાના રસ્તાઓ અપનાવો છો ત્યારે તમારી મૂળ આસ્થાને જાળવી શકતા નથી?

ભારતીય મુસ્લિમ : તમે એવું સૂચવો છો કે સામાજિક-સાંસ્કૃતિક અનુકૂલનનો અર્થ ભૂંસાઈ જવાનો નથી, પરંતુ આદરપૂર્વકના સહઅસ્તિત્વનો છે?

સોક્રેટિસ : ચોક્કસ. પરસ્પર સમજદારીભર્યું આવું સહઅસ્તિત્વ આપણને બીજા લોકોને સમજવાની સાથે સાથે આપણે કોણ છીએ તે બતાવવામાં મદદરૂપ છે. દીવાલ અલગ કરે છે, પણ પુલ જોડે છે. મને કહો, શું કુરઆન બીજા લોકો સાથે જોડાવાની અને જ્ઞાન મેળવવાની વાત નથી કરતું?[૭]

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શિક્ષણ : પરિકલ્પન અને પરિણામ



ભૂમિકા :

'શિક્ષણ' એક અતિ વિશાળ મહાસાગર સમાન છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ ગીતાના સમશ્લોકી ભાષાંતરના બીજા અધ્યાયમાં કહ્યું છે તેમ, ''સદા ભરાતાં અચલ પ્રતિષ્ઠ - સમુદ્રમાં નીર બધાં પ્રવેશે.... શિક્ષણ એવો મહાસાગર છે કે જેમાં અનેક નદીઓનાં નીર સદાકાળ પ્રવેશતાં જ રહે છે. અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ધર્મ, સમાજશાસ્ત્ર, વગેરે અનેકનાં નીર શિક્ષણના મહાસાગરમાં પ્રવેશતાં રહે છે.

'શિક્ષણ' સાથે સંકળાયેલા શબ્દોની એક વિશાળ સૂચિ તૈયાર થઈ શકે : કેળવણી, ઘડતર, ચણતર, તાલીમ, આવડત...

માતા જીજાબાઈએ ગાયેલાં શિવાજીનાં હાલરડાંથી માંડી ગુરુ દત્તાત્રયના ૨૪ ગુરુઓ સુધી બધા 'શિક્ષણ' આપનારાં છે. આ ચર્ચાને વધુ નીકટતાથી જોવાના હેતુથી તેના ઔપચારિક ભાગની ચર્ચા કરીશું.

■ **થોડાક કોલાજ** : ઔપચારિક શિક્ષણ શાળા કૉલેજ, યુનિવર્સિટી વગેરેમાં અપાય છે. તેમાં નિશ્ચિત અભ્યાસક્રમ, શિક્ષણની ઢબ, માળખું, ગ્રાંટ, વહીવટ-સંચાલન, વગેરે સંકળાયેલાં હોય છે. આ બધાં અંગેની ચર્ચા પણ લાંબી થઈ શકે તેમ હોવાથી એક યુક્તિ તરીકે સૌ પ્રથમ આપણા મનઃચક્ષુ સમક્ષ કેટલાંક 'રેખાચિત્રો' દોરી રાખીશું.

■ **તાજ હોટલ પરનો આતંકી હુમલો** : તાજ હોટલ ઉપરનો આ હુમલો સર્વવિદિત છે. હુમલો અકલ્પ્ય અને અચાનક હતો. હોટલમાં રોકાયેલા મહેમાનો (ગેસ્ટ્સ) તથા વિવિધ સ્તરના તમામ કર્મચારીઓ ફસાઈ ગયા હતા. કેટલાકને તો મારી પણ નંખાયા હતા. થોડાક દિવસો આમ વીત્યા બાદ મહેમાનોમાં સળવળાટ થયો. સ્ટાફના માણસોને તેમણે ખાનગીમાં બહાર નીકળવા વિશે પૂછવા માંડ્યું.

હોટલના કર્મચારીઓ હોટલનો તો ખૂણેખૂણો જાણતાં જ હતાં; આજુબાજુની ગલી કૂંચીઓથી પણ સુપરિચિત હતા. પરંતુ જો મહેમાનોને બહાર કાઢવાની હલચલમાં પકડાઈ જાય તો મૉત નિશ્ચિત હતું ! છતાં તેમણે સાહસ કર્યું, અનેકોને બહાર કાઢ્યાં. પણ વિચિત્રતા તો એ હતી કે આવી રીતે મહેમાનોને બહાર કાઢીને પોતે તો વળી પાછા હોટેલમાં પરત ફરીને ફરજ ઉપરના કામે લાગી જતા !

જીવ માત્રની પ્રાથમિકતા જીવતા રહેવાની હોય છે. આ કર્મચારીઓ પાછા કેમ ફર્યા - આ સવાલ હાર્વર્ડ યુનિવર્સિટીના એચ.આર. વિભાગના અધ્યાપકને થયો. ભારતમાં આવી તેમણે જે તારણો કાઢ્યાં તેનાં મુખ્ય ઘટક તત્ત્વો આટલાં છે :

○ તાજ હોટલની ભરતીની યોજના મુજબ મોટાં શહેરોમાં વસતા તેજસ્વી (રેન્કર્સ - ટોપર્સ)ની પસંદગી કરવાની જ ન હતી !

○ મધ્યમ કે નાના કદનાં નગરો કે ગામડાની નિશાળોમાં જઈ, આ 'ભરતીવાળા' નિશાળોના શિક્ષકો / આચાર્યોને મળતા અને એવા વિદ્યાર્થીઓની ભાળ મેળવતા કે જે - પરગજુ, સંવેદનશીલ, નિષ્ઠાવાન અને મહેનતુ હોય.

○ આવા વિદ્યાર્થીઓના ઘરે જઈ તેમનાં માતા-પિતા - વડીલો - પાડોશીઓ વગેરે સાથે પણ, સાવ અનૌપચારિક વાતચીત કરતા. તેના ગમા-અણગમા, ઉત્સાહ મદદની ભાવના, વગેરે વિશે જાણકારી મેળવ્યા બાદ પસંદગી માટેની યાદી બનાવતા હતા.

■ **હરિયાળી ક્રાંતિ અને પૂર્વ પંજાબ** : ૧૯૪૭માં દેશનું વિભાજન થયું. તે માનવજાતના ઇતિહાસનો અતિ પીડાદાયક પ્રસંગ હતો. પંજાબ જે ત્યાર સુધી એક જ પ્રદેશ હતો તેનું પણ પૂર્વ અને પશ્ચિમમાં વિભાજન થયું. ઘઉંનો કટોરો ગણાતું પશ્ચિમ પંજાબ પાકિસ્તાનમાં ગયું અને નાનાં અને સિંચાઈ વગરનાં ખેતરોવાળું પૂર્વ પંજાબ ભારતમાં ભળ્યું. પશ્ચિમમાં તો અયૂબખાન જેવા ડરામણી મૂછોવાળા જમીનદારો અને ભારતમાં હળ-બળદની ખેતીવાળો રાંક ખેડૂત, પણ ૧૯૬૭માં નર્મન બોલોગ (Norman E. Bolaug) અને એમ.એસ. સ્વામિનાથને સંકર બિયારણ શોધ્યાં. ઘઉં-ચોખાના ઉત્પાદનમાં રીતસર ક્રાંતિ પ્રગટી, હવે ઇંગ્લેન્ડની એક યુનિવર્સિટીની અધ્યાપિકા બહેન ઉસુલાના મનમાં સવાલ ઊઠ્યો : પશ્ચિમ પંજાબમાં ખેતરો મોટાં, સિંચાઈ પણ વધુ, ખેડૂતો જબરા મૂછડ જમીનદારો છતાં ત્યાં હરિયાળી ક્રાંતિ કેમ ન થઈ ? અને આ ભારતમાં નાના ખેડૂતો, નાનાં ખેતરો, ઓછી સિંચાઈ છતાં ક્રાંતિ કેમ થઈ ? મૂળમાં એક જ પંજાબ પ્રદેશ, સમાન કલ્ચર, સમાન રીત અને રસમ છતાં આવું કેમ ?

ભારતમાં આવીને તે બહેને તપાસ આરંભી, નતીજામાં જે મળ્યું તે નોંધપાત્ર છે : ૦ ભારતનો ખેડૂત નાનો ખરો પણ આગવા અને સ્વતંત્ર નિર્ણયો લેવા માટે હકદાર હતો. ૦ આ ખેડૂતો કમ સે કમ અક્ષર-જ્ઞાન સુધીનું પ્રાથમિક શિક્ષણ ધરાવતા હતા. પાકિસ્તાનના પંજાબમાં આ બેય બાબતો નહોતી. ભારતના પંજાબમાં લોકશાહી અને શિક્ષણ હતાં અને તેથી આ ક્રાંતિ શક્ય બની. પણ ભીતરની વાત એ છે કે હરિયાળી ક્રાંતિના પ્રત્યેક તબક્કે ખેડૂતે કયાં અને કેવાં પગલાં ભરવાના છે તેની માહિતી કૃષિ યુનિવર્સિટી દ્વારા વહેંચાતાં બ્રોશર-ચોપાનિયાંમાં હતી. ભારતના ખેડૂતો આ બધું વાંચી-સમજી શકતા. અને જરૂરી પગલાં પણ ભરતા. આની અસર હરિયાળી ક્રાંતિ આણવામાં દેખાઈ.

ચાર વર્ષ પછી ભારત-પાક યુદ્ધ સમયે ભારતને દબાવવા અમેરિકાએ અજેય ગણાતું USS Enterprise Aircraft Carrier બંગાળની ખાડી તરફ મોકલ્યું હતું અને ભારતને યુદ્ધ બંધ કરવા ચેતવણી આપતા કહ્યું કે આ યુદ્ધ નહીં રોકાય તો અમેરિકા ભારતને અપાતી અન્ન સહાય બંધ કરશે ! શ્રીમતિ ઇંદિરા ગાંધીએ વળતા જ જવાબમાં અન્ન સહાય મોકલવાનું બંધ કરવા જણાવ્યું. ભારત હવે અનાજમાં સ્વાવલંબી હતું ! આ હતો શિક્ષણનો ચમત્કાર.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ **લુડવિગ વિટગનસ્ટાઇન (Ludwig Witttgenstein) :** તેનો જીવનકાળ ૨૬ એપ્રિલ ૧૮૮૯થી ૨૯ એપ્રિલ ૧૯૫૧ સુધીનો (૬૨ વર્ષ) હતો. તેઓ વિયેનાના એક અકલ્પ્ય ધનિક પરિવારનું સંતાન હતા. પિતાના મહેલમાં એક સાથે છ સભાખંડોમાં સંગીતના કાર્યક્રમો યોજાતા. યુરોપના સાંસ્કૃતિક કેન્દ્ર એવા વિયેના શહેરમાં તેમનો વસવાટ હતો. ન્યૂટનના બીજા નિયમ મુજબ આઘાત અને પ્રત્યાઘાત સમાન અને સામસામી દિશાના હોય છે. આની ઉપરથી વિમાનના જેટ એંજિન બનાવવાના પ્રયોગો ચાલતા હતા. વિટગનસ્ટાઇન ઓસ્ટ્રિયા દેશના એરફોર્સમાં જોડાયા અને જેટ એંજિનની ડિઝાઈનના ગણિતમાં વિશેષ રસ લેતા થયા હતા. તે સમયે કેમ્બ્રિજ યુનિવર્સિટીના દાર્શનિક ગણિતશાસ્ત્રી બર્ટ્રાન્ડ રસેલ ખૂબ ખ્યાતિ પ્રાપ્ત હતા. વિટગન સ્ટાઇન કૅમ્બ્રિજ પહોંચીને રસેલનાં થોડાંક વ્યાખ્યાનો સાંભળે છે. એક દિવસ રસેલની સામે આવીને ઊભા રહ્યા અને કહ્યું : પ્રો. રસેલ તમને લાગે છે કે હું પાગલ છું ? રસેલે તેની સામે નજર નાંખી. તેને થોડાક કાગળ અને પેન આપીને કહ્યું – 'અહીં બેસી જા અને તારા મનમાં જે આવે તે દસ મિનિટ માટે લખતો જા.'

સમય પૂરો થતાં રસેલે લખાણ વાંચ્યું અને કહ્યું, 'અદ્દભુત'.

ત્યારબાદ વિટગન સ્ટાઇને નિબંધ લખ્યો 'Tractatus Logico Philosophicus. આ નિબંધ રસેલને પકડાવીને વિટગન સ્ટાઈન ભાગી ગયો. હવે તે યુદ્ધ મોરચે લડવા માંગતો હતો. સમરસેટ મોમ [W. Somerset Maugham (1874 to 1965) ] ના પુસ્તક The Razor's Edge નો અભ્યાસ કરી જીવન અને મરણ વચ્ચેની ભેદરેખા તેને સમજવી હતી. ટાગોરનાં કાવ્યો પણ તેણે વાંચ્યાં.

યુદ્ધમાં સેનાપતિને આગ્રહ કર્યો કે મને છેક અગ્રીમ હરોળમાં મોકલે. આખરે તે યુદ્ધ કેદી બન્યો અને રસેલ તથા લોર્ડ કેઇન્સની લાગવગથી જેલની બહાર પણ આવ્યો.

આ ગાળા દરમ્યાન વિટગનનો નિબંધ પ્રકાશકને મોકલ્યો. પ્રકાશક તૈયાર તો થયો પણ તે એટલો અઘરો હતો કે અન્ય લોકો સમજી શકે તે માટે રસેલે તેની લંબાણપૂર્વકની પ્રસ્તાવના લખી આપવી તેવો આગ્રહ પ્રકાશકે રાખ્યો. રસેલે આ નિબંધ કેમ્બ્રિજના અન્ય 'ડૉન' પાસે મૂક્યો અને આ નિબંધ ઉપર પીએચ.ડી. આપવાની ભલામણ કરી.

વિટગન સ્ટાઇન કેમ્બ્રિજ આવીને રસેલને મળ્યો ત્યારે રસેલે તેને આ બધી ગતિવિધિ સમજાવી. પણ તે વિચારમાં પડી ગયો. તેણે રસેલ પાસેથી એક રાત માટે તે પુસ્તક લીધું અને રાતભર વાંચ્યું. બીજે દિવસે રસેલને મળ્યો. રસેલને તેણે કહ્યું : પ્રો રસેલ, તમે મારો નિબંધ સમજ્યા જ નથી. તમે પ્રસ્તાવનામાં જે લખ્યું છે તે હું કહેવા માંગતો નથી. બીજું હવે આ નિબંધમાં મેં લખેલા મારા વિચારોથી પણ હું ઘણો દૂર નીકળી ગયો છું. આથી મારાથી આ નિબંધના આધારે પીએચ.ડી. લેવાય નહીં.

○ ગુર્જીએફ કહે છે, માણસ નામનું હોડકું દરિયાની હવા અને લહેરોમાં આમતેમ ફંગોળાતું રહે છે. આ વાત આપણા શિક્ષણને પણ લાગુ પડે છે. ધર્મ, સંસ્કાર, ઇતિહાસ, ટેકનોલોજી, વગેરે અનેક ક્ષેત્રો પારસ્પરિકતા વગર ચાલતાં રહે છે. આ સઘળાં ક્યારેક વધુ તો ક્યારેક ઓછા મહત્ત્વ સાથે અભ્યાસક્રમોમાં દેખાયા કરે છે. શિક્ષણ અંગેની નીતિની સ્પષ્ટતા અને ઉદ્દેશો બાબતે પૂરતી સભાનતાભરી સમસ્યાઓ પણ કઠે તેવી છે. આ સંજોગોમાં શિક્ષણની દિશા અને ગતિ વચ્ચે કોર્સ કરેક્શન – સ્ટીયરીંગ જરૂરી ગણાય. આ માટે શિક્ષણના ક્ષેત્રે સતત સંશોધન જરૂરી ગણાય. 'સંશોધન' શબ્દને શ્રી મગનભાઈ દેસાઈએ લાઘવ અને સચોટ રીતે સ્પષ્ટ કર્યો છે – 'નહીં જાણેલું જાણવું અને જાણેલાને સુધારવું' તે સંશોધન. આમાં બીજો ભાગ પરિકલ્પનનો સંદર્ભ ધરાવે છે. 'જે જાણીતું છે તેને સુધારવું.' આ પ્રક્રિયા સંશોધન અને એકંદરે જ્ઞાનના શાસ્ત્રના મૂળમાં છે. આ પ્રક્રિયાના ત્રણ તબક્કા છે :

○ પહેલું – સંશોધનના નક્કી કરાયેલા ક્ષેત્રમાં અગાઉ જે કાંઈ કહેવાયું–લખાયું–ચર્ચાયું હોય તેનો સઘન અભ્યાસ.

○ બીજું – આ અભ્યાસની નિષ્પત્તિરૂપે એવાં વિધાનોની તારવણી કે જે માન્ય હોય પણ ખરાં અને ન પણ હોય.

○ ત્રીજું – સંશોધનની ઉચિત પદ્ધતિનો વિનિયોગ કરી તારવેલાં વિધાનોને ક્યાં તો અનુમોદન આપવું અથવા નકારવાં.

એક ઉદાહરણ લઈએ : મૂડીવાદ એમ કહે છે કે આર્થિક વૃદ્ધિ થવાથી ગરીબી દૂર થશે. કેટલાક અભ્યાસોના નિષ્કર્ષ રૂપે આવું વિધાન – પરિકલ્પન – તારવી શકાય. આ તર્કના મૂળમાં ઝમણ (પરકોલેશન)નો સિદ્ધાંત ગોઠવાયેલો હોય છે.

હવે યોગ્ય સંશોધન દ્વારા સાબિત થાય કે કેરાલા જેવા રાજ્યમાં આર્થિક વૃદ્ધિ ઓછી હોવા છતાં લોકોની સુખાકારી વધુ છે. અને ગુજરાત જેવા રાજ્યમાં આર્થિક વૃદ્ધિ વધુ હોવા છતાં સુખાકારી પ્રમાણમાં ઓછી છે તો ઝમણનો સિદ્ધાંત સાચો નથી એમ સાબિત થશે.

જ્ઞાનના દર્શનશાસ્ત્રના ક્ષેત્રમાં Kuhn અને Lakatos આ પ્રક્રિયાને ફોલ્સિફિકેશન – જૂઠ ફેલાવવું – કહે છે. જ્ઞાન ક્ષેત્ર આવાં અનેક ફોલ્સિફિકેશન ઉપર આગળ વધતું જાય છે. જ્ઞાનનું ક્ષેત્ર પરિકલ્પન, સંશોધન અને તારણોના આધારે મજબૂત બનતું રહે છે. દેખીતી રીતે જ, જ્યાં સંશોધન દ્વારા જ્ઞાનવિકાસ ચાલતો હોય ત્યાં કર્મ, નસીબ, કોઈક અજ્ઞાત શક્તિની રચના વગેરે જેવા વિચારો નિરર્થક બનતા હોય છે. આપણા રૉકેટ વિજ્ઞાનીઓ, રૉકેટ છોડવાની તમામ ગણતરીઓ કરીને તેમજ ચકાસણી કર્યા બાદ કોઈક દેવમંદિરમાં જઈને નાળિયેર વધેરે છે. આ જ વિજ્ઞાની જો અમેરિકાની નાસા સંસ્થામાં નોકરી કરતા હોય તો નાળિયેર વધેરવા ક્યાંય જતા નથી. આ ઘટના દર્શાવે છે કે નાળિયેર ફોડીને પરાશક્તિની સહાય મેળવીને રૉકેટ છોડવાથી સફળતા મળે છે તે પરિકલ્પના નિરાધાર છે. આ વિજ્ઞાનનો માર્ગ છે અને વિકાસ માટે તે જરૂરી છે. વિજ્ઞાનની તરફેણમાં આ મજબૂત દલીલ છે.

રૉકેટ છોડવું અને શાળા કૉલેજમાં શિક્ષણ આપવું તે બે સમાન પ્રવૃત્તિઓ નથી. રૉકેટ છોડવામાં તમામ પરિસ્થિતિઓ સંપૂર્ણ કાબૂમાં હોય છે. એકાદ પરિસ્થિતિ પણ બગડે તો 'Mission Abort' – રૉકેટ છોડવાના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કાર્યક્રમને પડતો મૂકવાની સૂચના અપાય છે. પણ શિક્ષણની પ્રવૃત્તિ જુદી છે. તેમાં અભ્યાસક્રમ અને પરીક્ષા ઉપર કાબૂ હોય છે, બાકીનું બધું કાબૂ બહાર હોય છે. આથી શિક્ષણના સંશોધનમાં પરિકલ્પન અને પરિણામ બાબતે વિશેષ સાવચેતી આવશ્યક બને છે.

અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ધર્મ અને રાજકારણ એવાં ક્ષેત્રો છે જેમાં શિક્ષણ વિશે પરિકલ્પનો અને સંશોધનો હાથ ધરાયાં છે/ધરાતાં રહે છે.

■ **અર્થશાસ્ત્ર** : પાકિસ્તાનના મહેબુબ-ઉલ-હક અને ભારતના અમર્ત્ય સેન દ્વારા Human Development Index ની કરેલી રચના દ્વારા આપણે 'માનવ વિકાસ સૂચકાંક' જાણી શકીએ છીએ. જીડીપીમાં મપાતી આર્થિક વૃદ્ધિના વધારા સાથે માનવ વિકાસ સૂચકાંકને ખાસ મેળ પડતો નથી.

આર્થિક વૃદ્ધિને ઉપાસ્ય માનવામાં જોખમો રહ્યાં છે. શિક્ષણે જો સતત 'કોર્સ કરેક્શન' કરતાં જ રહેવાનું હોય તો ભાવિ સમાજ વિશે વિચારવું જ રહ્યું. મૂડીવાદી/સામ્રાજ્યવાદી સમાજ આખરે બેકારોની ફોજ ઊભી કરશે. આ લોકો ઉપર સત્તા એવી હાવી થઈ જશે કે તેમની બોલતી બંધ થઈ જશે. પર્યાવરણ કેવું બનશે તેનું એક ઉદાહરણ દિલ્હી પૂરું પાડે છે. આવા સમાજમાં 'મૂળ સોતાં ઊખડેલાં' કરોડો માણસો ઘરબાર છોડીને - માઇગ્રન્ટ મજૂર તરીકે શહેરોમાં ભટકતા હશે. કોર્પોરેટ જગત અને સત્તાના મેળાપીપણામાં રાજ્ય પણ બેરહેમ બનશે. કલ્યાણ રાજ્યની કલ્પના જ ગુમ થઈ જશે. આ સંજોગોમાં શિક્ષણનું સ્થાન શું હશે ?

શિક્ષણ માટે કેટલાક સાદા સવાલો ઊભા કરવા રહ્યા :

■ **શિક્ષણ** : ૦ કોનું શિક્ષણ ૦ કયા હેતુથી ૦ કોના દ્વારા ૦ શિક્ષણ અને સમાજ, વ્યક્તિનું જીવન અને સુખ સંતોષની પ્રાપ્તિ.

આ પ્રકારના બીજા પણ સવાલો ઊભા કરી શકાય જેનો ઉપયોગ શિક્ષણની પ્રથા અને વ્યવસ્થા ઉપર સતત નજર નોંધી રાખીને મિડ કોર્સ કરેશન કરતા રહેવાય.

અલબત્ત, આની સામે એક સવાલ ઊભો થાય જ : શિક્ષણ પાસેથી આ તમામ બાબતોની અપેક્ષા રાખવામાં આવે તે ઉચિત ખરું ?

શિક્ષણ લેનાર આખરે તો માણસ છે. માણસ માત્ર વિવિધ સ્વરૂપો અને વર્તન દાખવતા રહેતા હોય છે. આમ શિક્ષણ દ્વારા બીબાંઢાળ વ્યક્તિત્વો ઊભાં કરવાનો ખ્યાલ રાખી ન જ શકાય. છતાં વિવિધતા, સર્જનાત્મકતા, સંવેદનશીલતા, સ્વતંત્રતા વગેરે જેવા ગુણોના સામાજિક વિકાસના કાર્યક્રમમાં શિક્ષણ પણ સહયાત્રી બની રહે તેવું વિચારી શકાય.

■ **મનોવિજ્ઞાન** : હવે આપણે શિક્ષણ અને મનોવિજ્ઞાનના આંતર સંબંધો પર વિચાર કરીએ. તાર્કિક દૃષ્ટિએ આવા સંબંધ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર કે ધર્મની બાબતે પણ ઊભા કરીને ચર્ચી શકાય.

શિક્ષક અને શિક્ષણના કાર્યમાં વિદ્યાર્થીઓ અને મનોવિજ્ઞાન કઈ રીતે પ્રભાવક નીવડે છે તેનો એક દાખલો ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના આત્મકથનમાંથી સાંપડે છે. તેમના શિક્ષક વર્ગમાં બેસાડીને ભણાવવાને બદલે દરિયા કિનારે લઈ જતા. ત્યાં હવાની દિશા અને ગતિની સાથે ઊડતાં પંખીઓ પોતપોતાની પાંખોનું સંકલન કઈ રીતે કરતાં તે બતાવીને વિદ્યાર્થીઓને આકાશ, હવા, ઉડાન વગેરેની સમજ આપતા.

ડૉ. કલામના જીવનમાં આ બાબતના ઘેરા પ્રત્યાઘાત પડેલા. વર્ગ ખંડોના નીરસ બંધિયાર અને આક્રમક શિક્ષકો દ્વારા અપાતા શિક્ષણે ઘણી પેઢીઓને બરબાદ કરી નાંખી છે.

કોઈક વ્યક્તિ ઉત્તમ વિદ્યાર્થી હોય અને અધ્યાપક બનવા માટેની શૈક્ષણિક લાયકાત મેળવી લીધી હોય તેટલા માત્રથી તે સારો અધ્યાપક બની ન શકે. શિક્ષણ અધ્યાપનની એક કળા છે. અને તે સૌને માટે સમાન રીતે હાથવગી ન હોઈ શકે. વર્ગખંડમાં બેઠેલા વિદ્યાર્થીને પણ પોતાને શીખવવા આવનાર (શિક્ષક)ને 'નાપાસ' કરવાની સત્તા હોવી જોઈએ - કેમ કે તે ચર્ચાનો મુદ્દો છે.

■ **સમાજશાસ્ત્ર** : શિક્ષણના ક્ષેત્રે સમાજશાસ્ત્રનું વિશેષ મહત્ત્વ છે. આ ક્ષેત્રે વિવિધ માર્ગે વિચાર ચાલતા રહે છે. ભારતના સંદર્ભમાં વિચારીએ તો શું મુસલમાન અધ્યાપક સંસ્કૃત ભાષા શીખવી શકે ? બનારસ હિંદુ યુનિવર્સિટીમાં થોડાંક વરસો અગાઉ બનેલો આ બનાવ છે. એક મુસલમાન વિદ્યાર્થી તરીકે સંસ્કૃત ભાષા ખૂબ સારી રીતે શીખ્યો. અધ્યાપક તરીકે નોકરી માટે જરૂરી એવા તમામ લાયકાત તથા ગુણો તેનામાં હતા. પરંતુ વર્ગમાં બેસતા મોટા ભાગના સવર્ણ હિંદુઓએ તેનો વિરોધ કર્યો. યુનિવર્સિટીએ તેને નોકરીમાંથી કાઢી મૂક્યો.

શિક્ષણ દ્વારા સર્વ સમાવેશી સમાજની રચના કરવી તે પણ એક મહત્ત્વની અવધારણા છે. 'સર્વ શિક્ષા અભિયાન' દ્વારા સમાજના પ્રત્યેક તબક્કાનાં બાળકો, યુવાઓને સમાન મૂલ્યોવાળું શિક્ષણ અપાય તેવી ધારણા કરવામાં આવે છે. ભારતના બંધારણમાં પણ (એકવીસમી કલમ દ્વારા) શિક્ષણને મૂળભૂત અધિકાર ગણવામાં આવ્યો છે. વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડના રાજ્યમાં શિક્ષણ ફરજિયાત હતું. સવાલ એ છે કે શિક્ષણ દ્વારા સમાજને એકરૂપ કરી શકાયો છે ખરો ?

સૌથી મોટી સમસ્યા દલિત, આદિવાસી, લઘુમતી, પછાત વર્ગ વગેરેના શિક્ષણમાંથી ઊભી થાય છે. ડૉ. આંબેડકરનો વિદ્યાર્થી તરીકેનો અનુભવ જાણીતો છે. ખાનગી શાળાઓ અને યુનિવર્સિટીઓ વચ્ચેનો ભેદ સમતાલક્ષી સમાજ સર્જવાની દિશા સૂચવતો નથી.

એક અન્ય બાબતમાં પણ સમાજ અને શિક્ષણ વચ્ચેનો સંબંધ વિચારવા જેવો બને છે. સમાજમાં ઔપચારિક શિક્ષણ લેવા આવનારા સૌ હંમેશાં અનૌપચારિક શિક્ષણ પણ પામતા જ રહે છે. તાજ હોટલનો દાખલો આવા અનૌપચારિક શિક્ષણનું સ્થાન અને મહત્ત્વ દર્શાવે છે. ચોક્કસ પ્રકારના ધાર્મિક કે રાજકીય વિચારો ધરાવનારા શિક્ષક/અધ્યાપક પણ શિક્ષણનો ઉપયોગ પ્રચાર અને ભેદભાવ ઊભા કરવા વાસ્તે કરતા હોય છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ **ધર્મ** : જગતના તમામ ધર્મોએ શિક્ષણના ક્ષેત્રનો ઉપયોગ સ્વપ્રચારાર્થે કર્યો છે. પોતાના ધર્મના વિચારો જ સાચા અને માનવજાતનું કલ્યાણ કરનાર છે તે આ પ્રચારના મુખ્ય મુદ્દા છે. પોતાના ધર્મની શ્રેષ્ઠતા પુરવાર કરવા વાસ્તે અનેક યુદ્ધ થયાં છે અને લાખો લોકોના જીવ ગયા છે. ધર્મથી શાંતિ કે મુક્તિ મળશે એવા આશ્વાસન હેઠળ પણ યુદ્ધો ખેલાયાં છે.

○ ધર્મ શિક્ષણમાં પ્રવેશે ત્યારે ઘણીવાર 'નીતિ'નું રૂપ ધારણ કરે છે. દેખીતી રીતે આ નીતિ-સંકુલ પુરાતન અને પરંપરાલક્ષી છે. આધુનિકતા, તર્કવિવેક કે મનુષ્યલક્ષિતા તરફ ધર્મોની રુચિ ઘણી વાર જોવા મળતી નથી. મૂડીવાદી અને સામ્રાજ્યવાદી પશ્ચિમી જગતે ઊભો કરેલો ઇસ્લામોફોબિયા આનું એક ઉદાહરણ છે.

ધર્મની આ ટીકા છતાં, તેના દ્વારા માનવસમાજોને સુગ્રથિત અને સ્વહિતની પ્રતિપાલક બનાવતા રહેવાની પેરવી પણ નજર અંદાજ થવી ન જોઈએ.

આ વરસે (વર્ષ ૨૦૨૪-૨૫) ભારતમાં અડતાલીસ લાખ લગ્નો થશે, આથી દેશમાં બસો હજાર કરોડ રૂપિયાનો ખર્ચ/ખરીદી થશે. તેથી લાખો રોજગારી - અલબત્ત, ટૂંક સમય માટે સર્જાશે.

પશ્ચિમના રેશનાલિસ્ટ ગણાતા દેશોમાં આવાં લગ્ન કદી જોવા ન મળે. ધર્મની આ બાહ્યતાને લીધે હોટલ અને ટુરિઝમ, રસોઈ અને કેટરિંગ, સંગીત, બ્યુટિશિયન વગેરે ક્ષેત્રોમાં ઔપચારિક તથા અનૌપચારિક શિક્ષણ શક્ય બને છે. આ અડતાલીસ લાખ લગ્નોમાંથી - ખુદા ન કરે - એકાદ લાખ છૂટાછેડાના કેસ પણ સર્જાશે અને તો વકીલોની આમદની વધશે !

○ રાજ્યશાસ્ત્ર સામાજિક ઓળખ ઊભી કરવામાં તથા લાંબા-ગાળાની 'નીતિ'લક્ષતા સર્જવામાં ઉપયોગી છે. મૂડીવાદ, લોકશાહી, સમાજવાદ, ગાંધી-વિચાર ધાર્મિક મતાગ્રહ વગેરે ઊભા કરવામાં તથા તેના વૈશ્વિક અનુભવો તારવીને ઉચિત દિશાનિર્દેશ કરતા બંધારણના ઘડતર તથા અમલમાં રાજ્ય-શાસ્ત્રની વિશેષ ભૂમિકા છે. જોકે અનેક દેશોનો અનુભવ દાખવે છે કે રાજ્યના વહીવટ તથા સંચાલન કોઈ આદર્શ કે નીતિઓના આધારે ચાલતાં નથી. આ સંજોગોમાં રાજ્યને મુખ્ય ડર સત્તાપલટાનો હોય છે. ખાસ કરીને યુવાવર્ગ સત્તા સામે ન પડે તે માટે શિક્ષણના સિલેબસ, વહીવટ પદ્ધતિ વગેરેમાં ચોક્કસ વિચારધારાને પ્રચલિત કરવામાં આવે છે. અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાં મૂડીવાદ - સામ્રાજ્યવાદ તરફી વિચારોને પ્રાધાન્ય અપાય છે. ચીનમાં સામ્યવાદને આગળ કરાય છે. ભારતમાં, ગાંધીવિચારનો પ્રારંભ તો થયો પરંતુ તે લાંબો ચાલી શક્યો નહીં.

આ તમામ ક્ષેત્રોનો પરિકલ્પનો દ્વારા અભ્યાસ થઈ શકે છે અને ક્યારેક થાય છે પણ ખરો.

■ **પરિણામ** : શિક્ષણના ક્ષેત્રે ગમે તેટલી ચોક્સાઈ, અભ્યાસ, ખંત અને ટેકનિકલ જાણકારી સાથે પરિકલ્પના યોજીને અભ્યાસ થાય, છતાં તેના પરિણામે અગાઉ નક્કી કરાય - પ્રોજેક્શન કરાય - તેવાં પરિણામો નીપજાવવા તે કાબૂ બહારનું લક્ષ્ય બની રહે છે. બધી નિશાળો - કૉલેજ - યુનિવર્સિટીઓનું વાતાવરણ, સગવડ, સ્ટાફ, વહીવટ વગેરે સમાન હોતાં નથી. શિક્ષકોની ભરતી કે પગારોની બાબતે પણ અનેક સમસ્યાઓ પ્રવર્તતી રહે છે. આ સંજોગોમાં શિક્ષણના પ્રયાસોનાં પરિણામો વિશે સવિશેષ સાવધાની જરૂરી બને છે. આમ છતાં વિવિધ દેશોમાં વિવિધ સમયે આગવી નીતિઓનાં કેવાં પરિણામો નીપજી શક્યાં તેનું એક વિહંગાવલોકન કરી શકાય.

■ **અમેરિકા (યુ.એસ.)** : અમેરિકા મૂડીવાદ અને સામ્રાજ્યવાદીઓનો ગઢ છે. તેના શિક્ષણમાં ખુલ્લાપણું ઉદારમતવાદ, જવાબદારી, અભ્યાસ અને ખંત, સર્જનાત્મકતા, મનુષ્યલક્ષિતા અને તર્કવિવેક જોવા મળે છે. આ વિશેષતાઓના ફલસ્વરૂપ અમેરિકાના નાગરિકોના નામે કોઈપણ અન્ય દેશની તુલનાએ, સૌથી વધુ નોબેલ ઈનામો, પેટન્ટ, સંશોધન લેખો તથા અભ્યાસો જોવા મળે છે. કોલાજમાં જોયેલા તાજ હોટલના અભ્યાસમાં અમેરિકા હતું, ભારતની કોઈ પણ સંસ્થા ન હતી.

હવેનાં ત્રીસથી પચાસ વરસમાં જગતમાં ત્રણ જબરદસ્ત ક્રાંતિઓ પ્રગટવાની છે એમ દાર્શનિક હરારેનું કથન છે. ૦ ડીજીટલ (AI), ૦ બાયોલોજીકલ અને ૦ પ્રચુર ડેટા.

બાયોલોજીકલ ક્રાંતિ માણસને અમરત્વ બક્ષશે. અને ડેટા દ્વારા અલગોરીધમ વડે સર્જિત મેધા (એ.આઈ.) માણસને વાંછિત જીવન આપશે. આ વાસ્તે અમેરિકા તૈયાર હશે. કદાચ ચીન પણ ત્યાં પહોંચવાની અપેક્ષા રાખી શકે પણ ભારત માટે આ શક્ય જણાતું નથી.

■ **ચીન** : ચીનની વિશેષતા, વૈશ્વિક પરિસ્થિતિ સમજવી, આવશ્યક હોય ત્યાં સંશોધનો વાળવાં તથા ત્વરિત નિર્ણય લેવામાં છે. ચીન શિક્ષણ અને સંશોધન પાછળ મબલખ ખર્ચ કરે છે. તાજેતરમાં ચીને દસ વરસ માટેની શિક્ષણ નીતિ બહાર પાડી. આ નીતિ બનાવતાં પહેલાં તેણે વૈશ્વિક હલચલનો ગહન અભ્યાસ કર્યો. તેને જણાયું છે કે હવેના દસકામાં વિશ્વમાં 'બેટરી'ની માંગ પુષ્કળ વધશે, ઘડિયાળ મોબાઈલ ફોન, રિમોટ, કાર, સ્કુટર, સાયકલ વગેરે અનેક બાબતે બેટરીની જરૂર પડશે.

બેટરીમાં વપરાતા મટિરીયલથી માંડી તેની બનાવટ સુધીના ક્ષેત્રે કામ કરનારા માણસો મળી રહે અને યુવાનોને કામ ધંધો મળી રહે તેવા આયોજન સાથે ચીને પંચાવન યુનિવર્સિટીઓમાં બેટરીના વિવિધ પાસાં અંગેના કોર્ષ શરૂ કર્યા છે. ચીનમાં નોબલ ઇનામ મેળવનારા ખાસ નથી પણ તેનું અર્થતંત્ર અમેરિકા પછી બીજા સ્થાને છે. ચીને પણ શિક્ષણની બાહ્યતા દ્વારા અનેકવિધ મોરચે સિદ્ધિ મેળવી છે.

China : Firm 3D Prints 10 full sized houses in a day.

■ **ભારત** : અંગ્રેજોએ ભારતનું પુષ્કળ શોષણ કર્યું. પરંતુ ૧૮૫૭ના બળવા પછી મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં ત્રણ યુનિવર્સિટીઓ સ્થાપી. સતી-પ્રથાની નાબૂદી, મહારાજ લાયબલ કેસ, વિધવા પુનઃ લગ્ન વગેરે જેવા અનેક સામાજિક સુધારા તેની બાહ્યતા રૂપે સમાજને સાંપડ્યા. આમ છતાં છેક ૧૯૧૧ની વસતી ગણતરી અનુસાર ભારતમાં અગિયાર ટકા લોકો

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્લોબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો - ૨૩ (COP-29)

પર્યાવરણ ક્ષેત્રે ચિંતા કરનારા કેટલાક અભ્યાસુ વિજ્ઞાનીઓ સમયે સમયે સમાજ સમક્ષ આપણને જાગૃત કરવા માટે કેટલાંક મહત્ત્વનાં તથ્યો ઉજાગર કરતા રહે છે. આની થોડી આછેરી ઝલક આપણને ૨૩-૧૨-૨૦૨૪ના Amitabh Sinhaના લેખ "How Global Crises are Connected ?" માં જોવા મળે છે.

લેખમાં કેટલાક રિપોર્ટની વાત છે, જેની આપણે નોંધ લેવી જોઈએ. આ બધા રિપોર્ટમાંથી "The Nexus Report : Nature Based Solutions to the Biodiversity and Climate Crises" માંની કેટલીક વિગતો પર નજર નાંખીશું.

પૃથ્વીના વિવિધ વિસ્તારોમાં વિવિધ પ્રકારની સજીવ સૃષ્ટિ વિકસતી રહી છે. આમાં જંગલો, દરિયો અને દરિયાકિનારાનો વિસ્તાર, ઉપજાઉ ખેતરોની માટી, નદી, નાળાં, પર્વતો, ખીણ વિસ્તારોનો સમાવેશ થાય છે. આ બધા વિસ્તારો પૃથ્વી પર પેદા થતા અંગારવાયુને શોષવાનું કામ પણ કરે છે. હવે રિપોર્ટ આપણને કહે છે - The Protection of the world's Biodiversity and climate action are key for limiting the risks of future pandemics.

ધ્યાન આપવા જેવાં નિર્ણયાત્મક કથનો -

(૧) Nature is under assualt. આપણે કુદરત પર પૂરતા પ્રમાણમાં અત્યાચાર આચરેલો છે.

(૨) Conserving and restoring nature. એ ટકાઉ વિકાસના લક્ષને પાર પાડવા માટે ખૂબ જરૂરી છે.

(૩) Primary Forest and coastal ecosystem are the hignehst priority.

કુદરતી જંગલોની જાળવણી તેમજ દરિયાકિનારાની ઈકોલોજીની જાળવણીને ખાસ મહત્ત્વ આપવું પડશે. આપણી પ્રાથમિકતા કુદરત અને માનવજીવનના આંતરસંબંધોમાં સંતુલન જાળવવાના કામ માટેની હોવી જોઈએ. આનો ભંગ થતાં ‘કોવિડ-૧૯’ જેવી સ્થિતિ સર્જાય છે.

(૪) Provide income support to reduce the Risk of Poverty - induced encroachment into nature. ગરીબ વ્યક્તિ પોતાના અસ્તિત્વને ટકાવવા માટે કુદરતને જફા ન પહોંચાડે તે માટે આર્થિક સગવડની જોગવાઈ કરવી રહી.

ઇન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ IPCC સમયાંતરે રિપોર્ટ પ્રકાશિત કરતી રહી છે. આ બધા રિપોર્ટમાં મુખ્યત્વે 0 Biological Diversity 0 Desertification 0 Wetland જાળવણી 0 Water Scarcity 0 Climate Change 0 Food insecurity જેવા પાયાના પ્રશ્નોની ગહનતા સાથે છણાવટ કરવામાં આવી છે.

તાજેતરમાં પ્રગટ થયેલા સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (CSE) અથવા Down to Earthનાં પ્રકાશનો પણ ખૂબ જ મહત્ત્વનાં છે.

0 નવેમ્બર ૨૦૨૪માં રિપોર્ટ પ્રગટ થયો 'State of Extreme Weather in India 2024, આ સાથે ડાઉન ટુ અર્થનો રિપોર્ટ :

0 State of India's Environment 2024 જે ૫૩૬ પાનાંનો છે, તે પણ જોવો જોઈએ.

પર્યાવરણ પ્રેમીઓએ દર ૧૫ દિવસે પ્રગટ થતા પાક્ષિક 'Down to Earth' ના ગ્રાહક બનવું જ રહ્યું.

0 ૧-૧૫ ડિસેમ્બર ૨૦૨૪નો 'Down to Earth'નો અંક સ્પેશીયલ ક્લાઈમેટ ચેન્જડ અંગેનો છે. આ અંકમાં સંપાદક લખે છે -

We know that we live in the Age of climate Extremes, We are not in Denial.

But we are no longer the Societies that work for common causes.


- Sunita Narain

"Common Causes માટે જગત કંઈ કરી છૂટવા તૈયાર છે?’ આપણે ‘વસુધૈવ કુટુંબકમ’ની વાત કરીએ છીએ, પરંતુ તેમાં છેવાડાના માણસ માટે ઘસાવાની વાસ્તવિક ભાવના કેટલી હોય છે ?

'Worldo meter' ના રિપોર્ટ પ્રમાણે ૧૩ એપ્રિલ ૨૦૨૪ સુધીમાં ૭૦ લાખ ૧૦ હજાર ૬૮૧ લોકો કોરોનામાં મૃત્યુ પામ્યા હતા. યુ.એન. અને ડબલ્યુ.એચ.ઓ. દ્વારા કહેવામાં આવ્યું -

No one is safe until everyone is safe. - No one is safe, until we are all safe.






આવી કપરી પરિસ્થિતિમાં તવંગર દેશોએ આર્થિક રીતે નબળા દેશોને મદદ માટે કેટલો હાથ લાંબો કર્યો ?

"Just 1% of rich Countries spending on covid went to overseas aid.

- 13 April-2021 (Eurodad - European Network on Debt and Development)

જ્યાં સ્થિતિ એવી હતી કે - ‘ઇધર ઝૂમ કે ગાયે જિંદગી ઉધર હૈ મૌત ખડી’ ત્યારે પણ વેક્સિન પરના 'Rights' છોડવા કોઈ તૈયાર ન હતું. ગરીબ દેશોનાં દેવાં માફ કરવા પણ કોઈ તૈયાર નથી.


જલવાયુ પરિવર્તનમાં કોરોનાની માફક પળે પળે મોત ન દેખાય પણ લાખો લોકોનું જીવવું મુશ્કેલ બની જઈ રહ્યું છે ત્યારે પણ આર્થિક રીતે નબળા દેશોને Mitigation and Adoption માટે પ્રતિવર્ષ કમસે કમ ૧ ટ્રીલિયન ડોલરની મદદ મળે તેમ થવું જોઈએ, તેને સ્થાને માત્ર 300 બિલિયન ડોલરની રકમ આપવાની જાહેરાત COP-29 સંમેલનમાં કરવામાં આવી. આ આપણા સમૂહજીવનની ભાવના અંગેનું ચિત્ર છે ! કલાઈમેટ ચેન્જ અને બાયોડાઈવર્સીટીના થયેલા નુકસાનને આર્થિક રીતે જોતાં પ્રતિવર્ષ ૧૦ થી ૨૫ ટ્રિલિયન ડોલરનું ગણવામાં આવે છે.

કેટલાંક વર્ષો પહેલાં વર્ષ ૨૦૦૬માં નિકોલસ સ્ટર્ન નામના બ્રિટિશ અર્થશાસ્ત્રીએ પોતાના ‘સ્ટેન રિપોર્ટ’માં જણાવ્યું હતું કે વિશ્વના કુલ જી.ડી.પી.ના માત્ર ૧ ટકા જેટલી રકમ જલવાયુ પરિવર્તનની અસરોથી બચવા માટે વાપરવી જોઈએ. જો આમ કરવામાં નહીં આવે તો વૈશ્વિક જી.ડી.પી.માં ૨૦ ટકા જેટલો ઘટાડો થવાનું જોખમ દેખાય છે. આ રિપોર્ટ પછી કોઈ નક્કર પગલાં લેવાનું આયોજન થયાનું જાણમાં આવ્યું ન હતું. આપણે હવે જલવાયુ પરિવર્તનના કારણે સર્જાતી તીવ્ર ઘટનાઓ તરફ આગળ વધી રહ્યા છીએ. State of Extreme Weather in India-2024 Down to Earth ના રિપોર્ટનો ટૂંકો પરિચય ગુજરાતી છાપા દિ.ભા.માં ‘વસુંધરાનાં વહાલાં દવલાં’ કોલમમાં શ્રી રોનકભાઈ ગજ્જરે કરાવ્યો છે, તે આનંદની વાત છે.













## ■ રિપોર્ટ નોંધે છે -

○ ભારતમાં વર્ષ ૨૦૨૪ના પહેલા ૯ મહિનામાં સર્જાયેલી તીવ્ર ઘટનાઓમાં ○ 3000 લોકો મૃત્યુ પામ્યા છે. ○ ૩૨ લાખ હેક્ટર જમીન પરની ખેતીને નુકસાન થયું છે. ○ ૨ લાખ જેટલા આવાસો-મકાનો નાશ પામ્યાં છે. ○ ૯૪૫૭ જેટલું પશુ ધન નાશ પામ્યું છે.

- મધ્યપ્રદેશમાં સૌથી વધુ ૧૭૬ તીવ્ર ઘટનાઓ સર્જાઈ હતી, જેમાં ૩૫૩ લોકોનાં મૃત્યુ થયાં હતાં. પરંતુ સૌથી વધુ મોત કેરાલામાં થયાં હતાં, આસામમાં ૨૫૬ મોત થયાં હતાં.

- મહારાષ્ટ્રમાં ૬૦ ટકા જેટલી જમીનમાં ખેતીને નુકસાન થયું હતું.

## ■ ૨૦૨૪ના કલાઈમેટ રેકોર્ડર્સ

○ જાન્યુઆરી (૨૦૨૪) મહિનો, વર્ષ ૧૯૦૧થી ભારતનો નવમો સૌથી સૂકો એટલે કે ઓછા ભેજવાળો મહિનો રહ્યો હતો.

○ ફેબ્રુઆરીમાં ૧૨૩ વર્ષમાં તેનું બીજું સૌથી વધુ ન્યૂનતમ તાપમાન રેકોર્ડ થયું હતું.

○ મે મહિનામાં રેકોર્ડ પર વર્ષ ૧૯૦૧થી ચોથું સૌથી વધુ સરેરાશ તાપમાન હતું.

○ જુલાઈ-ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં ૧૯૦૧થી સૌથી વધુ ન્યૂનતમ તાપમાન નોંધાયું.

○ ઉત્તર પશ્ચિમમાં જુલાઈએ આ ક્ષેત્રનું બીજું સૌથી વધુ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## ■ કોલ્ડવેવ્સ - ભૂસ્ખલન, વીજળી અને તોફાન

કોલ્ડવેવ્સ - ૩૮ દિવસ 0 ૧૭ દિવસ વીજળી અને તોફાન 0 ભારે વરસાદ-પૂર અને ભૂસ્ખલન પાંચ દિવસ 0 ૧ દિવસ હિમવર્ષા. 0 ૪૧૯૧૦ હેક્ટરમાં ખેતીને નુકસાન.

## ■ પ્રિ-મોન્સૂન

0 માર્ચથી મે મહિનામાં ૯૨ દિવસમાંથી ૮૩ દિવસમાં આત્યંતિક હવામાન ઘટનાઓ અનુભવી. 0 ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજળી અને વાવાઝોડાં ૭૧ દિવસ, હીટ વેવ્સ ૫૪ દિવસ નોંધાયા. 0 ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના ૪૦ દિવસ અનુભવાયા હતા. આ ઘટનાઓમાં ૫૦૭ મૃત્યુ થયાં. 0 મધ્યપ્રદેશમાં ૧.૨ લાખ હેક્ટર જમીન પર ખેતીને અસર થઈ.

## ■ ચોમાસું

0 જૂન-સપ્ટેમ્બર ૨૦૨૪માં ચોમાસુ ૧૨૨ દિવસ નોંધાયું. 0 આત્યાંતિક હવામાનની ઘટનાઓ સતત ૧૨૨ દિવસ સુધી અનુભવાઈ 0 ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલન ઠેર ઠેર જોવા મળ્યા. 0 વીજળી અને તોફાન ૧૦૩ દિવસ 0 વાદળ ફાટવાની ઘટના ૧૪ દિવસ અને 0 ચક્રવાતના ચાર દિવસ રહ્યા. 0 ૨૭૧૬ માનવ મૃત્યુ 0 30.૪ લાખ હેક્ટર જમીન પરના પાકને અસર થઈ.

○ વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૪નો રેકોર્ડ જોતાં આત્યંતિક હવામાનની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

○ ૨૦૨૩માં ૨૩૫ ઘટનાના દિવસો નોંધાયા જ્યારે ૨૦૨૪માં ૨૫૫ દિવસો નોંધાયા છે.

○ વર્ષ ૨૦૨૩માં ૨૯૨૩ લોકોના મોત થયા હતા જ્યારે ૨૦૨૪માં ૩૨૨૮ લોકોના મોત થયા છે.

○ વર્ષ ૨૦૨૩માં ૧૮.૪૦ લાખ હેક્ટર જમીનમાંના પાકને નુકસાન થયું હતું જ્યારે ૨૦૨૪માં ૩૨ લાખ હેક્ટર જમીનમાંના પાકને નુકસાન થયું હતું.

State of Extreme Weather રિપોર્ટ તૈયાર કરવા માટે શ્રી કિરણ પાંડે અને રંજીત સેનગુપ્તાનો આપણે આભાર માનવો જોઈએ. પુસ્તકમાંની અનુક્રમણિકા પર નજર નાંખીએ.

(જુઓ પાન નં. ૧૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ - ૪

**મેં** મારી વાતની શરૂઆત ભારતીય પર્યાવરણ ચળવળ પર ગાંધીની જે સ્પષ્ટપણે દેખાતી અસર છે તેને સ્વીકારીને તેની ચર્ચાથી શરૂ કરી હતી. તે પછી મેં એ તપાસ આદરી હતી કે ગાંધી આજની નિસર્ગની વિશિષ્ટ સમસ્યાઓને કઈ હદ સુધી કલ્પી શક્યા હતા. પુરાવાઓ દર્શાવે છે કે ગાંધીના વિચારો અને તેમના અનુયાયીઓ - જે.સી.કુમારપ્પા અને મીરાંબહેનના વિચારો આજની પર્યાવરણની ચળવળ માટે પૂરેપૂરા ઉપયોગી છે.

હવે આપણે વ્યાપક રીતે પ્રવર્તમાન એક બીજા વિચાર તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. એ વિચારનાં મૂળિયાં એ વાતમાં પડેલાં છે કે આજની ચળવળ ગાંધીને કેટલી હદે અનુસરી શકે તેમ છે. આ ચળવળના પરિઘ પરનાં જે ઉદ્દામ પરિબળો છે તે કમનસીબે કોઈને સારા અને કોઈને ખરાબ તરીકે ઓળખીને આગળ ચાલે છે. ઉદ્દામ પર્યાવરણવાદી જેટલા ગાંધીને સારા ગણે છે તેટલા જ પ્રમાણમાં નહેરુને ખરાબ ગણે છે. ગાંધીને એક આદર્શ તરીકે ગણાવીને તેનો આદર કરે છે અને તેમને અનુસરે છે. તો વળી એ જ સાથે એ નહેરુને બદનામ કરવા તરફ વળે છે અને એવું કહે છે કે ભારતીય સમાજની પર્યાવરણીય કટોકટી માટે જવાહરલાલ નહેરુ જવાબદાર છે.

ઘણા પર્યાવરણવાદીઓ ખરેખર એવું માને છે કે ગાંધીએ પર્યાવરણ સાથેના વિકાસનું એક સરસ મોડેલ રજૂ કરેલું અને નહેરુએ ગાંધીના આ વૈકલ્પિક માળખાને કચરાપેટીમાં નાંખી દીધેલું. તે પછી સ્વતંત્ર ભારત પર તેમણે મૂડી કેન્દ્રિત પર્યાવરણનો વિનાશ કરતા આર્થિક વિકાસનું મોડેલ લાદેલું. આ વાત તાજેતરમાં ભારતના એક પર્યાવરણવાદીએ પોતાના મુદ્દાને દઢતા બક્ષવા કહી હતી જે આજે બ્રિટનમાં રહે છે. એ તો જાણીતું છે કે ગાંધી અલ્હાબાદના નહેરુના પૈતૃક ઘરમાં રોકાયા હતા ત્યારે તેમણે એક સવારે એક ડોલ ભરીને પાણી નહાવા માટે માંગેલું. નહેરુએ એમને બે ડોલ પાણી મોકલ્યું. વળી કહ્યું પણ ખરું કે ગાંધીજી, અલ્હાબાદમાં ગંગા અને યમુના જેવી મોટી બે નદીઓનો સંગમ છે. અહીં પાણીની કદી અછત હોતી નથી.

આ પ્રસંગ દર્શાવે છે કે ગાંધી કેટલા કરકસરિયા હતા અને એમના યજમાન કેટલા ઉડાઉ હતા. ૧૯૪૭ પછી આ જ ઉડાઉપણું નવા રાષ્ટ્રના વિકાસના માર્ગ માટે કઈ રીતે પ્રયોજાયું તે આપણે જોયું છે. જોકે આ વાતનો કોઈ પુરાવો નથી. તે પર્યાવરણવાદીની કલ્પનાનો હોઈ શકે છે. પણ ગાંધીવિચારના પર્યાવરણવાદીઓ આજે પણ આ વાત માને છે. હું આવા બીજા ઘણા દાખલા આપી શકું પણ મારે એવો એક અહીં આપવો છે. કેટલાંક વર્ષો પૂર્વે એક લેખ પ્રગટ થયેલો. તેમાં એક જાણીતા ભારતીય પર્યાવરણવાદી લેખકે દાવા સાથે કહેલું કે ગાંધીએ વધુ પડતા વપરાશના વિકાસના માર્ગને ત્યજી દેવા જવાહરલાલ નહેરુને સમજાવવાનો નિષ્ફળ પ્રયાસ કરેલો.

આ વિધાન બંને બાજુના કર્મશીલો એક વાતને કેવી રીતે જુએ છે તે બહુ સ્પષ્ટપણે દર્શાવે છે. એમાંથી પ્રગટ થતો પહેલો મુદ્દો એ કે પર્યાવરણની બાબતે નહેરુ ઉડાઉ હતા અને ગાંધી કરકસરિયા. બીજો મુદ્દો એ પ્રગટ થાય છે કે ગાંધી પાસે ભારતના વિકાસનું એક વૈકલ્પિક આયોજન હતું જે નહેરુએ પોતાના અહંકારને કારણે તે છોડી દીધેલું. બંનેના મૃત્યુ પછી પર્યાવરણના વિવાદમાં આજે ગાંધી અને નહેરુને જાહેર રીતે એકબીજાના તીવ્ર હરીફ તરીકે રજૂ કરાય છે. એમ કરતી વખતે એ ભૂલી જવાય છે કે એ બંને મહાનુભાવો વચ્ચે કેવો અતૂટ અને અભૂતપૂર્વ મૈત્રીસંબંધ હતો.

ગાંધી અને નહેરુ બંનેના એકબીજાથી વિરોધી અભિગમમાંથી પર્યાવરણવાદીઓએ એક નવો જ કોયડો ઊભો કર્યો છે. તે એ છે કે સ્વતંત્ર ભારતમાં જે વિકાસનો માર્ગ અખત્યાર થયો છે તેમાં પર્યાવરણની વિચારણા બાબતે ઘણી ઘણી અસંવેદના જોવા મળે છે. આ ત્યારે જ્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને એ જ લોકો બહુ આગળના પર્યાવરણવાદી તરીકે ઓળખાવે છે. કરકસરિયા અને શાણા ગાંધીને ઉડાઉ નહેરુ સામે મૂકીને કોયડાને ઉકેલવાનો પ્રયત્ન થાય છે. તેમાં કાવતરાની વાત પણ ઉમેરવામાં આવે છે. કાવતરું એ કે ગાંધી અને નહેરુમાંના ઓછી ઉંમરના જવાહરલાલે ગમે તે રીતે કોંગ્રેસ પરનો પોતાનો કાબૂ પ્રસ્થાપિત કર્યો અને હળવેકથી ગાંધીના વારસામાંથી છુટકારો મેળવ્યો.

આ એક કોયડો તો છે જ, જેનો હું ઇન્કાર કરતો નથી. પરંતુ મારે કહેવું છે કે પર્યાવરણ ચળવળ સામે એક એવો પડકાર હતો તે મારે આ મિત્રોને સમજાવવું રહ્યું. ગાંધીને ધોળા અને નહેરુને કાળા ચીતરવાનો આ સહેલો માર્ગ છે. આમ કરીને આપણે એ બંને વચ્ચે જે તાત્ત્વિક મતભેદ હતો તેને બાજુ પર હડસેલી દઈએ છીએ. સ્વતંત્ર ભારતના ગાંધીના સ્વપ્નમાં ગામડાનો પુનઃઉદ્ધાર કેન્દ્રસ્થાને છે. જ્યારે નહેરુના સ્વપ્નમાં કેન્દ્રસ્થાને ઝડપી ઔદ્યોગિક વિકાસ છે. વૃદ્ધ માણસ પરિવર્તનને સ્થાને સ્થિરતા પસંદ કરે છે. અજંપા એવા નહેરુ સ્થિરતાને સ્થાને પરિવર્તન ઝંખે છે. આ સ્પષ્ટ મતભેદો ઑક્ટોબર-૧૯૪૫ દરમ્યાન બંને વચ્ચે ચાલેલા પત્રવ્યવહારમાં જોવા મળે છે.

સામાજિક અને આર્થિક ઉદ્દેશો સ્વતંત્ર ભારતમાં કયા હોવા ઘટે એ અંગેની કારોબારી સમિતિની બેઠક પછી ગાંધી નહેરુને લખે છે કે ગામડાના સાદા-સરળ જીવન થકી જ આઝાદ ભારત સત્ય-અહિંસાના માર્ગે ચાલી શકશે એમ મારું માનવું છે. આગળ લખતાં ગાંધી ઔદ્યોગિક સમાજને એવા ફુદા સાથે સરખાવે છે જે લાઈટની આજુબાજુ ભલે ફૂદાફૂદ કરે પણ તેનો અંત તો પોતાના મોતમાં જ છે. પ્રત્યુત્તરમાં નહેરુ લખે છે કે મારા મનમાં ગામડું એટલે બૌદ્ધિક અને સાંસ્કૃતિક રીતે પછાત તેથી તે કદી સત્ય અને અહિંસાના સિદ્ધાંતોને સમજી નહિ શકે.

આર્થિક આયોજનનું નહેરુનું ધ્યેય વધુ વપરાશનું નથી. (જે પર્યાવરણવાદીઓ હોવાનું આપણને મનાવી રહ્યા છે.) પણ એ તો ખોરાક,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પહેરવેશ, ગૃહનિર્માણ, શિક્ષણ, આરોગ્ય વગેરેમાં સ્વનિર્ભર બનવા માટે છે. પ્રત્યેક ભારતીયને આપણે સ્વ-નિર્ભર બનાવવો છે. હવે, આ સ્વનિર્ભરતાના ઉદ્દેશ બાબતે નહેરુ અને ગાંધી બંને સંમત છે. પણ બંનેના રસ્તા જુદા છે. તે સમયના બૌદ્ધિકોની માફક જવાહરલાલ બહુ સ્પષ્ટ છે કે જો સ્વનિર્ભર થવું હોય તો તે માટે ઝડપી ઔદ્યોગિકીકરણ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી જ થશે.

આ મતભેદો ઉપરાંત જે સમજવાનું છે તે તો એ કે ગાંધી અને નહેરુ વચ્ચે ઊંડો અને અતૂટ સ્નેહ છે. જુલાઈ-૧૯૩૬માં તેથી જ ગાંધીએ લખ્યું કે : ''હું મારી જાતને જવાહરલાલના હરીફ તરીકે જોતો નથી કે જવાહરલાલ મારા હરીફ નથી.'' અમે હરીફ હોઈએ તો એ બાબતમાં છીએ કે અમે બંને ભલે અલગ અલગ માર્ગે પણ એક જ ધ્યેય સિદ્ધ કરવા માંગીએ છીએ. ઘણી બધી વખત સાથે કામ કરતા હોવા છતાં અને એક જ ધ્યેય સિદ્ધ કરવા મથતા હોવા છતાં અમે અલગ અલગ માર્ગ અખત્યાર કરીએ છીએ. આશા છે કે દુનિયા એ વાત સમજશે કે અમે ક્ષણ માટે પણ જુદા પડ્યા નથી. ફરી ફરી પરસ્પરના વધતા આદર અને સ્નેહ સાથે મળતા રહ્યા છીએ.

મને સમજ નથી પડતી કે પર્યાવરણવાદીઓ ગાંધી-નહેરુ વચ્ચેના પ્રગટ દ્વૈત અને અદૃશ્ય અદ્વૈતને સમજી શકશે કે નહિ. એ ભૂલી જાય છે કે મહાત્માએ છેક ૧૯30ના દાયકાની શરૂઆતમાં જાહેર રીતે પોતાના વારસદાર તરીકે નહેરુને જાહેર કર્યા હતા. તે પછીનાં વર્ષોમાં એ વાતને વળગી રહ્યા હતા. આ લોકોએ ૧૯૪૦ના મહત્ત્વનાં વર્ષોમાં શું બન્યું તે વિગતે સમજવાની જરૂર છે. ગાંધીના આર્થિક વિચારોને રાષ્ટ્રિય ચળવળે સ્પષ્ટ રીતે નકારી કાઢ્યા હતા. બૌદ્ધિકો અને રાજકારણીઓ બંને વર્ગમાં એ બાબતે સર્વસંમતિ પેદા થઈ ગઈ હતી કે આઝાદ ભારતમાં ઝડપી ઔદ્યોગિકીકરણ એ જ આર્થિક વ્યૂહરચનાનો સ્વીકૃત માર્ગ હોઈ શકે. આ માર્ગે જ ગરીબી અને બેકારીની સમસ્યાઓનો હલ નીકળશે. સ્વતંત્ર સમાજ મજબૂત અને સ્વનિર્ભર તો જ બની શકશે. નહેરુએ તો આ સર્વસંમતિ પોતાના આગવા વકતૃત્વથી જાહેર રીતે પ્રગટ કરી હતી. ત્યારે નહેરુ પાછળ આવું જ માનવાવાળો નિષ્ઠાવાન અને દેશભક્ત લોકોનો વર્ગ ઊભો હતો.

જ્યારે દેશનો બહુમતી વર્ગ આવું માનતો હોય ત્યારે ૧૯૪૭માં આર્થિક નીતિના ભાગ રૂપે જો ગાંધીમોડેલને સ્વીકારવામાં આવ્યું હોત તો એ બિનલોકશાહી રીતે ઉપરથી લાદવામાં આવેલું ગણવાનું થાય. ગાંધીનો વૈકલ્પિક માર્ગ ખરેખર હાંસિયામાં ધકેલાઈ ગયો, એ વાત જે. સી. કુમારપ્પાના ઉદાહરણથી બરાબર પ્રગટ થઈ રહે છે. ૧૯૩૭માં કુમારપ્પાને કૉંગ્રેસની રાષ્ટ્રિય આયોજન સમિતિમાં અખિલ ભારતીય ગ્રામોદ્યોગ સંઘના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવેલા. પરંતુ જ્યારે આયોજન સમિતિ ગામને આયોજનના કેન્દ્રમાં મૂકવા સંમત ન થઈ ત્યારે તેમને રાજીનામું આપવું પડેલું. એ તો આઝાદી પહેલાંની વાત પણ આઝાદી પછી પણ કુમારપ્પાને આયોજન પંચના પરામર્શક મંડળમાં સર્વસેવા સંઘના પ્રતિનિધિ તરીકે મૂકવામાં આવેલા. પરંતુ જ્યારે આ ગાંધીવાદી અર્થશાસ્ત્રીને એવું સમજાયું કે પોતે એકલા પડી ગયા છે ત્યારે તેમણે સમિતિમાંથી નીકળી જવું પસંદ કરેલું.

આપણા ફાયદાની વાત કરીએ તો, પર્યાવરણવાદ પૂર્વેના યુગના આ બે પર્યાવરણવાદીઓ નામે મહાત્મા અને તેમના શિષ્ય નહેરુને આ રીતે સમજવાનું શક્ય છે. વિરોધાભાસ એ છે કે ભારતના પહેલા વડાપ્રધાન રાષ્ટ્રિય ચળવળના બહુમત બૌદ્ધિક અભિપ્રાયનું પ્રતિનિધિત્વ કરતા હતા. એ અભિપ્રાય એ હતો કે ભારતને ફરીથી શક્તિવાન બનાવવું હોય તો એ મહત્તમ ઔદ્યોગિકીકરણથી જ શક્ય બનશે. આપણે બહુ યોગ્ય રીતે ગાંધી અને કુમારપ્પાનું સન્માન કરી શકીએ કેમ કે એ બંને પોતાના સમયથી આગળ હતા. પણ તે સાથે નહેરુનો અનાદર કરવો તે ઇતિહાસથી વિપરીત કાર્ય ગણાશે. કારણ કે સમય નહેરુના પક્ષે છે.

એડવર્ડ કારપેન્ટર નામના મહાન અંગ્રેજ સમાજવાદીએ એક વાર કહેલું કે એક યુગનો ઉપેક્ષિત એ બીજા યુગનો વીરનાયક હોઈ શકે છે. વિપરીત રીતે એમ પણ કહી શકાય કે એક યુગનો વીરનાયક એ બીજા યુગનો ઉપેક્ષિત પણ હોઈ શકે છે, તેમ કહેવું ખોટું નથી. નહેરુને પોતાના સમયમાં જેટલાં માન-સન્માન અને પ્રેમ મળ્યાં છે તેટલાં ભાગ્યે જ કોઈ બીજાને મળ્યાં હશે. છતાં મૃત્યુ પછી એમને જેટલા બદનામ કરવામાં આવ્યા છે એટલું બીજું કોઈ બદનામ થયું નથી. આજે તો એવું જણાય છે કે સાંપ્રત ભારતમાં જે કંઈ ખોટું છે એ બધા માટે જાણે નહેરુ જવાબદાર હોય. જમણેરી પરિબળો નહેરુને સુડો સેક્યુલારિઝમની નીતિઓ બદલ જવાબદાર ઠેરવે છે. કોમી વિસંવાદિતા અને આર્થિક સ્થગિતતા માટે એમના સરકારી આયોજનને જવાબદાર ગણે છે. તો બીજી તરફ ડાબેરીઓ આજની આર્થિક અસમાનતા અને પર્યાવરણ વિનાશના મૂળિયાં એ જ નહેરુના સુડો સમાજવાદના અમલીકરણમાં અને પર્યાવરણીય ઉધ્ધતાઈમાં જુએ છે.

બધા જ દોષનો ટોપલો પર્યાવરણ ચળવળવાળા અને બીજા પણ નહેરુ પર ઢોળે છે ત્યારે એ ભૂલી જવાય છે કે જેમ સમય બદલાય છે તેમ માણસો અને તેમના વિચારો પણ બદલાતા હોય છે. સરદાર સરોવર યોજનાની આસપાસના વિવાદનો જ દાખલો લઈએ. પર્યાવરણવાદીઓ એને લઈને ગાંધી/નહેરુ વિરોધને વ્યક્ત કરે છે. યોજનાના ટીકાકારે તે અંગે એવું લખેલું કે ડેમનું પાણી વધવાની સાથે પ્રાચીન ઐતિહાસિક મંદિર પણ ડૂબમાં જવાનું છે. પછી ઉપમા આપી કે ''જવાહરલાલ નહેરુના આધુનિક ભારતનું એક મંદિર'' એમ પણ કહ્યું.

જે વ્યક્તિ દાયકાઓ પૂર્વે અવસાન પામી તેને આજે ડેમના બાંધકામ બદલ અપરાધી ઠેરવવામાં આવે છે. કારણ માત્ર એટલું જ કે નહેરુએ આઝાદી પછી આવા મોટા બંધ બાંધવા માંડ્યા ત્યારે એ બધાને આધુનિક ભારતનાં મંદિરો ગણાવેલાં. પણ આપણે નહેરુ જેવા ઉદાર અને ખુલ્લા મનવાળી વ્યક્તિ માટે આવું કહેતી વખતે એવો વિચાર કરતા નથી કે એમની સમક્ષ મોટા બંધનાં નવાં નકારાત્મક પાસાં રજૂ થયાં હોત તો કદાચ તેમણે પણ પોતાનો મત બદલવાનું યોગ્ય ગણ્યું હોત. માત્ર મારી જ વાત કરું તો મને તો એવું લાગે છે કે નહેરુ અને ગાંધી જો આજે હયાત હોત તો સરદાર સરોવર વિવાદ સંદર્ભે એ બંને જણ એક પક્ષે જ હોત, એ નિઃશંક વાત છે.

**– રામચંદ્ર ગુહા**

અનુ.ડંકેશ ઓઝા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# માંગને સે જો મૌત મિલ જાએ...

ડિસેમ્બર ૨૦૨૪ની પ્રારંભિક તારીખોના ઘણા ચિંતાજનક સમાચારો વચ્ચે એક વિચારપ્રેરક સમાચાર છે. બ્રિટનની પાર્લામેન્ટે બહુમતીથી ઇચ્છા-મૃત્યુને કાનૂની મંજૂરી આપી છે. માણસ એ હદે બીમાર હોય કે મુંબઈની પેલી કમભાગી નર્સની જેમ દાયકાઓથી કોમામાં હોય કે એ હદે વૃદ્ધ હોય કે એને (અને સ્વજનોને પણ) લાગે કે ''આ જીવન હવે લંબાવવું નિરર્થક અને પીડાદાયી છે'' ત્યારે એ જીવનની સમાપ્તિ જ ઇચ્છનીય ગણાય.

આ જ દિવસોમાં 'સદ્ભાવના સાધના' સામયિકમાં વિસનગરના ડૉક્ટર દ્વારકાદાસ જોશીની જીવનકથામાં વાંચ્યું કે એમણે હવે આ જીવન લંબાવવું નિરર્થક છે એમ સમજીને ૯૪ વર્ષની વયે એક નિશ્ચિત તારીખથી ખાવાનું અને કેટલાક દિવસ પછી પાણી પીવાનું પણ બંધ કર્યું, અને એ રીતે પોતાનું સાર્થક જીવન સમાપ્ત કર્યું.

મારા સસરાજી, વૈદ્ય શાસ્ત્રી અમૃતલાલ કે. રાવળે પણ ૯૫ વર્ષની વયે એક માંદગી આવી એટલે દવા અને ખોરાક પાણી લેવાનું બંધ કર્યું હતું. માત્ર ને માત્ર ગંગાજળ લેતા. એ ખૂબ નિરાંતે અવસાન પામ્યા. સારું થયું કે ડૉ. જોશી અને દાદાજીને કાનૂને સતાવ્યા નહિ. બાકી હજુ હમણાં સુધી (૨૦૧૪ સુધી) આપણા દેશમાં બ્રિટિશ પ્રણાલિકાઓના કાનૂનોની બોલબાલા હતી.

ખ્રિસ્તીધર્મમાં વાસ્તવમાં ગર્ભપાત સહિત કોઈ પણ પ્રકારના જીવ-નિર્વાણને અપરાધ ગણવામાં આવતા. દેશના તત્કાલીન ફોજદારી કાનૂનની ૨૦૯ કે ૩૦૯ કે એવી કોઈ કલમ હેઠળ આપઘાતનો પ્રયાસ કરનારને એક વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા કેદ અને દંડ, એ બંનેની સજા કરવાની જોગવાઈ હતી. આપઘાત આદરનાર અગર મરણ પામે તો તો છૂટી જાય, પરંતુ જીવી જાય તો જે યાતનામાંથી કે નાલેશીથી કે બદનામીથી બચવા માટે એ મરી જવા આતુર હોય તે તો ભોગવે જ, ઉપરાંત જેલ ભોગવે. કદાચ ૨૦૧૪માં ભારતની સંસદે આ કલમ રદ કરી છે. હમણાં નવા બનેલા કાનૂનોમાં શી પરિસ્થિતિ છે એની ખબર નથી. એક જૂની કહેવત છે : માગ્યાં મોત ન મળે ! અને જો માગ્યાં મોત મળે તો ? લતા મંગેશકરે ગાયેલી એક ગઝલ જૂની પેઢીના નાગરિકોને તો ખૂબ યાદ હશે. નવી પેઢીમાંયે ઘણાંએ સાંભળી હશે :

*''માંગનેસે જો મૌત મિલ જાતી તો*
*કૌન જીતા ઇસ જમાને મેં....''*

જો માંગવાથી મોત મળી જાય તો, આ જમાનામાં કોણ જીવવા માંગે ? સાસરિયાંના ત્રાસથી છૂટવા કોઈ યુવતી આપઘાત કરવા જાય પણ મરી ન શકે તો પોલીસ, વકીલ, અદાલત અને સમાજનો અમાનુષી ત્રાસ તો ચાલુ રહે.

આપઘાતનું આ એક પાસું છે. કોઈને આપઘાત માટે પ્રેરવા અથવા એની પાસે આપઘાત સિવાય કશો વિકલ્પ જ ન રહે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું એ બીજું પાસું છે. આ સંજોગોમાં તો, આપઘાતની ઘટનામાં વ્યક્તિ સફળ થાય કે નિષ્ફળ જાય એને આ પગલું ભરવા માટે મજબૂર કરનાર અપરાધી જ રહે છે. એટલે કે આપઘાત કરનાર માટે આપઘાત ગુનો ન ગણાય તોય આપઘાતની પ્રેરણા આપનાર તો અપરાધી ઠરે છે.

આપઘાતની ઘટનાનાં બે અન્ય પાસાં પણ છે. એક : વ્યક્તિ સ્વયમેવ સ્વ-નાશનો માર્ગ શોધી લે તે એક પાસું છે. ઝેર ખાવું કે પીવું, ગળે ફાંસો ખાવો, અગ્નિસ્નાન કરવું, જળ સમાધિ લેવી, ટ્રેઈન જેવા વાહન હેઠળ કચડાઈ મરવું, બંદૂક-પિસ્તોલ હાથવગી હોય તો એની ગોળી પોતાની ખોપરીમાં કે છાતીમાં દાગવી વગેરે... વગેરે. એક રીત છે તેમાં પેટમાં પોતાની તલવાર ભોંકવી એ જાપાનની હારાકીરી નામની આપઘાતની રીત પણ આવી જાય છે. બીજી રીતે પોતાને મારી નાખવા માટે કોઈક અન્યને પ્રેરણા, ઉશ્કેરણી કરવી કે આજ્ઞા કરવી, આ બીજા પ્રકારે પોતાના જીવનનો અંત આણવાના પણ અનેકવિધ રસ્તા છે.

મધ્યયુગીન મૂલ્યોનું જ્યારે પ્રવર્તન હતું ત્યારે અગર પતિ દુશ્મનને હાથે હારે અને મરે એવું નિશ્ચિત જણાય ત્યારે પત્ની પોતાના પતિને વિનવતી કે મને મારી નાંખો ! મારી કાયા દુશ્મનને હાથ પડે અને એ કાયાને ચૂંથે એ અગાઉ જ મારા પ્રાણ હરી લો ! આ પ્રકારના વ્યક્તિગત કિસ્સા પણ બનતા અને સામૂહિક પણ બનતા, રાજપૂત રાજાને અને એના સાથીઓને સંપૂર્ણ ખાતરી થઈ જાય કે હવે પોતાના નગરનું રક્ષણ થઈ શકે તેમજ નથી અને રક્ષણની કોશિશ કરતાં કરતાં પોતે સૌ મરી પરવારવાના છે ત્યારે તેઓની પત્નીઓ એમને વિનતી કે અમને અગ્નિને હવાલે કરીને પછી કેસરિયાં કરો. અને સ્ત્રીઓ જ નહિ, પુરુષ લડવૈયાઓને પણ જ્યારે હાર અને બંધન નિશ્ચિત જણાય ત્યારે દુશ્મનને હાથ પડવું અને અપમાન સહેવું અને દુશ્મનને હાથ મરવું પસંદ નહિ કરતાં વીર યોદ્ધાઓ પોતાના સાથીના હાથે મરવાનું પસંદ કરતા.

મધ્યયુગની એકાદ વાર્તા અમે એવી પણ વાંચી છે કે જે દુશ્મન સામે પોતે હારી રહ્યા છે એ દુશ્મન એવી પ્રણાલિકા ધરાવે છે કે પોતે જેને મારે તેનું મસ્તક ભાલાની અણી પર ચડાવીને એનું ફૂલેકું ફેરવે છે ! આવા સંજોગોમાં હારનાર લડવૈયો પોતાના વફાદાર અનુચરને આજ્ઞા કરે કે મારું મસ્તક કાપીને તું દૂર દૂર નાસી જા ! ક્યાંક મસ્તકને અગ્નિદાન દઈ શકાય તો તેમ, નહિ તો એને નદીમાં પધરાવજે !

પતિને, સાથીને, અનુચરને આમ પ્રાણ હરવા અનુરોધ કરવા ઉપરાંત આ બીજા પ્રકારમાં તબીબને મારા પ્રાણ હરો એમ વિનવવાનો વિકલ્પ રહે છે. અલબત્ત, તબીબો-ડૉક્ટરો કોઈનોય પ્રાણ જાય એમ ઇચ્છતા ન હોય, અને કોઈને આપઘાતમાં સહાય કરવાનું તો ન જ વિચારે. એક સર્વ સામાન્ય માન્યતા (અને આગ્રહ પણ) એ જ છે કે ડૉક્ટર તો પ્રાણ આપે, પ્રાણ લે નહિ. (ધંધાદારી દષ્ટિકોણથી જોઈએ તોય, ડૉક્ટરને દર્દી જીવે અને દૂઝણી ગાયની જેમ ફી આપ્યા કરે એમાં રસ હોય. દર્દી મરે અને આવક ટળે એમાં રસ ન હોય).

પરંતુ ક્યારેક સ્થિતિ જ એવી આવે છે કે મૃત્યુ એ મુક્તિ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સમાન હોય છે. કેન્સરના અંતિમ તબક્કાની વેદના ભોગવતી વ્યક્તિ કે અલ્ઝાઈમર ડિસીઝની તીવ્રતા જેવી અતિ દુઃખદાયી સ્થિતિથી પીડાતી વ્યક્તિ માટે મૃત્યુ તો અસહ્ય વેદનામાંથી દયામય મુક્તિ ગણાય. આવી વ્યક્તિને મુક્તિ આપવાની ઘટનાને મર્સીકિલીંગ કે ઇચ્છામૃત્યુ કહે છે. આપઘાતના આ પ્રકારને કાયદેસર ગણવા માટેનો પણ એક ઠરાવ આપણી સંસદમાં છેક ૧૯૭૬માં રજૂ થયેલો, જોકે આ પદ્ધતિ અંગે સમાજમાં ડર પણ છે. કેટલાંક લોકો આ જોગવાઈનો આશરો લઈને અણગમતા પરિવારજનને પતાવી પણ દે !! ખાસ કરીને વૃદ્ધજનો માટે આ ડર સાચો પણ હોય.

મર્સી કિલિંગને બહાને માંદી વ્યક્તિઓ ભણી નિર્દયતાની આ પ્રકારની સંભાવના છતાં અમેરિકામાં અને બ્રિટનમાં પણ મર્સીકિલિંગને માન્યતા આપવાની માંગ વારંવાર ઊઠતી રહી છે અને વર્ષ ૨૦૦૦માં ઉત્તર યૂરોપના નાનકડા દેશ નેધરલેન્ડ - (હોલેન્ડ)ની સંસદે મર્સી કિલિંગનો ઠરાવ મંજૂર કર્યો છે, ઉત્તર યુરોપનો આ દેશ તેમજ પડોશના નોર્વે અને સ્વીડન જેવા અન્ય દેશો ક્રાંતિકારી (અને જુનવાણીઓને હળાહળ 'પાપ' લાગે એવા) કાનૂનો માટે જાણીતા છે. પુરુષ-પુરુષ વચ્ચેના અને સ્ત્રી-સ્ત્રી વચ્ચેના લગ્નને કાયદેસરતા બક્ષનાર આ દેશો છે. ફિલ્મમાં, નાટકમાં જો કથાની આવશ્યકતા હોય તો નગ્નતાની છૂટ આપનાર આ દેશો છે. એવા એક દેશમાં ઇચ્છામૃત્યુને કાનૂની બનાવવામાં આવે એની નવાઈ નહિ.

અલબત્ત, આપઘાત સામેની દલીલો જેવી જ આ પ્રેરિત આપઘાત સામે પણ છે. ઘણાને મન આ જોગવાઈ (આપઘાતને અપરાધ નહિ ગણવાની જોગવાઈ) ધર્મ, માનવતા, તબીબી નૈતિકતા, કૌટુંબિક પ્રેમ, એ બધાની ઉપરવટ જતી જણાય છે. માનવી જેવા માનવીને જાતે મરવાનો અધિકાર આપવો અથવા એ કોમામાં હોય કે બેહોશ હોય તો એનાં સગાંને જો અધિકાર આપવો શું યોગ્ય છે ? માનવી બીમાર હોય એમાંથી પુનઃ સ્વસ્થ નહિ જ થઈ શકે એમ માની લેવામાં શું ડહાપણ છે ?

ઘણા સમય સુધી કોમામાં રહેનાર માનવી પુનઃ સભાન બન્યાનાં ઉદાહરણો શું નથી મળ્યાં ? કેટલાક વિચારકો વળી આવી જોગવાઈને મૃત્યુદંડ (કેપિટલ પનિશમેન્ટ)ના સંદર્ભમાં જોવા સૂચવે છે. ઇતિહાસ-પર્યંત એવાં અનેક ઉદાહરણ મળ્યાં છે કે માનવીને મૃત્યુદંડ અપાઈ જાય તે પછી નવા પુરાવા કે નવી માહિતી સૂચવે છે કે મરનારનો કશો દોષ નહોતો ! એ સંજોગોમાં મરનારને પાછાં આણી શકાતાં નથી. એવું જ કોમામાં સરી પડેલી વ્યક્તિને મરણ આપવાથી બની શકે ને ? આ કોમામાંથી ઊગરે એવું એના કેસ-પેપર્સ પરથી સીનીઅર ડૉક્ટર તારવે, પરંતુ ત્યાં સુધીમાં તો એની રાખ પણ ઊડી ચૂકી હોય ને !!

જોકે હોલેન્ડમાં વિચારસરણી જુદી છે. અમારી સામે જૂના આંકડા છે, એ મુજબ ૧૯૯૬થી ૨૦૦૦ સુધીનાં પાંચ વર્ષમાં ત્યાં ૨૫૬૫ ઇચ્છા-મૃત્યુ (આપઘાત) યા દયામૃત્યુ (મર્સી કિલિંગ) થઈ ચૂક્યાં હતાં. અરે ત્યાંની સંસદે ૧૦૪ વિરુદ્ધ ૪૦ મતથી આપઘાત - દયામૃત્યુની છૂટ આપતો જે કાનૂન પસાર કર્યો છે એમાં 'મારે મરવું છે' એવું નક્કી કરવાનો અધિકાર ૧૬ વર્ષ કે તેથી વિશેષ વય ધરાવતી દરેક વ્યક્તિને આપ્યો છે !

હવે આપણે આ લેખનું શીર્ષક ફરી વાંચીએ : ''માંગને સે જો મૌત મિલ જાએ....'' તો ગરીબ ભારતમાં કેટલાં લોકો જીવવાનું પસંદ કરે ! થઈને ચિંતા ! જી, હા, માગ્યાં મૉત મળવાની સંભાવના આપણા દેશમાં તો ગંભીર ચિંતા પ્રેરે છે. આપણા દેશમાં ભયાનક બેહાલીમાં જીવતી એટલી બધી વ્યક્તિઓ છે કે ઘણીબધી આપઘાત કોશિશો થશે. જે સફળ થશે તે તો પરવારી જશે. એમના પર કાનૂની કારવાઈ નહિ થાય. અરે બચી જશે એમના પર પણ કાનૂની કારવાઈ નહિ થાય.

પરંતુ લાખ ટકાનો સવાલ ઊભો જ રહેશે : એમની બેહાલીનું શું ? એટલું જ નહિ. અહીં આતવારે ને છાશવારે ત્રણ-પાંચ-સાત-નવ બચ્ચાં જણવાના અનુરોધ થયા કરે છે. બીજી બાજુ લસણ છસો રૂપિયે કિલો જેવી મોંઘવારી પ્રવર્તે છે. આ સંજોગોમાં આપઘાત કરવા કેટલાં પ્રેરાશે ?

વાસ્તવમાં આપઘાત અને દયા મૃત્યુ જેવા વિષયો વધારે ચિંતન માગી લે છે, જનજીવનની સ્થિતિ અંગે. એક એવી પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ અને દેશની આર્થિક-સામાજિક, ધાર્મિક પરિસ્થિતિ એવી બનવી જોઈએ કે કોઈનેય આપઘાતનો વિચાર ન આવે. કોઈનીય સ્થિતિ એ હદે ન બગડે કે એને મરણ આપવું પડે.

ઋત - ૪૭/એ, નારાયણનગર, **- યશવન્ત મહેતા**
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૪૨૮૦૪૬૦૪૩

---

**જીવનદેવતાને ચરણે...** (પાન ૧૯નું ચાલુ)

શબ્દ દ્વારા જીવન પ્રગટ થાય છે. એવો 'સર્જક શબ્દ' પામવો એ દરેક સર્જકની ઉપાસના હોય છે. મારી પણ એ જ ઉપાસના રહી છે. વળી લેખન માટે મેં કદી પ્રાપ્તકર્તવ્યની ઉપેક્ષા કરી નથી. લોકભારતીનું કાર્ય કે નિવૃત્તિ પછીની અમદાવાદની પ્રવૃત્તિઓને અડચણરૂપ નથી ગણી. ઊલટું મારા કાર્યે મારી સંવેદનાને વાજબી દૃષ્ટિ આપી છે.

હું નિસંકોચ કહી શકું કે કર્મ અને લેખન મારાં પૂરતાં પૂરક થયાં છે. એટલે નારાયણ દેસાઈએ 'અનુભવની એરણે' પરની પ્રસ્તાવનમાં નોંધ્યું છે કે 'એમાં શબ્દનો આડંબર નથી, પણ સચ્ચાઈની શોભા છે. અતિશયોક્તિ નથી, પણ ચોટડુક ઉક્તિ છે. મનસુખભાઈનું કામ, તેમની વિચારયાત્રા અને તેમના લેખનને છૂટાં પાડી શકાય તેમ નથી.' આ યથાર્થ અવલોકન છે. જીવનદેવતાના અર્ધ્યમાં મેં સાહિત્યકૃતિઓ દ્વારા થોડાં પુષ્પો ધર્યાં છે એ મારી મોટી પ્રાપ્તિ છે.

મુ.રઘુવીરભાઈ ગુજરાત વિદ્યાપીઠમાં મને એમ.એ.માં દાખલ કરાવવાથી લઈને આજ સુધી મારા સદ્ભાવી વડીલ રહ્યા છે. 'જીવતર નામે અજવાળું'ને તેમણે સૌથી પહેલું પોંખ્યું હતું. તેમનો આભારી છું. મારા પરિવારની અને અનેક વડીલ-મિત્રોની મને હૂંફ મળી છે. એ સૌનો ઓશિંગણ છું. દર્શક ફાઉન્ડેશનને આ નિમિત્તે મારા લેખનકાર્યનાં મૂલ્યાંકનની તક ઊભી કરી તે માટે આપ સૌ હાજર રહ્યા તે માટે આભારી છું.

(સાભાર : કુમાર) **- મનસુખ સલ્લા**

(દર્શક ફાઉન્ડેશન તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં યોજાયેલ સર્જકસત્ર : મનસુખ સલ્લાનાં પ્રતિભાવ-વક્તવ્ય, સંવર્ધિત કરીને.)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જીવનદેવતાને ચરણે અર્ઘ્ય



**મા**રા સાહિત્યિક ઘડતરમાં મારી શિક્ષણ સંસ્થાઓએ મોટો ભાગ ભજવ્યો છે. ખડસલી (મારી માધ્યમિક શાળા)એ મને સાહિત્યપ્રીતિ આપી. અમે આખા મુનશી, ર. વ. દેસાઈ કે શરદબાબુને વાંચતાં. લોકભારતી સણોસરામાં મનુભાઈ પંચોળી, મૂળશંકરભાઈ મો. ભટ્ટ, ન.પ્ર. બુચ, ઇસ્માઇલભાઈ નાગોરી વગેરેએ સાહિત્યનો જીવનસંદર્ભ વ્યાપક કર્યો. ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપકો ચંદ્રકાન્ત શેઠ, રઘુવીર ચૌધરી, કનુભાઈ જાની, મોહનભાઈ પટેલ, વિનોદ અધ્વર્યુએ સાહિત્યનાં મૂલ્યાંકનનાં ધોરણો સ્પષ્ટ કર્યાં. ગદ્યનું સૌન્દર્ય અને સામર્થ્ય શીખવાડ્યાં. અમદાવાદ નિવાસમાં અમે કુમાર કાર્યાલયમાં બુધસભામાં ચાલતા જતા. ગુજરાત યુનિવર્સિટી ભાષાભવનમાં ઉમાશંકર જોષી 'નાનાલાલ મધુકોષ' ભણાવતા તેમાં અમે વિદ્યાર્થી બનતા. અમદાવાદમાં કોઈ પણ સેમિનાર, વર્કશોપ કે વ્યાખ્યાન અમે ચૂકતા નહિ. ગુજરાત વિદ્યાપીઠનું સમૃદ્ધ પુસ્તકાલય અમારું ખરું આશ્રયસ્થાન બન્યું.

ખડસલીમાં નિબંધલેખન શરૂ થયું, લોકભારતીમાં વાર્તાલેખન. પરંતુ પૂરતી ગંભીરતા નહોતી. હું આચાર્ય થયો તેથી લોકભારતીના વહીવટીતંત્રને ખૂબ લાભ થયો, પરંતુ લખાયું ઘણું ઓછું. એક ઘટનાએ મને લખવા માટે તીવ્ર ધક્કો આપ્યો. ગુજરાતી સાહિત્ય અકાદમીએ મને ચારિત્ર્ય-સાહિત્યનાં ૫૮ પુસ્તકો પુરસ્કાર માટે નિર્ણય કરવા મોકલી આપ્યાં. વચ્ચે વીસેક દિવસ હતા. મને કહેવાયેલું કે 'બધું વાંચવાની જરૂર નથી.' પરંતુ મેં એમ.એ.ની પરીક્ષાની ગંભીરતાથી બધું વાંચ્યું. ત્યારે મને ખ્યાલ આવ્યો કે જેમને ગદ્યની ખબર નથી, ચરિત્રસાહિત્યની શિસ્તની ખબર નથી, વ્યક્તિત્વને મૂલવવાના આધારોની સ્પષ્ટતા નથી તેવા લોકોએ પાંચમું કે સાતમું પુસ્તક પ્રગટ કર્યું હતું. મને લાગ્યું કે હું આમના કરતાં તો સારી રીતે લખી શકું તેમ હતો. મારા શરૂઆતના ચરિત્રનિબંધો 'નવનીત સમર્પણ'માં પ્રગટ થયા હતા. 'અલીભાઈ કલીવાલા'નું ચરિત્ર ખાસું સ્વીકાર પામ્યું, વખણાયું.


ભાવકોના પ્રતિભાવો લેખક માટે પ્રોત્સાહક જરૂર બને છે. રાજકોટમાં સાહિત્ય પરિષદના અધિવેશન વખતે 'નવનીત સમર્પણ'ના સંપાદક ઘનશ્યામ દેસાઈ મળ્યા. મને કહે, 'તમે લખવાનું ચાલુ રાખજો. મહાનગરમાં વસનારાંને ખબર જ નથી કે દૂરના ખૂણામાં આવા ઝવેરાતવાળા માણસો હોય છે.' ઉમાશંકર જોશીના નિમંત્રણથી મેં 'પ્રતિભા અને પ્રતિભાવ' વિશેષાંક માટે હસમુખ પાઠકના દીર્ઘકાવ્ય 'અન્તઘડીએ અજામિલ' વિશે આસ્વાદ લખ્યો. પછી તેમણે ચંદ્રકાન્ત શેઠને કહેલું કે, 'આ સંગ્રહમાં જે પાંચેક ઉત્તમ આસ્વાદો છે તેમાંનો એક મનસુખ સલ્લાનો છે.' મારે માટે મોટા એવોર્ડથી પણ મોટો આ પ્રતિભાવ હતો.

મારું ખરું લેખન નિવૃત્તિ પછી અમદાવાદ નિવાસ વખતે શરૂ થયું. મેં લોકભારતીના મારા કેળવણી-અનુભવો 'અનુભવની એરણ પર' એ નામે પ્રગટ કર્યા. લોકભારતી અને મારી કામગીરીનું, જીવનમૂલ્યો અને લોકભારતીની સમ્બંધભાતનું પ્રતિનિધિરૂપ એ પુસ્તક બની ગયું. એની પાંચ જેટલી આવૃત્તિ થઈ. પછી કેળવણી ચિંતનનાં બે પુસ્તકો પ્રગટ થયાં : 'માણસાઈની કેળવણી' અને 'પાયો અને પુનર્રચના'. પ્રારંભે મારી કામગીરી શિક્ષણની જ વધુ હતી. શિક્ષણ વિષે જ લખાયું. કદાચ એથી કેળવણીકાર તરીકે મારી જેટલી સ્વીકૃતિ થઈ તેટલી સર્જક તરીકે ન મળી. 'નર્મદ ચંદ્રક' પછી મારી સાહિત્યકાર તરીકે વધુ નોંધ લેવાઈ. મેં ૧૮ જેટલી વાર્તાઓ લખી છે, એક પુસ્તક થાય એટલા વિવેચનના લેખો લખ્યા છે. એક પુસ્તક થાય તેટલા ભાષા, સાહિત્ય અને સર્જકો વિષેના લેખો છે. પણ મારા વિશેની વ્યાપક છાપ કેળવણીકાર તરીકેની જ રહી છે.

ચરિત્ર નિબંધોનો મેં ઊંડાણથી અભ્યાસ કર્યો છે. એ વ્યક્તિ-પરિચય નથી, જીવનઘટનાઓનો સરવાળો નથી, પરંતુ વ્યક્તિત્વની ખુશબો હોય છે. તેમાં બે મોટાં ભયસ્થાનો છે : (૧) અતિશયોક્તિ (૨) કશુંક કલ્પીને ઉમેરવું. આ અંગે હું જાગ્રત રહ્યો છું. મારો રસ વ્યક્તિના વિકાસને સમજવાનો રહ્યો છે. વ્યક્તિ આઈસબર્ગ જેવી હોય છે. પ્રગટ કરતાં અપ્રગટ વધારે હોય. વ્યક્તિનાં મૂળિયાંને પોષણ મળ્યું હોય એ પ્રમાણે વ્યક્તિ વિકસે છે. એટલે વ્યક્તિનાં મૂળિયાંને તપાસવાનો મારો ઉપક્રમ હોય છે. વળી હોદ્દો, સંપત્તિ કે માનસન્માન કરતાંય માણસ તરીકે તે કેવો ને કેટલો વિકસ્યો એ મારો રસનો વિષય હોય છે.

મને મનુષ્યના ઉધાર પાસાને ઊપસાવવાનું આકર્ષણ નથી થતું. એને બદલે સારપમાં તેમના ઉમેરણ તરફ મારું ધ્યાન વધુ રહ્યું છે. એટલે સાવ સાધારણ વ્યક્તિમાં પણ જીવતરની ઝવેરાત જોઈ તો મારી કલમ પ્રવૃત્ત થઈ છે. એમાંથી 'જીવતર નામે અજવાળું' અને 'તુલસીક્યારાના દીવા' એ બે સંગ્રહો પ્રકાશિત થયા છે. ('જીવી જાણ્યું જેણે' એવો ચરિત્રનિબંધોનો સંગ્રહ હવે પ્રગટ થશે.) સંજય ભાવેએ એનું વિશદ અને
















YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ઝીણવટભર્યું અવલોકન કર્યું છે એનો મને આનંદ છે. મારું મહત્ત્વનું પ્રદાન ચરિત્ર નિબંધોમાં ગણાશે એમ જોઉં છું.

મારા જે પુસ્તક માટે મને વિશેષ અપેક્ષા હતી તે 'હૈયે પગલાં તાજાં' પુસ્તકની લગભગ નોંધ નથી લેવાઈ. ભારતમાં તૈયાર થતા અને અમેરિકામાં છપાતા 'ગુજરાત ટાઇમ્સ'માં તેનાં પ્રકરણો છપાતાં હતાં. તેની દેશ-વિદેશના અનેક વાચકોએ ખાસ નોંધ લીધી હતી. અનેકને તેમાં પોતાના બાળપણનું પ્રતિબિંબ દેખાયું હતું.

તેમાં મારા ગામનાં મારા બાળપણનાં તેર વર્ષનાં સંવેદનો વ્યક્ત થયાં છે. ગ્રામજીવન, પ્રકૃતિ, સંબંધમાધુર્ય, ગ્રામજીવનની ખાટીમીઠી સ્મૃતિઓ અકૃત્રિમ રીતે અને લલિત-મનોહર ગદ્યમાં પ્રગટ થઈ છે. સાચું કહું તો એ ભાવચિત્રો છે, એનું ગદ્ય અનાયાસ અવતર્યું છે. રતિલાલ બોરીસાગર અને રઘુવીર ચૌધરીએ આ પુસ્તકની નોંધ લીધી છે. આ પુસ્તકને હું મારું મહત્ત્વનું લેખન ગણું છું.

છેલ્લાં ત્રણ વર્ષમાં મારી ભીતર એક નવું પ્રગટીકરણ શરૂ થયું છે. 'કુમાર'ના તંત્રી પ્રફુલ્લ રાવલે આમંત્રણ આપ્યું અને લલિત નિબંધો લખવાનું શરૂ થયું. લલિત નિબંધ સ્વરૂપ ને આવું ગદ્ય મારા માટે નવું જ વહેણ છે. અનાયાસ જ ચિત્ત આ દિશામાં વળ્યું છે. મારા માટે આ વિસ્મયનો અનુભવ છે. ચંદ્રકાન્ત શેઠ છેલ્લે વાંચી ન શકતા. તેમણે વંદનાબહેન પાસે મારો લલિત નિબંધ 'અદીઠ અણસારા' વંચાવીને સાંભળ્યો. પછી મને ફોન કર્યો કે 'તમારી સર્જકતાનો આ નવો ઉન્મેષ છે. લખતા રહેજો.' પ્રફુલ્લ રાવલને લખાણ છાપવું ન હોય તો કુશળ રીતે ના પાડતા આવડે છે. તેમણે મને આખું વર્ષ લખવાનું કહ્યું. અને 'વાદળની માયા' નિબંધ માટે કહ્યું કે, 'કાકાસાહેબના ગોત્રનો આ સરસ નિબંધ છે.' મેં જોયું કે મને આમાં નિર્બંધ અવકાશ મળે છે તે મારી મોટી અનુકૂળતા છે. માનું છું કે મારી સર્જનયાત્રાનો આ નવો પડાવ છે. મને આનંદ છે.

હવે પછી કેન્સરગ્રસ્તની નવલકથા લખવાનું મનમાં છે, દર્શક વિષે નિરાંતજીવે લખવાનું છે, બીજા પ્રોજેક્ટ પૂરા કરવાના છે, અને બાકી વર્ષો ઓછાં છે. ઘર, આરોગ્ય અને પરિસ્થિતિ મુજબ બધું ચાલશે.

શબ્દ સાથે કામ પાડીએ ત્યારે જાતને વધુ ઓળખતાં, સમજતાં થઈએ છીએ. વળી કેટલાંક ભાવચિત્રો એવાં હોય છે જે સાતમા પાતાળે દટાયાં હોય છે. પરંતુ એ આકસ્મિક રીતે અવતાર ધારણ કરી લે છે. અને શબ્દરૂપ આપતાં જાણે મોક્ષ પામ્યા હોઈએ એવો અનુભવ થાય છે. ખંડ દ્વારા જાણે આપણી અખંડ તરફ ગતિ થાય છે.

લેખન પૂરતું કહી શકું કે મારી કોઈ સાથે હરીફાઈ નથી. અંદરનું વહેણ ચાલુ રહેશે ત્યાં સુધી લખાશે. પરંતુ છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી એવું અનેક વાર બન્યું છે કે હું માત્ર લહિયો બની ગયો હોઉં. સળંગ ઊતરતું રહેતું હોય એવું પણ બન્યું છે. વચ્ચેનાં રોકાણો ફરી પેન પકડતાં હટી ગયાં હોય અને તાંતણો ફરી જોડાઈ ગયો હોય.

લેખન આખરે તો જીવનને સમજવા માટે અને પ્રગટ કરવા માટે હોય છે. સિંહાસન ઉપર તો જીવન જ છે. બીજી અનેક રીતોની જેમ

(જુઓ પાન નં. ૧૭)

ગ્લોબલ વોર્મિંગ... (પાન ૧૩નું ચાલુ)

- Executive Summary
- Regional analysis 0 Seasonal Analysis
- Diaster - wise analysis
- Comparative analysis
- Warm nights
- Climate Change costs.

૬૦ પાનાંનો આ રિપોર્ટ આપણને ઘણું બધું કહી જાય છે.

ઉપરોક્ત રિપોર્ટમાં આપણે ભારતની વર્ષ ૨૦૨૪ની સ્થિતિ અંગેની કેટલીક વિગતો જોઈ હવે વિશ્વ તરફ નજર નાંખીએ. કેટલીક ઘટનાઓ જોઈએ.

- અફઘાનિસ્તાન, પાકિસ્તાનમાં આવેલાં પૂર માર્ચ-૬, સપ્ટેમ્બર-૪, મૃત્યુઆંક ૧૦૮૪.
- Typhoon - Yogi - ઑગસ્ટ ૩૧- સપ્ટે.૮ મૃત્યુઆંક ૮૪૪ (South China Seaમાં આવેલ તોફાન - જેના કારણે ૧૬.૭ બિલિયન ડોલર જેટલું નુકસાન થયું હતું.
- 2024 Enga Landslide - May-24 ૨૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા. ઘટના Papua New Guineaની છે, જેમાં ભારે વરસાદ અને ગોલ્ડ માઇનીંગના કારણે લેન્ડ સ્લાઈડની ઘટના બની હતી.
- Spain Floods Oct-19 - Nov-16 જેમાં ૨૩૧ લોકો મૃત્યુ પામ્યા હતા. આ ઉપરાંત સાયક્લોન Chido જેનું સર્જન ૫ ડિસે. ૨૦૨૪માં થયું હતું. તેની અસર Mauritius, Madgascar અને Malawi પર જણાઈ હતી.

■ **અન્ય ઘટનાઓ**

- અફઘાનિસ્તાનમાં બરફ અને કરાની વર્ષા થતાં ૨૫ લોકો મર્યા.
- Southeast Asia માં હીટવેવ. પૃથ્વીનું એવરેજ ઉષ્ણતામાન ઔદ્યોગિક યુગ પહેલાંના સમય કરતાં ૧.૫ ડિગ્રી સેન્ટીગ્રેડ જેટલું વધ્યું.
- The 2024 Antarctica heat wave refers to a prolonged and significant mid winter increase in Antartic temperatures compared to prior winters causing serveral regions of Antartica to reach temp. 10$^0$C above normal in July 2024 up to 28$^0$C increase above average.

અગાઉ જ્યાં -૫૭ થી -૯૦ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન રહેતું તેમાં +૧૦ થી +૨૮ ડિગ્રી સેન્ટીગ્રેડનો વધારો થયો છે.

- સાઉથ આફ્રિકામાં દુષ્કાળ.
- ચીનમાં ભારે વરસાદ, બ્રાઝિલમાં ભારે વરસાદ.

વિશ્વસ્તરે ગ્રીનહાઉસ ગેસીસના ઉત્સર્જનમાં વધારો થઈને વર્ષ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૨૦૨૪માં ૩૭.૪ બિલિયન મેટ્રીક ટન પર પહોંચ્યું છે. આ વર્ષ મહત્તમ ગરમીવાળું રહ્યું. સપ્ટેમ્બરમાં પૃથ્વીનું તાપમાન ૧.૫૪ ડિગ્રી સેન્ટીગ્રેડ જેટલું preindustrial કાળ કરતાં વધ્યું છે.

આવું વર્તમાન ચિત્ર આપણી સામે ભારતનું અને વિશ્વનું છે. માનવમૃત્યુ આંક પર આપણી નજર પડે છે પરંતુ અન્ય રીતે કુદરતના ચોપડે નોંધાતું નુકસાન આપણી નજરમાં જલદી આવતું નથી.

આગામી ભાવિમાં ટકવા માટે સામૂહિક ચિંતન અને આયોજન કરવું જરૂરી છે. આગામી લેખમાં વધુ સમાચારો, ઘટનાઓ પર નજર નાંખીશું.

**– રજની દવે**

---

## સોક્રેટિસ ઉવાચ...

(પાન ૭નું ચાલુ)

ભારતીય મુસ્લિમ : કુરાન એવી વાત તો કરે છે. પયગંબર પોતે બધી સંસ્કૃતિઓ અને ધર્મોના લોકો સાથે જોડાયા હતા.

સોક્રેટિસ : તો પછી તમે જે પ્રતીકોનો દેખાડો કરો છો તેના કરતાં સંવાદિતા અને સહકાર તમારી આસ્થાનું સૌથી મોટું પ્રતીક ના બની શકે?

ભારતીય મુસ્લિમ : આ એક ગહન વિચાર છે, સોક્રેટિસ. પરંતુ, જો દુનિયા અમને સમજવાનો ઇનકાર કરે તો શું?

સોક્રેટિસ : સત્ય અને ન્યાય શોધનારા બધા લોકોનો આ જ એક પડકાર છે. પરંતુ, જો તમારી વાતોને તર્ક અને ધીરજથી સમજાવવામાં આવે, તો શું બીજા લોકોમાં સમજણ વધે તે શક્ય નથી? અને જો કેટલાક લોકો સમજવાનો ઇનકાર કરે તો તે તેમનો બોજ છે, તમારો નથી.

ભારતીય મુસ્લિમ : તમારો મતલબ છે કે અનુકૂલન એ બે-માર્ગી રસ્તો છે – આપણે અન્ય સમાજને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ, અને અન્ય સમાજે પણ આપણને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

સોક્રેટિસ : બરાબર! સાચું અનુકૂલન ઓળખને ભૂંસી નાખવાનો દાવો કરતું નથી, પરંતુ ઓળખના સુમેળની માંગ કરે છે. જ્યારે જ્યારે સૂરોનું મિશ્રણ થાય છે ત્યારે ત્યારે ગાયન વધુ સમૃદ્ધ બને છે. પણ, જો ગાયકવૃંદની દરેક વ્યક્તિ પોતાનો અલગ અલગ સૂર કાઢે તો ગાયન બેસૂરું થઈ જાય છે. તેવી જ રીતે વિવિધતાથી સમૃદ્ધ સમાજ પણ વધુ સમૃદ્ધ બને છે.

ભારતીય મુસ્લિમ : તો પછી કદાચ પડકાર એ છે કે આપણે આપણી જાત પ્રત્યે વફાદાર રહીએ અને બીજાઓ સાથે નેક અને મોકળા રહીએ. દીવાલોને બદલે પુલ બનાવવાના રસ્તા શોધીએ.

સોક્રેટિસ : તમે મારા કહેવાનો મૂળ અર્થ સમજી ગયા છો, મિત્ર. હું તર્ક, સંવાદ, અને પરસ્પર આદર દ્વારા તફાવતોનો સુમેળ સાધવાનો પ્રયાસ કરવાનું કહું છું, તફાવતોને ભૂંસી નાખવાનો નહીં.

ભારતીય મુસ્લિમ : જો હું તમને બરાબર સમજ્યો હોઉં, સોક્રેટિસ, તો તમારો મતલબ એ છે કે આસ્થા અને સૌહાર્દપૂર્ણ સામાજિક સહઅસ્તિત્વ એકબીજાનાં દુશ્મનો નથી. પરંતુ ન્યાયી અને ઉદાર સમાજનો પાયો છે.

સોક્રેટિસ : બરાબર! અને શું તમારી કોમ પહેલેથી જ લવચીક નથી? શું સરકારી કચેરીઓમાં કામ કરતા મુસ્લિમો દિવસમાં પાંચ વખત નમાઝ માટે વિરામ લેવાનો આગ્રહ રાખે છે? શું એવા મુસ્લિમ ઉદ્યોગપતિઓ નથી જે ઇસ્લામમાં પ્રતિબંધિત હોવા છતાં તેમનાં રોકાણો પર વ્યાજ લેતા હોય? શું કેટલાક મુસ્લિમો બેંકિંગ અને નાણાંકીય વ્યવસાયમાં સામેલ નથી? અને શું કેટલાક અગ્રણી મુસ્લિમો ધૂમ્રપાન નથી કરતા? કે દારૂ પણ પીતા નથી?

ભારતીય મુસ્લિમ : તમે સાચા છો, સોક્રેટિસ. અમારામાં આવી વિસંગતિઓ તો છે. છતાં, આવું બધું ઘણી વાર આધુનિક જીવન સાથેના સમાધાન તરીકે જોવામાં આવે છે.

સોક્રેટિસ : કદાચ. પણ અનુકૂલન એ નબળાઈ નથી. જો તમારા લોકો આવી થોડી-ઘણી બાંધછોડ કરતા હોય તો, શા માટે વ્યાપક સમાજમાં તણાવ ઘટાડવા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે થોડી વધુ બાંધછોડ ના કરવી જોઈએ? શું આવું અનુકૂલન તમારા સમુદાયને નબળો પાડવાને બદલે મજબૂત નહીં બનાવે? તમારી સાથે થતા ભેદભાવને ઓછા નહીં કરે?

ભારતીય મુસ્લિમ : તમે એવું સૂચવો છો કે જ્યારે પ્રામાણિકતાથી સહઅસ્તિત્વના પ્રયત્નો કરવામાં આવે, ત્યારે તે તમારી નબળાઈ નહીં પણ તાકાત બની શકે છે. અને તેના ફાયદા પણ છે.

સોક્રેટિસ : ચોક્કસ. તોફાની પવનનો સામનો કરતા એક વૃક્ષની માફક ક્યારે ઝૂકવું એની સાચી સમજણ જ આપણી ખરી તાકાત છે. વ્યાપક સમાજ સાથેનું તમારું અનુકૂલન તમને તમારાં મૂલ્યોને ફેલાવવામાં અને અન્ય લોકો પાસેથી શીખવામાં મદદ કરી શકે છે, જેનાથી એક વધુ સમૃદ્ધ, વધુ સ્થિતિસ્થાપક સમાજનું નિર્માણ થાય છે.

ભારતીય મુસ્લિમ : હા. સાચી નૈતિકતા તો બધા લોકોના ઉત્થાનમાં છે.

સોક્રેટિસ : તો પછી આપણે એક એવા જીવન માટે પ્રયત્નશીલ ન રહેવું જોઈએ કે જ્યાં સ્વતંત્રતા, સમાનતા, અને ગૌરવ કોઈ પણ બંધન કે અવરોધ વિના ખીલી શકે? મારા મિત્ર, સાચી મુક્તિ અન્યાયની નાબૂદીમાં રહેલી છે.

ભારતીય મુસ્લિમ : તમે મને વિચારતો કરી દીધો, સોક્રેટિસ. મને હવે લાગે છે કે કદાચ અમારું વર્તન વધુ સમજદારીપૂર્વકનું અને જવાબદાર હોવું જોઈએ. જૂની પુરાણી સામાજિક પરંપરાઓ કે પ્રથાઓ વિષે આજના યુગમાં નવેસરથી વિચારવું જોઈએ.

સોક્રેટિસ : ચોક્કસ. સાચો સદ્‌ગુણ અને ગૌરવ અંદરથી આવે છે, બાહ્ય પ્રતીકોથી નહીં. જો કોઈ પ્રથા સ્વતંત્રતા અને સમાનતાને મર્યાદિત કરે, તો શું તેની ફરીથી સમીક્ષા ન કરવી જોઈએ? અને આવી સમીક્ષાથી શું આપણી આસ્થા ઓછી થાય છે? સમીક્ષા કરાયેલ શ્રદ્ધા, સમીક્ષા કરાયેલ જીવનની જેમ, વધુ સમૃદ્ધ અને ગહન હોય છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય મુસ્લિમ : આભાર, સોક્રેટિસ. ચાલો, આ સંવાદ ચાલુ રાખીએ, કારણ કે સત્યની શોધનો કોઈ અંત નથી.

સોક્રેટિસ : ખરેખર, મારા મિત્ર. ચાલો આપણે ફરીથી મળીશું અને સાથે મળીને શાણપણની વાત કરીશું.

ભારતીય મુસ્લિમ : ઈનશા અલ્લાહ. ખુદા હાફિઝ, સોક્રેટિસ.

સોક્રેટિસ : ખુદા હાફિઝ.

**નોંધ સૂચિ**

૧. હદીસ એ પયગંબર મુહમ્મદનાં કથનો, કાર્યો, અને અનુમતિઓનો સંગ્રહ છે. મુસ્લિમો માટે કુરઆન પછી તે ધાર્મિક માર્ગદર્શનનો મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે.

૨. કુરઆનમાં પુરુષો અને સ્ત્રીઓને તેમની નજર નીચી રાખવા અને તેમની મર્યાદા જાળવવાનો આદેશ આપવામાં આવ્યો છે. સ્ત્રીઓને ખાસ કરીને સલાહ આપવામાં આવી છે કે તેઓ પોતાની છાતી ઢાંકે અને અમુક નજીકના સંબંધીઓ સિવાય પોતાની સુંદરતા પ્રદર્શિત ન કરે. (કુરઆન ૨૪: ૩૦-૩૧)

૩. કુરઆનમાં આદેશ છે કે ધાર્મિક આસ્થા એ બળજબરીથી મુક્ત, વ્યક્તિગત પસંદગી હોવી જોઈએ. (કુરઆન ૨: ૨૫૬)

૪. ઇન્ડોનેશિયા, મલેશિયા, મોરોક્કો, ટ્યુનિશિયા, જોર્ડન, કુવૈત, બોસ્નિયા અને હર્ઝેગોવિના જેવા ઘણા મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોમાં હિજાબ અને બુરખા પહેરવાનું ફરજિયાત નથી. આ હકીકત બતાવે છે કે ઘણા મુસ્લિમ દેશોમાં આધુનિક ધારા ધોરણો સાથે સુસંગત થવા અને લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો થઈ રહ્યા છે.

૫. કુરઆન, ૨૪: ૩૦-૩૧

૬. કુરઆન, ન્યાય (૪:૧૩૫, ૫:૮), કરુણા (૨:૧૭૭, ૯:૭૧), દયા અને ક્ષમા (૩૯:૫૩) તથા સારા આચરણ (૪૯:૧૩)નો આદેશ આપે છે.

૭. કુરઆનમાં એકબીજાને ઓળખવાનો (૪૯:૧૩) અને જ્ઞાન પ્રાપ્તિનો (૯૬:૧-૫) પણ આદેશ છે.

સંદર્ભ ગ્રંથઃ મૌલાના અબુલઆ'લા મૌદૂદી (રહ.), ૨૦૨૧, દિવ્ય કુરઆન (ગુજરાતી અનુવાદ), ઇસ્લામી સાહિત્ય પ્રકાશન, અહમદાબાદ.

પ્રતાપગંજ, વડોદરા **– પ્રવીણ પટેલ**
મોબાઇલઃ ૯૮૭૯૭૬૩૦૮૩, ઈ મેલઃ pravin1943gmail.com

---

**શિક્ષણ : પરિકલ્પન...** (પાન ૧૧નું ચાલુ)

જ શિક્ષિત હતા. આ પૈકી છ ટકા લોકો શહેરી, બ્રાહ્મણ પુરુષો હતા !

શિક્ષણ 'સુધારા' એટલે શું - તેનું તાત્પર્ય ક્યારેય સ્પષ્ટ થયું નથી. ૧૯૬૦ના કોઠારી કમિશને જીડીપીના ૬ ટકા શિક્ષણ પાછળ વાપરવા સૂચવ્યું. પરંતુ તેનો આજદિન સુધી અમલ થયો નથી. રાજીવ ગાંધીએ દરેક વર્ગખંડમાં એક 'બ્લેક બોર્ડ' હોવું જોઈએ એમ માની શિક્ષણ નીતિમાં 'ઓપરેશન બ્લેક બોર્ડ' દાખલ કર્યું. તે પછી છેક ૧૯૨૧માં જાહેર કરાયેલી નીતિમાં 'વિશ્વગુરુ'ની કક્ષાનું કશું જ નથી. આ નીતિ કોઈ ચોક્કસ હેતુ કે ફોક્સ ઊભું કરવાને બદલે સંસ્કૃત/હિંદી જેવી ભાષાઓના સ્થાન વિશે ચર્ચા આદરે છે. જ્યાં ગંદી નાળીના ગેસમાંથી પકોડા તળવાની વાત થતી હોય તેવા અર્થકારણમાંથી અમરત્વ, એ.આઈ. કે ડેટા ક્રાંતિ પ્રગટાવવાં મુશ્કેલ છે.

■ **સમાપન** : શિક્ષણ એક અતિ વિશાળ મહાસાગર જેવું ક્ષેત્ર છે. તેમાં તરતા મુકાએલા હોડકા ઉપર પવન તેમજ દરિયાની લહેરો, મોજાં, વમળ, વગેરેના અપાર દબાવો સર્જાતા રહે છે. આવી સ્થિતિમાં શિક્ષણ વિશેની પરિકલ્પનાનાં તારણો પણ ઝડપથી ફોલ્સીફાયેબલ બની જાય છે. ઇજનેરી વિદ્યામાં આટલા માહેર હોવા છતાં અહીં એવા પુલ બને છે કે જે પવનના સામાન્ય સપાટામાં તૂટી પડે છે. ટનલોમાં લોકો દટાઈ જાય છે, ચોમાસામાં રસ્તા શેકેલા પાપડની જેમ ભાંગી જાય છે. મુસ્લિમ અધ્યાપક અન્યથા સંપૂર્ણ લાયક હોવા છતાં અને પૂરતી કસોટી પછી પણ નોકરી પામ્યા પછી સંસ્કૃત ભણાવી શકતો નથી. આવા બનાવોની કથા ખૂબ લાંબી થઈ શકે છે. બીજી તરફ તાજ હોટલના ચમત્કાર બાબતે ભારતીય એકેડેમિશિયા ચૂપ અને નિષ્ક્રિય રહે છે પણ તેનો શંખનાદ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં થાય છે. હરિયાળી ક્રાંતિની ઘટના બાબતે ઇંગ્લેંડનાં એક અધ્યાપિકા સંશોધન કરે છે. ભારતના શિક્ષણ બાબતની આ ટીકા ઓછી છે ? દેશની સમસ્યાઓ બાબતે શિક્ષિતોની નિર્લેપતા વિશે શું કહી શકાય ?

અહીં બે બાબતોને અલગ પાડીને જોઈ શકાય : એક : શિક્ષિતો કે જે વળી પાછા શિક્ષણ આપવાના વ્યવસાયમાં જ જોડાયા છે. સમાજના પ્રવર્તમાન તેમજ ભાવિ પ્રશ્નો સમજી તેના ઉકેલની દિશા શોધી આપવાની અપેક્ષા તેમની પાસેથી કેટલા પ્રમાણમાં રાખી શકાય ? શિક્ષણ પ્રસરાવવામાં પણ તેમની પાસે સર્જનાત્મકતા કેટલી ? બીજું શિક્ષણ લીધા પછી અન્ય વ્યવસાયોમાં જોડાયેલા શિક્ષિતોની સામાજિક, રાજકીય કે ધાર્મિક અને નૈતિક જીવન માટેની તમન્ના કેટલી ? ડૉક્ટર, વકીલ, અધિકારી વર્ગ, કારખાનાં વગેરેના માલિકો વગેરેના રાજકીય મત ગમે તે હોય - તેમની નૈતિકતા અવિચ્છિન્ન રહે છે ખરી ?

આ દિશામાં વધુ વિચાર કરતાં જઈએ તો સ્પષ્ટ થતું જશે કે શિક્ષણ અને તેના મીડકોર્સ કરેકશન થતા રહેતા હોવા છતાં ભારતનો એકંદર અનુભવ ઉત્સાહજનક નથી. શિક્ષણનું ખાનગીકરણ, વ્યવસાય-લક્ષિતા, વધુ ઘનિષ્ઠ તાલીમ અને આવડતવાળા (પણ ભાગ્યે જ નિયુક્તિ પામતા) શિક્ષકો વગેરે પ્રયોગો પછી પણ શિક્ષણ દ્વારા કોઈ ચમત્કાર સર્જી શકાયો નથી.

ભારત સહિત અનેક વિકાસવાંછુ દેશોની આ પરિસ્થિતિની સામે, વૈકલ્પિક મૉડેલ તરીકે અમેરિકા અને ચીનનો વિચાર કરવો રહ્યો. તેમણે વ્યક્તિ સ્વાતંત્ર્ય, સમાનતા, તાર્કિકતા, માનવલક્ષિતા, સંવાદ અને પૂરતા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ શિક્ષણની નવી ક્ષિતિજો સર કરવા માટે કર્યો છે. ત્યાં પૌરાણિકતા, ધાર્મિક અંધશ્રદ્ધા, પરંપરા વગેરેને ઓછું મહત્ત્વ છે. અષ્ટાવક્રે જનક રાજાની સભામાં પંડિતોને પડકાર્યા હતા અને પોતાના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સ્વરૂપ નહીં પણ વિચારોને લક્ષમાં લેવા કહ્યું હતું. એ જ ભારત દેશમાં આજે 'બાહ્ય' દેખાવ અગત્યનો છે, વિચાર નહીં.

ચીને ફ્રેંચ ક્રાંતિના રેનેસાના ત્રણ મંત્રોનો ત્યાગ કર્યો છે. ૦ લિબર્ટી, ૦ ઇક્વોલિટી અને ૦ ફ્રેટરનિટીને સ્થાને ૦ ચૂપચાપ કામ કરવા માટેની શિસ્ત ૦ સરકારની સત્તા પ્રત્યેની સંપૂર્ણ વફાદારી તથા ૦ લક્ષ્યાંકોને પૂરા કરો અથવા નાશ પામોની નીતિનો હઠાગ્રહ પૂર્વકનો અમલ કરાયેલ છે. સામે પક્ષે ઉત્પાદનની સાથે શિક્ષણને સુગ્રથિત રીતે જોડવાની જવાબદારી પણ રાજ્યની છે. વર્ષ ૧૯૧૭માં સોવિયત સંઘમાં અને તે પછી કાળક્રમે – બીજા વિશ્વયુદ્ધ બાદ બાલ્કન દેશોમાં જે સામ્યવાદ રચાયો તે મુખ્યત્વે – શાસ્ત્રીય વિચાર પ્રમાણેનો હતો અને તે આખારે જવાંમર્દ ઓરવેલના 'એનિમલ ફાર્મ'ની કક્ષાએ પહોંચ્યો.

ભારત સહિત અનેક દેશો ડેમોગ્રાફિક ડિવિડન્ડ અને આવનારી પેઢી માટેના સુવર્ણ યુગની કલ્પના કરે છે પણ તે દિશા હજુ શોધવાની બાકી છે. ચીનના ફંક્શનાલિઝમ અને અમેરિકાના ક્રિએટીવ ફંક્શનાલિઝમ વચ્ચે ભારતમાં એડહોકિઝમ અને એનાર્કિઝમ જેવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે. પરિણામે ભારત પાસે વિટગનસ્ટાઈનનું ઇન્ડિવીડ્યુઆલિઝમ (વ્યક્તિવાદ), તાજ હોટલના કર્મચારીઓનું સંવેદનશીલ માનવલક્ષિતા અને શિક્ષણ દ્વારા પ્રગટતી જતી બાહ્યતાના આધારે સર્વ સમાવેશી સમાજના પાયા નાંખતા જવાનું બનતું નથી.

જ્યારે માણસને ભાવિ દેખાતું નથી ત્યારે ભૂતકાળ તરફ નજર નોંધી રાખતો હોય છે. માનવજાતના ભાવિ વિષે હરારે નામના એક ફિલસૂફે જે આગાહી કરી છે તેને શિક્ષણની આવશ્યકતાના સ્વરૂપે પણ જોઈ શકાય. હરારે ત્રણ બાબતોની આગાહી કરે છે : (૧) બહુ જલદીથી માણસ અમરત્વ તરફ જશે. (૨) સર્જિત મેધા (આર્ટિફિસિઅલ ઇન્ટેલિજન્સ) દ્વારા જીવનનાં કલ્પનાતીત પાસાં ખૂલશે. (૩) માહિતીના મહાધોધમાં અંગત જીવન, વ્યવહારો, અપેક્ષાઓ – વગેરે બધું જ બદલાઈ જશે. મોટા ભાગના માણસો પણ બેકાર થઈ જશે અને યુવા વસતીના બહુ-સંખ્યકમાંથી મળનારું ડેમોગ્રાફિક ડિવિડન્ડ પણ અદશ્ય થઈ જશે.

એલવિન ટોફ્લરે (Alvin Toffler) 'થર્ડવેવ'માં કહ્યું છે : જે પ્રજાતિ આવનારાં પરિવર્તનોને સમજીને પોતાનામાં જરૂરી પરિવર્તન આણી શકતી નથી તે નાશ પામે છે. શિક્ષણનું એક કામ આ આવનારાં પરિવર્તનોને ઓળખવાનું તથા તે માટે પ્રજાતિને સાવધ અને તૈયાર કરવાનું છે. આ પ્રવૃત્તિ સામે સમાજમાંથી જે નિષ્કાળજી ઊઠી રહી છે તે ચિંતાજનક છે.

**– રોહિત શુક્લ**

# 'કોશિશ મિલાપ'નાં ૧૪ વર્ષ

કોશિશ-મિલાપ ટ્રસ્ટના કામનાં ૧૪ વર્ષ પૂરાં થયાં છે. ટ્રસ્ટ દ્વારા શિક્ષણ, આરોગ્ય અને બેજિક ટેકનિકલ ટ્રેનિંગની સેવાઓ આપીએ છીએ.

ચાલુ વર્ષે બે દુઃખદ ઘટનાઓ બની. આપણા ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી કૃષ્ણકુમાર લુહાર અચાનક અવસાન પામ્યા. એમની જગ્યાએ અમે બે નવા ટ્રસ્ટી તરીકે યુવાનોની નિમણૂક કરી છે. ડૉ. આશિષ શાહ (B.A.. M Ed, PhD) જે હાલમાં વ્યારામાં એક શાળાના આચાર્ય છે, અને શ્રી કાંતિલાલ કલોલા (Diploma Agriculture) સજીવ ખેતી કરે છે અને તેમના ગામમાં બાળકોના ભણતર માટે કાર્ય કરે છે.

ઑગસ્ટ ૨૦૨૪માં વડોદરામાં પાણીની ભયાનક રેલ આવી જેને કારણે મુજમહુડાના વિશ્વામિત્રી નદીને કિનારે આવેલા વિસ્તારમાં એક માળ સુધીનું પાણી ભરાઈ ગયું અને ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને ભારે નુકસાન થયું. એમનાં ગોદડાં, કપડાં, અનાજ વગેરે બગડી ગયાં. આવાં લગભગ ૧૧૫૦ જેટલાં કુટુંબોને લોટ, કઠોળ, તેલ, મસાલા જેવી ખાદ્ય સામગ્રી તથા સાબુ, ટુથપેસ્ટ – ટુથબ્રશ, જેવી સ્વચ્છતા જાળવવા માટે જરૂરી સામાનની કીટ સૌને વહેંચીને તાત્કાલિક સહાય પહોંચાડી, જેને માટે અમારા દાતાઓના ખૂબ જ આભારી છીએ.

શાળાએ જતાં બાલમંદિરથી ધોરણ-૫ સુધીનાં બાળકોને માટે ઔપચારિક શિક્ષણ આપવાનું કામ કરીએ છીએ. દરેક બાળક તેને ભણાવવામાં આવતા બધા વિષયો ગોખવાને બદલે સમજણપૂર્વક ગ્રહણ કરે એ અમારું ધ્યેય છે. એને માટે વિષયનાં બધાં જ એકમ માટેની પ્રવૃત્તિઓ વિકસાવીને વિષયોની સરળ સમજ આપવામાં આવે છે. આ માટે દરેક બાળક ઉપર વ્યક્તિગત ધ્યાન આપવામાં આવે છે. જ્યાં સુધી એકેએક બાળક સક્ષમ ન બને ત્યાં સુધી અમે પ્રયત્ન કરી છીએ. ગયા વર્ષે ૯૩ બાળકો આ સુવિધાનો લાભ લઈ શક્યાં. ઉપરાંત ૩૪ વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં ભણવા માટે પૂરી આર્થિક સહાય આપી

ઝૂંપડપટ્ટીમાં ક્લિનિક દ્વારા અપાતી આરોગ્ય-સેવામાં કન્સલ્ટેશન માટે કોઈ ફી લેવામાં આવતી નથી અને દવાખાનામાંથી જ એનીમિયા, ચેપી રોગો, દુઃખાવો, એસિડિટી, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, અસ્થમા, ખેંચ વગેરે જેવી સામાન્ય તકલીફો માટે દવાઓ ખૂબ જ રાહતદરે આપવામાં આવે છે. ગયા વર્ષે ૧૧૧૭૭ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી.

ભારતની સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) વચ્ચે અનુભવોના આદાન-પ્રદાન માટેની વેબ-સાઇટ ઉપર અમે કેટલીક વધારાની માહિતી મૂકવાની શરૂઆત કરી છે. જેમ કે પ્રાણીઓની સારસંભાળ માટેની વ્યવસ્થાઓ, બાળકોને દત્તક લેવા માટેની જોગવાઈઓ. બાળસુરક્ષા, ગ્રાહક ફરિયાદ, વ્યસનમુક્તિ, અપંગો માટેની સગવડોની જાણકારી, વૃદ્ધાશ્રમો, કાનૂની મદદ, અનાથાશ્રમો, અભ્યાસ અંગેની શિષ્યવૃત્તિઓ (સ્કોલરશીપ), યોગ, શિડ્યૂલ ટ્રાઈબ-શિડ્યૂલ કાસ્ટ-મહિલાઓના સંરક્ષણ માટેની વ્યવસ્થાઓ વગેરે માટેની માહિતી મૂકવામાં આવશે. બેઝિક ટેકનિકલ ટ્રેનિંગ દ્વારા વિદ્યાર્થીઓ વીજળીથી ચાલતાં સાધનો, સૂર્યશક્તિ વડે ઊર્જા મેળવવા માટેની વ્યવસ્થા તથા પ્લમ્બીંગને લગતી જાણકારી મેળવે, એને લગતું સમારકામ કરવાની સામાન્ય આવડતો કેળવે. એની તાલીમમાં ૧૩૫ જેટલા કિશોરોએ લાભ લીધો.

અમારા બધા જ ટ્રસ્ટીઓ કોઈ પણ જાતના આર્થિક લાભ મેળવ્યા વિના સેવાઓ આપે છે.

– **કિશોર મિસ્ત્રી** (M.D.),
સંપર્ક : મો.: ૯૪૨૮૭૬૨૪૯૩ – **વર્ષા શાહ** (M.SC.Phd.)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# હંગર ઈન્ડેક્સ : ભૂખમરામાં ભારત ક્યાં છે ?




૨૦૨૪ના 'વર્લ્ડ હંગર ઈન્ડેક્સ' (ડબલ્યૂએચઆઈ) મુજબ જગતમાં કુલ ૧૨૭ દેશોમાં ભૂખની સમસ્યા છે અથવા પૂરતું પોષણ મળે એટલો ખોરાક મળતો નથી. જે બાળકો જન્મે છે તે કુપોષણના કારણે તંદુરસ્તી ભોગવતાં નથી અને કેટલાંક કમનસીબ બાળકો પાંચ વરસની ઉંમર ભાળતાં નથી. ડબલ્યૂએચઆઈએ ભૂખથી લઈને અપૂરતા પોષણ સુધીના કેટલાક માપદંડો વિકસાવ્યા છે અને તેને આધારે ગુણાંક આપે છે અને ગુણાંકના આધારે ઇન્ડેક્સમાં સ્થાન આપે છે. ભારતનું સ્થાન ૧૨૭ દેશોમાં ૧૦૫મું છે અને તેને મળેલા ગુણાંક ૨૭.૩ છે. ૨૦૦૦ની સાલમાં ભારતના ગુણાંક ૩૮.૪ હતા. ૨૦૦૮માં ૩૫.૨ હતા અને ૨૦૧૬માં ૨૯.૩ હતા. ૧૨૭ દેશોમાં ૧૦૫મું સ્થાન એ શરમની વાત છે.

જો ગુણાંક ઘટાડવા હોય અને ઇન્ડેક્સમાં ઉપરના ક્રમે જવું હોય તો સારું હંગર મેનેજમેન્ટ જરૂરી છે. ભારતને ૨૦૦૦ની સાલમાં હંગર મેનેજમેન્ટમાં જે ગુણાંક મળ્યા હતા તેમાં ૧૧નો ઘટાડો કરવામાં ૨૪ વરસ લાગ્યાં. હજુ તો આપણે ૨૭ પર છીએ. શૂન્ય પર પહોંચતાં કેટલાં વરસ લાગશે એનો અડસટ્ટો તમે માંડી લો. ગુણાંકમાં જે ૧૧નો ઘટાડો થયો છે તેમાં ત્રણનો ઘટાડો ૨૦૦૦થી ૨૦૦૮ સુધીનાં વર્ષોમાં થયો હતો. છનો ઘટાડો ૨૦૦૮થી ૨૦૧૬નાં વર્ષોમાં થયો છે અને ૨૦૧૬ થી ૨૦૨૪ સુધીનાં આઠ વરસમાં માત્ર બેનો ઘટાડો થયો છે. છની જગ્યાએ માત્ર બે. ભારત રફતાર પણ જાળવી નથી શક્યું. સ્થિતિમાં સુધારો થવાની જગ્યાએ બગડી રહી છે. જો આ રફતારે આપણે ભૂખનો સામનો કરીશું તો શૂન્ય પર પહોંચતાં આખી ૨૧મી સદી વીતી જશે અને બાવીસમી સદીમાં આપણે કેટલાક લોકોને ભૂખ્યા સુવડાવીને પ્રવેશીએ તો આશ્ચર્ય નહીં !

૨૦૦૦ની સાલમાં ચીનમાં ગુણાંક ૧૩.૪ હતા જે અત્યારે પાંચની અંદર છે. શ્રીલંકાના ગુણાંકમાં ૨૪ વરસમાં દસ (૨૧.૭થી ૧૦.૯)નો ઘટાડો થયો છે અને 'ડબલ્યૂએચઆઈ ઇન્ડેક્સ'માં ભારતથી ક્યાંય ઉપર ૫૬મા ક્રમે છે. નેપાળના ગુણાંકમાં ૨૩ (૩૭.૧ થી ૧૪.૭)નો ઘટાડો થયો છે. હંગર મેનેજમેન્ટમાં નેપાળ પાસેથી ધડો લેવા જેવું છે. નેપાળનો ક્રમ ૬૮મો છે. આવું જ મ્યાનમારનું. ૨૦૦૦ની સાલમાં મ્યાનમાર ૪૦.૨ ગુણાંક ધરાવતું હતું જે અત્યારે નીચે આવીને ૧૫.૭ ધરાવે છે. નેપાળના ગુણાંકમાં ૨૩નો ઘટાડો થયો તો મ્યાનમારના ગુણાકમાં ૨૫નો. મ્યાનમાર 'હંગર ઇન્ડેક્સ'માં ૭૪મા ક્રમે છે. ૨૦૦૦ની સાલમાં બાંગ્લાદેશ ૩૩.૮ ગુણાંક ધરાવતું હતું જે આજે ૧૯.૯ સુધી નીચે આવી ગયું છે અને ડબલ્યૂએચઆઈના 'હંગર ઇન્ડેક્સ'માં ૮૪મા ક્રમે છે. અંદાજે ૧૫નો ઘટાડો બાંગ્લાદેશ કરી શક્યું છે. પાકિસ્તાન આપણી પાછળ ૧૦૯મા ક્રમે છે અને એનો રાજીપો જો કોઈને અનુભવવો હોય તો અનુભવી શકે છે. પાકિસ્તાનની હંગર મેનેજેમન્ટની યાત્રા તો આપણા કરતાં પણ બદતર છે. ૨૦૦૦થી ૨૦૧૬નાં વર્ષોમાં ગુણાંકમાં ૧૨ (૩૬.૬થી ૨૪.૬)નો ઘટાડો, પણ ૨૦૧૬થી ૨૦૨૪નાં વર્ષોમાં ત્રણ (૨૪.૬ થી ૨૭.૯)નો વધારો થયો. આપણે માત્ર બેનો ઘટાડો કર્યો અને પાકિસ્તાને ત્રણનો વધારો કર્યો. અફઘાનિસ્તાન ૧૧૬મા ક્રમે છે અને તેણે પણ ૨૪ વરસમાં ૪૯.૯ થી ૩૦.૮ એમ લગભગ વીસ ગુણાંકનો ઘટાડો કર્યો છે.

ડબલ્યુએચઆઈના અહેવાલ મુજબ જો ગુણાંક ૫૦ કરતાં વધુ હોય તો તેવા દેશોની સ્થિતિ અત્યંત ચિંતાજનક (એક્સટ્રીમલી એલાર્મિંગ) ગણાય. જો ગુણાંક ૩૫થી ૫૦ની વચ્ચે હોય તો એ ચિંતાજનક (એલાર્મિંગ) ગણાય. જો ગુણાંક ૨૦ થી ૩૫ની વચ્ચે હોય તો તેને ગંભીર સ્થિતિ ગણાય. જો ગુણાંક ૧૦થી ૨૦ની વચ્ચે હોય તો તેને બહુ ગંભીર નહીં અને હળવી (મોડરેટ) સ્થિતિ ગણાય અને જો દસની અંદર હોય તો રાહતરૂપ કહેવાય. ભારત ભૂખની ગંભીર સ્થિતિ ધરાવતા દેશોમાં સ્થાન ધરાવે છે અને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને છોડીને ભારતના પાડોશી દેશોમાંથી કોઈ દેશ આપણી સાથે નથી. ઘણા આગળ નીકળી ગયા છે. ભારત અને પાકિસ્તાન જ એવા દેશો છે જે હંગર મેનેજમેન્ટમાં આગળ જવાની જગ્યાએ પાછળ ગયા છે. ભારતે ૨૦૦૮થી ૨૦૧૬નાં વર્ષોમાં ગુણાંકમાં છનો ઘટાડો કર્યો હતો અને તેની તુલનામાં ૨૦૧૬થી ૨૦૨૪નાં વર્ષોમાં માત્ર બેનો ઘટાડો કર્યો.

આવું કેમ બન્યું ? આનું કારણ છે વિકાસલક્ષી ધોરણસર શાસનનો અભાવ અને ધર્મ અને ધર્મ આધારિત રાજકારણનો અતિરેક. હિંદુ-મુસલમાન અને ભારત-પાકિસ્તાન સિવાય કોઈ બીજી ચર્ચા જ નથી થતી. વિકાસનો વિમર્શ તો હવે મુઠ્ઠીભર સરોકાર ધરાવતા માણસો સુધી સીમિત થઈ ગયો છે. આજે તો જાણે દેશની સૌથી મોટી સમસ્યા ભૂખ નથી, મુસલમાન છે. જ્યાં પ્રાથમિકતા બદલાય ત્યાં પરિણામ બદલાય. એટલે તો ૨૦૦૮થી ૨૦૧૬નાં વર્ષોમાં ગુણાંકમાં છનો ઘટાડો કરનાર દેશ એના પછીનાં આઠ વર્ષમાં માત્ર બેનો ઘટાડો કરી શક્યો છે.

૧૬મી ઑક્ટોબરે 'વર્લ્ડ ફૂડ ડે' ઊજવાયો એ નિમિત્તે આ વાત તમારા વાંચવામાં આવી હશે. ભારત પણ અન્નની બાબતે આત્મનિર્ભર છે. જે સમસ્યા છે એ ગરીબીની છે અને પુરવઠાની છે. એક તો લોકો સુધી અન્ન પહોંચતું નથી અને પહોંચે છે તો લોકો પાસે ખરીદવા માટે પૈસા નથી. મહાનતાની ગુલબાંગ હાંકવાનો કોઈ અર્થ નથી જ્યારે વાસ્તવિકતા લજાવનારી હોય.

(દિ.ભા.માંથી ટૂંકાવીને સાભાર) **– રમેશ ઓઝા**

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-01-2025 Regd. No. VDR-E/61/2021-23
R.N.I. No. 1683/57 SSP (E) Valid upto 31-12-23
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- અંકની છૂટક કીમત દસ રૂપિયા. આ અંકનાં પાનાં ૨૪

# ત્રણ પેઢી

**સા**વિત્રીતાઈ રસોઈ બનાવવામાં મશગૂલ હતાં. દરવાજાની બેલ એકધારી વાગી એટલે એ સમજી ગયાં કે, તોફાન મેલ જેવી વિશ્વા આવી હશે. એના સિવાય કોઈ આમ ઘોડે ચઢીને ન આવે. હાથ બગડેલા હતા એટલે એમણે રસોડામાંથી જ બૂમ પાડી, ''બારણું ખુલ્લું જ છે. આવી જા.'' દાખલ થયા ભેગી વિશ્વાની નજર ડાઈનીંગ ટેબલ પર મૂકેલાં વડાં પર ગઈ.

''વાહ આજી, તારાં વડાંની સુગંધ જ એટલી સરસ આવે કે...'' કહેતાં એ વડું લેવા જાય ત્યાં તો સાવિત્રી તાઈ બોલી ઊઠ્યાં, ''અરે, બહારથી આવી છે. પહેલાં હાથ તો ધો! કોણ જાણે ક્યારે મોટી થશે આ છોકરી?''

''શા માટે થાઉં મોટી? તારી પાસે મારે હંમેશા નાના જ રહેવું છે. આ ઘરમાં આવું ને મને લાગે કે, જાણે મારી મનગમતી દુનિયામાં આવી ગઈ છું.'' બોલતાં બોલતાં રસોડામાં જઈને એ વડાં તળી રહેલાં આજીને વળગી પડી. અને ફરિયાદ કરતાં બોલી,

''આજી, તને હું ભારે પડું છું? શા માટે મને મમ્મી પાસે મોકલી દીધી?''

સાવિત્રીતાઈ સમજી ગયાં કે, વળી પાછું મા-દીકરી વચ્ચે યુદ્ધ છેડાયું લાગે છે. વિશ્વાને બાથમાં લેતાં એ બોલ્યાં, ''અરે ગાંડી, હું તો તારી પાસે જ છું ને! ને હવે તું મોટી થઈ ગઈ. તારે તારી મમ્મીનો ટેકો બનવાનું છે. ચાલ, જરા મોઢું ધોઈને ફ્રેશ થઈ જા ત્યાં સુધીમાં આપણા બેઉની ચા બનાવું છું. ચાની તલપ લાગી છે ને?''

''આજી, તું મારા મનની વાત વગર કહ્યે પણ સમજી જાય છે ને મારી મમ્મીને કહું તો પણ સમજવા નથી માગતી. મને તો થાય છે કે, સામાન લઈને અહીં જ રહેવા આવી જાઉં.''

તાઈ ભૂતકાળમાં સરી પડ્યાં. એમની દીકરી શીલા પહેલેથી જ સ્વતંત્ર મિજાજની. પોતાના મનનું ધાર્યું જ કરવા જોઈએ. વળી એકનું એક સંતાન એટલે મા-બાપ પણ એની મરજી પાસે નમતું મૂકી દેતાં. કૉલેજમાં આવ્યા પછી વધુ છૂટો દોર મળી ગયો.

''આઈ, હું પિકનીક પર જવાની છું. અમે બહેનપણીઓ પાર્ટી કરવાનાં છીએ.'' આવાં જાતજાતનાં બહાનાં હેઠળ એની અને શ્રીકાંતની મુલાકાતો વધતી જતી હતી. માતા-પિતાએ એને શાંતિથી સમજાવેલી, ''બેટા, એ શ્રીમંતનો નબીરો છે. આપણે રહ્યાં સાધારણ લોકો. એનો ને આપણો મેળ ન મળે. તારી સાથે રમત રમીને તને છોડી દેશે તો ક્યાંયનાં નહીં રહીએ.''

શીલા ધરાર ન માની. બંને છુપાઈ છુપાઈને મળતાં રહ્યાં ને જ્યારે એ મુલાકાતોનું પરિણામ સામે આવ્યું ત્યારે શ્રીકાંત અમેરિકા જવા ઊપડી ગયો. ''આજી ક્યારની શું વિચારમાં પડી ગઈ?'' વિશ્વાએ પૂછ્યું ત્યારે સાવિત્રીતાઈ વર્તમાનમાં પાછાં ફર્યાં. ''હું વિચારતી હતી કે, વિશ્વાને આજના તાજા ખબર પૂછું. કોલેજથી સીધી અહીં આવી છે કે, કોલેજ ગઈ જ નથી?''

''આજી, હું તને બધી વાત કરવાની જ હતી પણ મને થયું, પહેલાં મમ્મીને વાત કરું ને એ જ તને વાત કરે એ વધુ યોગ્ય કહેવાય, પણ મમ્મીએ કોઈ દિવસ કોઈનું સાંભળ્યું છે તે મારું સાંભળે?''

વિશ્વાને એની સાથે ભણતો અભિનવ ગમી ગયો હતો. સારું, સંસ્કારી કુટુંબ, પણ એના પપ્પાનું અકસ્માતમાં અવસાન થવાને કારણે ભણવાનું મૂકીને એને ધંધો સંભાળવો પડ્યો હતો. શીલાને મોટો વાંધો એની સામાન્ય પરિસ્થિતિ સામે હતો.

''હું આટલું કમાઉં છું, તારા બધા મોજશોખ પૂરા કરું છું. એ તારે માટે શું કરી શકવાનો? તું જોજે તો ખરી, હું કેવો હીરા જેવો જમાઈ પસંદ કરું છું?'' એણે ગર્વથી દીકરીને કહ્યું હતું.

સાવિત્રીતાઈ ઊંડા વિચારમાં પડ્યાં. શીલાની આ જ મુશ્કેલી હતી. વિશ્વાને હંમેશા 'મેં તારે ખાતર કેટલું સહન કર્યું, મેં તને કેવી રાજકુંવરીની જેમ રાખી' આવું બધું સંભળાવીને યુવાન દીકરીના સ્વમાન પર ઘા કરે તો એ થોડી સાંભળી લે? એમણે શાંતિથી વિશ્વાને સમજાવતાં કહ્યું,

''તારે હજી જિંદગીમાં ઘણું આગળ વધવાનું બાકી છે. હજી તો તારી ઉંમર જ શું છે? છતાં તને અભિ ગમી ગયો હોય તો એનો વાંધો નથી પણ એણે પણ ધંધામાં સ્થિર થવાનું છે. લગ્ન એ કંઈ ઢીંગલા-ઢીંગલીના ખેલ નથી કે, ચાલો આજે પરણી જઈએ ને કાલે નહીં ફાવે તો છૂટાં થઈ જશું. લગ્ન કરવાં તો પૂરી જવાબદારી સમજીને કરવાં અને પછી નિભાવવાં.''

''એટલે આજી, તું પણ મમ્મીની માફક ના કહેવા માગે છે?''

''ના બેટા, મારે અભિને મળવું છે, એને ચકાસવો છે. એ તારે માટે યોગ્ય છે કે નહીં એ નક્કી કરવું છે. પછી હું જવાબ આપીશ. તને મારા પર ભરોસો છે ને?''

''મારી જાત કરતાં વધારે ભરોસો મને તારી પર છે, આજી.''

''બસ તો, હમણાં જ અભિને બોલાવ.'' અભિ પણ આજીની વાતમાં સંમત હતો. એને પણ સ્થિર થવા માટે સમય જોઈતો હતો. એની ઠરેલતા આજીને સ્પર્શી ગઈ.

''જુઓ છોકરાંઓ, તમે એકમેકને મળો, સમજો એની ના નથી, પણ તમારે આ ઘરમાં જ અને ફક્ત શનિ-રવિમાં જ મળવું. કબૂલ છે?'' બંનેએ રાજી થઈને આ વાત સ્વીકારી. આજીએ વિશ્વાને માથે હાથ પસવારતાં કહ્યું, ''બેટા, શાંતિથી તારી મમ્મી સાથે રહેજે. એણે જિંદગીમાં ઘણો માર સહન કર્યો છે એટલે એનામાં થોડી કડવાશ આવી ગઈ છે, પણ એ તારું જેટલું હિત ઇચ્છે છે એટલું બીજું કોઈ નહીં ઇચ્છે એ યાદ રાખજે.''

આજીએ નક્કી કર્યું કે, શીલાને તેઓ કહેશે કે, દીકરા, બહુ તાણવા જઈએ તો તૂટી જાય. ક્યારે ઢીલ મૂકવી ને ક્યારે દોરી ખેંચીને રાખવી એ તારે સમજવું પડશે. માતા બનવું સહેલું છે પણ માતૃત્વ નિભાવવું અઘરું છે.

એમને વિશ્વાસ હતો કે, શીલાને ગળે એમની વાત ઊતરશે અને સૌ સારાં વાનાં થશે. તેઓ હસતે મોઢે શીલાને ફોન જોડવા લાગ્યાં.

(કલ્પના ઘાણેકરની મરાઠી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org